# સુમન ગુચ્છ.

કર્તા

દોલતરામ કૃપારામ પંડયા.

નડીયાદ.

આવૃત્તિ બીજી.



સને ૧૯૧૮ સંવત્ ૧૯૭૪.

મૂલ્ય રૂ. ૦-૧૨-૦

પ્રસિદ્ધ કર્તા,
રણજિતલાલ હરિલાલ પંડ્યા, બી. એ. એલ. એલ. બી.
પારેખવાડી, ગિરગામ બેક રોડ, મુંબાઈ.
" મુંબઈ વૈભવ પ્રેસ "

૭૩૯૩

## સ્વ. દોલતરામ કૃપારામ પંડ્યા કૃત પુસ્તકો.

| | | | |
|---|---|---|---|
| ઈંદ્રજિત-વધ (મહાકાવ્ય) | આવૃત્તિ બીજી | ૧—૦—૦ |
| કુસુમાવલી (નવલ કથા) | આવૃત્તિ ત્રીજી | ૧—૮—૦ |
| સુમન ગુચ્છ (કાવ્ય) | આવૃત્તિ બીજી | ૦—૧૨—૦ |
| અમરસત્ર (નાટક) | | ૦—૧૨—૦ |

મળવાનું ઠેકાણું.

મેસર્સ. એન. એમ. ત્રિપાઠી એન્ડ કું. મુંબાઈ,
તથા પ્રસિદ્ધ બુકસેલરો.

The Law of Castes— by ayah H. Pandia
M. A. LL. B. Solicitor.

Printed by C. S. Deole, at the Bombay Vaibhav Press
Servants of India Societys Home Sandhurst Road,
Girgaon, Bombay.
Published by Ranjitlal Harilal Pandya, B. A. LL. B.
Parukh Wadi, Girgaum, Back Road, Bombay.

# અર્પણ પત્રિકા.

## હિંડી.

મીસ્તર વેર વિગતવેર સ્નેહ–સેર,
મીસીસ વેર મ્હેર–ન્હેર રૂડી પેર,
દૃષ્ટિપાતથી સરાવી ઘેર ઘેર,
કર્યાં ઝેર ફેર બદલ લીલા લ્હેર. ૧

છોડી વ્હેમ ધરી નેમ વેર્યાં હેમ,
નયનરહેમ હૃદયપ્રેમ સ્વકરક્ષેમ,
જાણે કુસુમ સુમતિ મમતી ગૂજરાતે,
નામ સ્મરણુ થાય યુગલનુ પ્રભાતે. ૨

મન નિરાશની ઉદાસ–વૃત્તિ કાપી,
કરી ખાસ ધરી પાસ આશ આપી,
ચિત્તચાહથી ઉત્સાહશક્તિ આપી,
ધર્મ્ય કર્મ દીધાં મર્મ મધ્ય સ્થાપી. ૩

નિરાધારના ઉદ્ધારમાં ખુમારી,
ધરી ગુર્જરીગિરાનુરાગ ધારી,
તેના રોજ ઓજ તેજ કાજ ભારી,
કરો સફલ યત્ન સ્વાર્થને વિસારી. ૪

ઘોછો ગુપ્તદાન દીન દુઃખ ટાળી,
બહુ ઉદારતાદિ ભવ્ય સુગુણશાળી,
કથનકાજ શબ્દશક્તિ પડી તુચ્છ,
સુમન ! સુમનથી સમર્પું “ સુમનગુચ્છ. ” ૫

DEDICATED TO

# Mrs. and Mr. Weir, I. C. S.

**not only**

FOR THEIR UNFAILING KINDNESS TO THE AUTHOR

**not only**

FOR THEIR DEEP SYMPATHY FOR THE POOR

**not only**

FOR THEIR GENUINE LOVE FOR GUJRAT

**but also for**

THEIR KEEN APPRECIATION OF THE GUJRATI LANGUAGE.

There is a fountain, to whose flowery side
  By diverse ways the children of the earth
Run day and night, athirst to measure forth
  Its pure sweet waters, health and wealth and pride,
Power clad in arms, and wisdom argus-eyed ;
  But One apart from all is seen to stand,
And take up in the hollow of his hand
  What to their golden vessels is denied,
Baffling their utmost reach. He born and nursed
  In the glad sound and freshness of the place,
Drinks momently its dews, and feels no thirst,
  And sorrows for that troop as it returns
Thro' the waste wilderness with empty arms.

*Tennyson.*

परिच्छिन्नस्वादोऽमृतगुडमधुक्षौद्रपयसाम्

कदाचिच्चाभ्यासाद्व्रजति ननु वैरस्यमधिकम् ॥

प्रियाबिम्बौष्ठे वा प्रतिदिवसमास्वादितेऽप्यनवधि-

र्नवानन्दः कोऽपि स्फुरति तु रसोऽसौ निरुपमः ॥

# અનુક્રમણિકા.

# સુમનગુચ્છ.

## નવોઢા.

### ગરબી.

( સખી ગ્રીષ્મ રંગ પલ્લવે નવીન શોભતો.—એ રાગ. )

વિધુલેખ ભાગ્યરેખ શી વધૂ વિકાસતી,
વધૂ વિકાસતી સદનને પ્રકાશતી. વિધુલેખ૦

### સાખી.

અણુવિંધ્યું મોતી ખરૂં તૈજસ પાણીદાર,
ગોળ પીન કોમળ અને ગોરૂં રોનકદાર;
હૃદયે ધરી ધરાય લેશ કંથ ના જરી,
હેમહિમ તુલ્ય વ્હાલી શીળી લાગતી. વિધુલેખ૦

### સાખી.

લાજાલુસમ લાજતી છાંટયું ગાલ ગુલાબ,
નયને પંકજરાજતાં હાસ્ય પુષ્પની છાબ;
સાસુ સસરાને પાય પ્રેમે લાગે રે,
ગોઠડલી નણદીસાથ કરે અનુરાગે રે.

### સાખી.

ધમક ધમક ફરતી બધે કરતી કામણકામ,
ધીમું મૃદુ થોડું વદે હસિતવદન અભિરામ;
લટકે કિશોર બાલિકા પદે પદે ખલે,
પ્રેમના તરંગ રંગિલી ઉછાળતી. વિધુલેખ૦

### સાખી.

કરમાં કંકણુ ખડખડે ઝાંઝર ઝમકે પાય,
મૃદુરવ કરતી અંગુઠી શ્રુણતાં મદ ઉભરાય;

ચળકે ચાંદલિયો ભાલ ટીલડી ટપકી છે,
હૈયામાં હીરા હાર નાકે નથની છે.

## સાખી.

કાને લળકે લોળિયું અંબોડે શિરફુલ,
સજ્જડ પ્હેરી કાંચળી બારીક અંગ દુકૂલ;
અલબેલી આડુબાડુ જોઈ જોઇ રાચતી,
વીજળી લળી લળી ઝળી ઝબૂકતી. વિદ્યુલેખ૦

## સાખી.

પૂછે નહિ પણ જોઈને શીખે ઘરની રીત,
તો પણ પતિમાં ધારતી પુનિત નિરંતર ચિત્ત;
સહુને કરવા સુપ્રસન્ન ચતુરા ચાહે છે;
પણ વરનો કરતાં પક્ષ સહુને વાહે છે.

## સાખી.

જેઠાણી સમજી જતાં કરે સાન મૃદુહાસ્ય,
ચતુરાઈ ચાલી નહિ તેથી નમતું આસ્ય;
મનમાં હસે મસે મસે રસે વિલાસિની,
ઢાવકું ધરી મુખાબ્જ કાર્યે સારતી. વિદ્યુલેખ૦

## સાખી.

ઝટ શૃંગારગૃહે જઇ કરવા ટુંકી રાત,
સત્વર કામ અટોપતી ટુંકી કરતી વાત;
કરી ચંચળતાનો ડોળ ડાહી કહેવાતી,
પેઠુ સ્મરભૂત અધીર પ્રકટ ધીરજ સા’તી.

## સાખી.

બાળ નિમિત્તે વૃદ્ધને દે નિદ્રાનો બોધ,
પોતે નિદ્રાનો કરે રસ રમતાં અવરોધ;
શિખવ્યું હશે સ્મરે પટુત્વ સ્હેજ કે હશે,
કાલ તો અલેતી દધની ભરી હતી. વિદ્યુલેખ૦

---

# અનુભવ રસકા.

## ઢીંડિ.

હૃદયનાથ સાથ બાથ તેં ભીંડાવી, તને શરમ કે દયા ન લેશ આવી,
સીઝર રોમદેશનો સમર્થ આવી, રહ્યો ગાલભૂમિ ચપટીમાં ચલાવી. ૧
તોડ્યા લાજદુર્ગ નેંણુનેઈસારે, મ્હારાં શસ્ત્ર સામાં શસ્ત્ર તીવ્ર મારે,
મ્હારી ચિબુક ઝાલી વદન જોઈ ક્રોડે, મારી બાંહ્ય, કરી હાસ્ય, એ મરોડે. ૨
મ્હારો હૃદયહાર તોડતો ત્વરાથી, મ્હારો હૃદયહાર થાય મત્ત હાથી,
જોઈ થાયછે પ્રસન્ન અંગદેશ, મ્હારી આંખમાં કરી રહ્યો પ્રવેશ. ૩
હસે ઓઠ મૂછ આંખ હિસે ગાલ, પડી પેટમાં, અલિ, અનેરીફાળ,
બની રાંકડી વદાય ના વિશેષ, મ્હારો રૂદનહાસ્યયુક્ત દીન વેશ. ૪
સ્હડ્યો કંપ જાણું અંગ સ્હડી ટાડ, લાગ્યું વ્હાલું તોય રમણુ કેરૂ લાડ,
હું તો હારી હારી હારી લાખ વાર, મળે હારવામાં સુખડું અપાર. ૫
"થતાં હાર હર્ષ થાય" એવું કાને, શ્રુણ્યું તેં કદિ, ન આવ્યું મને શાણે,
સુમનહારથી વિહારમાં હું હારૂં, મ્હોટું ભાગ્ય એથી અન્ય કયું મ્હારૂં ! ૬
મ્હારા જન્મથી તું પ્રાણ જેવી પ્યારી, વળી માત તાત ભ્રાત બ્હેન મા'રી,
જીર્ણ ઢીંગલાં સમાન સર્વ છોડી, આપી સર્વ, ચિત્તવૃત્તિ એમાં જોડી. ૭
અંધકારમાં તમે મને ઉછેરી, કરી વાત સ્વાર્થથી ન જ્ઞાનકેરી,
મળ્યો સૂર્ય થયું ચિત્તમાં પ્રભાત, એક રાતમાં હું સર્વ ભણી વાત. ૮
મ્હારા દેહનો પ્રભાવ મેં પ્રમાણ્યો, કુસુમ તેલ ને દુકૂલ ગુણ જાણ્યો,
જાણી પ્રણુય પ્રણવમંત્ર નાથપાસે, મહા મૂલ્ય થયું મ્હારૂં ભ્રુવિલાસે. ૯
કંથ કૃષ્ણ રાધિકા બની હું એની, દિવસ રાત એની સાથ રહીશ બ્હેની,
નથી આજથી તમારી લેવાદેવા, દિવસ રાત હું કરીશ એની સેવા. ૧૦
કદી ચૌદ વર્ષમાં ન હર્ષ લીધો, સફળ જન્મ એક રાતમાંજ કીધો,
સુધાપાન ધ્યાન ખાનમાન માણ્યાં, હૃદયગાન મદનતાનને પ્રમાણ્યાં. ૧૧
જેણુ આમ કીધ ન્યાલ બાળબાળા, તેને પજવવા ભણાવતી તું ચાળા,
જતાં શિક્ષણો રહ્યાં બધાંય હારી, "यः पलायति स जीवति" વિચારી. ૧૨
ગાંડું શીખવી બનાવી કેમ વી'લી, ત્હારાં વિતક કેમ વિસરી રસીલી,
કદી રીસાત નાથ થાત કેવું પાપ, તને પલક પલક બ્હેંન દેત શાપ. ૧૩
સખિ નાથતુલ્યનાથ એમ માન, સપ્ત લોકમાં મળે ન ઉપમાન,
ન વૈકુંઠ કે કૈલાસમાં જણાય, જેવાં હર્ષઝરણ અત્ર ઉભરાય. ૧૪
મ્હને સ્હાય તેમ એ કરે વિલાસી, વગર મૂલ્યની કહ્યાગરી હું દાસી,
મ્હારે કોઈનું, કશાનું નથી કામ, નિત્ય રંગમાં રમીશું કંથ ભામ. ૧૫

---

# સપત્નિભાવ.

( રણછોડ રૂપાલા એ રાગ. )

૧

વ્યભિચારિણી વીણા તું મુજ શોકનુસાલ,
સ્વરજાળથી ભુંડી ફસવ્યો તેં મ્હારો મરાલ. ૧
ધન પીન નિત એ નાથનો અંક દબાવ્યો,
ખભે મસ્તક મુંકી રાગીનો રાગ જગાવ્યો. ૨
થઈ સ્ખલિતદુકૂલા નકટી થઈ તજી લજ્જા.
અંગે રંગ જમાવી બની રહી વાસકસજ્જા. ૩
પતિ કર્ણ દબાવે તાર કરે તવ તંગ,
ત્હારા તંત્રથી ઘેર્યો મ્હારા હૃદયનો કુરંગ. ૪
નખ પાત થતાં તું મંજુલ મૃદુ રવ માંડે,
પરવશ થઈ મ્હારો નાથ ગ્રહે કટિ કાંડે. ૫
અંગ ધૂનન કરતાં કામનું કીર્તન ગાય,
કર ચપલ ચલાવે શ્રોણીતટે મુસકાય. ૬
મધ્યરાત્રીએ ત્હારા તાનવિશે ગુલતાન,
સુલતાના કર્યો તેં પરવશ મુજ સુલતાન. ૭
અંગ સ્વચ્છ કરીને પ્હેરાવે છે પરિધાન,
સેવ્ય સેવક બનીને દે છે ધુતારીને માન. ૮
છાતી સરસીને સરસી રાખે છે સાંજ સવાર,
ખાતાં પીતાં એ ત્હારૂં સ્મરણ કરે નિરધાર. ૯
નિજ જીવથી અધિકી માને ત્હારી જડ કાય,
ગુણહીનાના ગુણમાં ગુણિયલ કંથ ગુંચાય. ૧૦
ઈર્ષ્યાને અજંપો બાળાના હૃદય ભરીને,
રસ લુટી લુટાવે અમ સંગ ચરસ કરીને. ૧૧
નિત્ય નિત્ય કરાવે નાહક તું કલ્પાન્ત.
કરી જારી વિજારી પંજર પુર્યો છે કાન્ત. ૧૨
અબળાનો બળાપો મનમાં ધરે ન લગારે.
હૃદ ઝરણ સુકાવી નયન ઝરણ મુજ સારે. ૧૩
અલિ ઢેલ કઢંગી નચવે પતિ જ્યમ મોર,
તને હૃદય નથી કે છે તો તે છેક કઠોર. ૧૪

ત્હારૂ ક્યારે બગાડ્યું કે ઘર મુજ વણસાડ્યું,
ક્યા ભવનું તે ભુંડી વેર મ્હારાપર કહાડ્યું. ૧૫

૨

રજે રજ હું તો જાણું ત્હારાં કપટછળ ફંદ,
નાની બાળકહાવે છું નહી નાર સ્વચ્છંદ. ૧

ત્હારા કુળને હું જાણું જાણું વળી ઢંગ ઢાળ,
કર્ણદ્વારથી પેસી ચિત્ત ચોરે તતકાળ. ૨

કંકાસ કરાવી ઘર ઘર જોવાને તાલ,
સ્ત્રીનાં હૃદય પ્રજાળી વેર લેવા વિકરાળ, ૩

સંઘર્યો નહી કેણે રાખ્યો બધીએ કુંવારો,
નારદીએ બનાવી તેથી ધરી શોકભારો. ૪

મારી વેરણ થઇ છે આવવા દે ને વસંત,
થઇ કિન્નરકંઠી કોકિલા રીઝવીશ કંત. ૫

ચંપકની લતાથી ગાંઠીશ નાથનું અંગ,
યૌવન ગુરૂ તનના દેખાડશે બહુ રંગ. ૬

પાઇ અમૃત મીઠાં હાથમાં આપીશ કુંજ,
હવે કરવી છે તુજને મ્હાત રમી શતરંજ. ૭

ત્હારા તારને તોડું ત્યારે નવોઢા નામ,
ખુંટીએ લટકાવું બાંધીને નાર હરામ. ૮

દીઠે ડોળે રમે છે મ્હારા રમણ સંગ જારી,
રહેશે મ્હારો તે મ્હારો ત્હારી થવાની ખુવારી. ૯

આકાશની ત્હારે માત્ર કજાત સહાય,
મ્હારી ઓથમાં રહે છે કામ ત્રિભુવનરાય. ૧૦

એના બળથી જોતામાં રાધિકા શ્રીવ્રજચંદ્ર,
એની સ્હાયથી ઉમયા નચવે છે ભવ સુખકંદ. ૧૧

એનો આશ્રય મ્હારે કહાડું તને ઘરબાર,
ત્હારૂં નામ ભુલાવું ત્યારે હું સગુણી નાર. ૧૨

રતિયજ્ઞ કરીને સ્વાહા કરૂં સ્વર ત્હારા,
ત્હારૂં સ્નાન કરાવું રેલાવીને રસધારા. ૧૩

કામમંત્ર ભણાવી તંત્રીના તંત્ર ઉડાવું,
તુજ જડતા જણાવી નામ નિશાન ભુસાવું. ૧૪

સતી નારની શક્તિ જાણુ ન કુલટા નાર,
મ્હારી સ્વામીની ભક્તિ એજ મ્હારૂં હથિયાર. ૧૫.

---

## વિશ્રંભકથન.

(ગુરૂ ગોવિંદના મહિનાનો રાગ.)

સખિ કારતક મહિને કંત ખંત ધરીનેરે
મને શીખવે રંગઅનંત અંક ભરીનેરે ૧
સખિ શીખવે મધુરા રાગ "સારીગમપધની" રે
દિક્ષા દેછે મહાભાગ તાલવૃત રસનીરે ૨
કંઇ નૃત્ય મનોહર ખેલ મુજસંગ કરતારે
ચુકું તો ચોંકી છેલ મૃદુ મૃદુ હસતારે ૩
પણ અભિનય કેરી રીત મુજથી ભણતારે
મુજ કટાક્ષનું ચાતુર્ય જોઇ મને રીઝતારે ૪
પતિ નર્મ વચનના મર્મ સમજી જાતારે
દઉં પ્રણયકલહથી શર્મ ચિબુક તવ રહાતારે. ૫

### સાખી.

અમલતન જુવે છે, નેંણ તૃપ્તિ કરે છે
ગગન ન ગણકારે, વિજળીને વિસારે
હૃદય કર ધરે છે, ગુલછડીને ત્યજે છે
સજલ નયન જોતા, પદ્મની ભ્રાન્તિ ખોતા

સખિ માર્ગશીર્ષમાં માર્ગ સુખનો લેતારે
લાડકડીને લઇ અંક મીઠું મીઠું કહેતારે ૧
સખિ ચાળા પાડી નાથ અડપલાં કરતારે
કહાડીને કંઇ કંઇ મીશ વસન ખેસવતારે ૨
સખિ ઉચ્ચ કરીને મુખ ટગમગ જોતારે
જ્યમ જોઈ ચંદ્ર કુમુદ ત્યમ પ્રભુ રહોતારે ૩
ફેરવતા બરડે હાથ પકડતા વેંણીરે
ચાબડતા કંઇ કંઇ અંગ હસે કહી કહેંણીરે ૪
કાંડાનું કરથી માપ લેઇ હરખાતારે
મને પુષ્ટ બનેલી જોઈ બને પતિ માતારે ૫

## સાખી.

ગુપત ચુંટી ખણે છે, ગુહ્ય કાને કહે છે,
નયનરજ લુછેછે, પુષ્પ નાકે ધરે છે,
ઉભય કરશું ભીંડી, પાનની દેઇ બીડી,
પકડી વસનછેડો, નાથ મુકે ન કેડો.

સખિ પોષે પિયુનો પ્રેમ મસ ઉભરાયરે
તજી રાત દિવસનો નેમ સ્હોડે સ્હાયરે ૧
મને હુંફ ધરે દિનરાત અત્તર ચોળેરે
હુંફાળા રતિરસમધ્ય મને ઝબકોળેરે ૨
સખિ તા'ડતણા શા ભાર રમણ જવ જોડેરે
ભોગવિયે શિશિર સદાય એ જણુ કોડેરે ૩
સખિ લાંબી રજની થાય લાગે પ્યારીરે
પેલો સૂર્ય અદેખો રાય જાયે હારીરે ૪
ક્ષણ શાને ઉગે છે ભાનુ ગણે નહિ કોયરે
રહે રજની આઠે જામ ધરાઉં ન તોયરે. ૫

## સાખી.

"રમ રમ" રવ કહેતી, દૂતિનું કાર્ય લેતી,
રજની મદન વ્હેતી, મોહનો મંત્ર કહેતી
ઉભય કર રસાલા, નાથની કંઠમાળા
કરતી, તનલતાથી, આંતરૂં નાથ હાથી.

સખિ માઘ ખરેખર વાઘ સર્વેનો રાજારે
ચ્હડ્યો સેનાસાથ વસંત મુકે રતિ માઝારે ૧
પતિ પારાવતનાં કર્મ ક્ષણેક્ષણ કરતારે
મ્હારાં કોમળ ગાલ કપોલ તારલે ભરતારે ૨
મ્હારા સુપુષ્પના કંદુક દાબી નાંખેરે
લજવે મુજ બાળ પ્રવાળ પ્રવાળની ડાંખેરે ૩
મ્હારી ચંપકવરણી વેલ અંગ ચ્હડાવેરે
સુખસૂર્ય વદનનાં નેત્ર-કમળ મીંચાવેરે ૪
રસભર કદલીનાં નાથ પટ ઉઘાડેરે
મુજ ચોળે પોયણુપાન પ્રીતમ શાડેરે ૫

દ્રય લાજાલુનો સ્પર્શ કરી દે મૂર્છારે
પુંગરાવે છે નિપગંધ રમણ વણપૂછ્યારે.

## સાખી.

ગમત થતી વસંતે, રોળતી રંગ ખંતે
શરમ શ્રમ ન ધારૂં, કંથથી હું ન હારૂં
ભય, શક, રીસ, છાંડું, ચોટથી મીટ માંડું,
પ્રણયની પીચકારી, છાતીમાં મારૂં ભારી.

આવ્યો ફાગણમહિને ફાળ સખિ જોબનનેરે,
ચખપંજરમાં ચિરકાળ પુરૂં પ્રીતમનેરે. ૧
ક્ષણ પુઠે ભમાતું લાલ ન દેઉં અડકવારે,
પણ વક્ર નયન કરી લેશ ન દેઉં ફ્રગવારે. ૨
વળી નચવી બાળ મરાળ મોતી ધરતીરે.
પછી વિસ્તારી વપુજાળ તનમન હરતીરે. ૩
મદમત્ત કરીનું માન મુકાવી હસતીરે,
અબળાના બળનું ભાન કરાવું સુદતીરે. ૪
જવ હૃદયનું કરતા ગાન છેલછબીલારે,
પુરે હૃદયવીણા મુજ સુર થાય લય શીળારે. ૫

## સાખી.

મધુર મધુર હોરી, ગાઇને ચિત્ત ચોરી,
સુદૃઢ પ્રણય દોરી હું કરૂં છું ચકોરી
અવર રમણીપાખે, નાથ ક્ષણએ ન દાખે,
હૃદય કુમળુ રાખે, કુમળાં વેણુ ભાખે.

સખિ ચૈત્ર અનુત્તમ માસ વ્હાલો લાગેરે,
મુજ સેવા કરતા નાથ અતિશ અનુરાગેરે. ૧
સખિ વાસર વાસ સમેત ક્ષપા રઢીઆળીરે,
તનમાલિક મટીને થાય રસિકવર માળીરે ૨
સખિ હેમરત્ન કે રૌપ્ય કહિણુ મન આવેરે,
મૃદુ પુષ્પતણા શૃંગાર ગુંથી પ્હેરાવેરે. ૩
કરે શિરીષનાં ગુલેર કમળનું ફુમતુંરે,
વળી કંઠે ચંપકહાર ગુલાબનું ચકતુંરે. ૪

ગુંથે બોરસળીનું વસ્ત્ર ડોલરનો કમખોરે,
જાવલનો ગજરો હાથ બંગડી સરખોરે. ૫
નૂપુર પ્હેરાવા નાથ શાયલી ગાંઠેરે,
ઉપવનમાં ઉપવન ધરી મને નહિ ગાંઠેરે. ૬

## સાખી.

પુલગુંથી બહુ પ્યારે, પુલ ચુંટે કરારે,
ફળક જઈ નિહાળે, પુલતો ફાળ મારે,
પુલક શરીર થાતો, પાતળિયો હિસાતો;
અદ્વિતીયપણું પામે પૂર્ણ આનંદ જામે.

સખિ વૈશાખે નર્થો તાપ કનડતો અમને રે,
સમજાવું ક્હે શી પેર જુગતી તમનેરે. ૧
વિરણની ટટ્ટી હોય વિરણના વિંજણારે,
ચંદનચાર્ચીત નિજ કાય કપૂરમાં ન મણારે. ૨
સખિ અનાર શરબત મીષ્ટ બરફથી તા'ડુંરે,
જળ છાંટી ગુલાબનું અંગ તાપને ફ્હાડુંરે. ૩
સખિ સજી સજાવી ગળે રૂડી પુલ માળારે,
હિંડોળે હિંચવું કંથ ન્હાની બાળારે. ૪
જળમાં ને રસમાં રોજ તરાવી તરતીરે,
સખિ વરનો રાતે સ્પર્શ કરી હું ઠરતીરે. ૫

## સાખી.

ત્રિવિધિ પવન વાય, નાથ આશ્લેશ થાય,
શિશિર સિત અગાશી, ત્યાં રમીએ વિલાસી;
મધુર મધુર બોલી, દીલની વાત ખોલી,
સ્મરની કરી ઉજાણી, રાત જાતાં ન જાણી.

સખિ જેઠે રસિકડો કંથ બહુ સાચવતોરે,
સુની મુકે નહિ પળવાર સજોડે ફરતોરે. ૧
શિરછત્ર છતાં શિરતાજ છત્રી ધરતોરે,
મને સાથે રાખી રોજ ભોજન કરતોરે, ૨
કરે પ્રીતસરિત રસદાર મ્હારી છાતીરે,
નંદીને પ્રાણાધાર કરે મદમાતીરે. ૩

સખિ નયનસૂર્યના તાપ ધીક જવ તનનેરે.
તવ સ્નેહતણા કરી પાત શમાવે મનનેરે. ૪
સખિ સાહીને મારી બાંહ્ય ધન બતલાવેરે,
ઇસારે ચ્હીડવે નાથ, મને બહુ ભાવેરે. ૫

## સાખી.

તરલ ધન બતાવી, આંખ કીકી હલાવી,
સુસમય સૂચવીને, અંગને ચાલવીને;
મૃદુ વદન વિકાસી, દાબતો ઓઠ પ્યાસી,
પરવશ કરી પ્યારી, લૂટતો સ્નેહવારી.

સખિ અષાડમાં વર્ષાદ વિષાદ હરેછે રે,
ધરતીપર રાજા મેઘ વૃષ્ટિ કરેછેરે. ૧
સ્વર સિંહગર્જના થાય વિજળી ચમકેરે,
વિણુઅંકુશ રાધા કૃષ્ણ રમીએ ઠમકેરે. ૨

જોઈ શ્યામ અભ્રની છાંય ચોકમાં ફરીએરે,
વળી અભ્રસમાં થઇ મસ્ત તન આથડીએરે, ૩
સખિ ઝીણાં સજીને વસ્ત્ર વૃષ્ટિમાં ભમીએરે,
કંઈ રીતે વાળી વાન વ્હાલાં થઇએરે. ૪

આવે લટકાકરતો નાથ હું પણ પાકીરે,
પંજરમાં પાડી નાથ છકથી છાકીરે. ૫

## સાખી.

થરથર તન કાંપે, નાથને સાહુ ચાંપે,
ચકલ વકલ આંખો કામની વેગી પાંખો,
ધડક ધડક છાતી, ભેટવાને મુઝાતી,
નરમ રમણ પ્યારે, માન મ્હારાં વધારે.

સખિ શ્રાવણ મહિને શ્રાવ સુખનો થાતોરે;
રસભીનો નવલો નાવ બને મદમાતોરે. ૧
સખિ સુપુષ્પના હિંડોર દોર પણ ફુલનારે,
મુજ સુખની, લક્ષ્મી તોય, કરે નહિ તુલનારે. ૨
સખિ શય્યા ચમેલીયુક્ત જાઇના પડદારે,
પારિજાતકની ઝૂલ ઉસીકાં ઉમદારે. ૩

સખિ સર્વે સુખનું સત્ત્વ પતિ પણ પાસેરે,
મન માન્યું ઘેલી નાર રમું ઉલ્લાસેરે. ૪

## સાખી.

બહુ રમું શતરંજે, કંતને મારૂં કંજે,
સરસ કુસુમ હારે, નાથને નાથું પ્યારે;
વશ કરૂં બલી હાથી, શોકટાં ગંજીફાથી,
મસમસભુરકું છું, ધાર્યું મ્હારૂં કરૂં છું.

સખિ ભાદ્રપદે મુજ ભદ્ર થયું શું કહીએરે,
અંતર અંતરનો નાથ રહ્યાથી સોહીએરે. ૧
સખિ મહી અને તુજ સહી ધરે દોહદનેરે,
મ્હડતો હરિયાળો રંગ ઉભયને વદનેરે. ૨
સખિ અભિરૂચી બહુ થાય લજાઇએ કહેતાંરે,
મુખ પટથી ઢાંકી અમે સત્ત્વ નિજ વ્હેતાંરે. ૩
સખિ તિર્યક દૃષ્ટિ કરી જુવે પતિ હસતારે,
છણુકાથી છેટા કરૂં નથી પણ ખસતારે. ૪
મુખ ઠાવકુ રાખી નાથ નફ્ટ થઇ પુછેરે,
નહિ લાજ પુરૂષને હોય વાંક નહિ સુઝેરે. ૫

## સાખી.

હરખ ઉર ન માય, આંસુડાં આવી જાય,
જનની થઇશિ ક્યારે, જંખના એજ મ્હારે;
દઉં હૃદય વિકાસી, ભાદ્રપદને હું આશિઃ
"અબજ શરદ રાજો, પૂર્ણ કલ્યાણ થાજો."

સખિ આસો મહિને આશ નિર્મલ થાતીરે,
ચંદ્રા વૃન્દા તુજ બ્હેન બને મદમાતીરે. ૧
પતિ રાખે ખુશીમાં રોજ કહું તે રહેતારે,
કરે મનગમતું મહારાજ નથી "ખશ" કહેતારે. ૨
સખિ ફેરવતા તન હાથ સુધાસમ લાગેરે,
ગાઇ રસીલાં રમુજી ગીત સુવાડી જાગેરે. ૩
સરખાવે ચંદ્રા સાથ અમૃત પાઇરે
વ્હાલા મીઠી કરતા વાત મળેછે ધાઇરે. ૪

સખિ મ્હારા તે જેવા નાથ બીજીને ન હશે રે,
ગુણ શક્તિ રૂપને જ્ઞાન સ્નેહથી વિલસેરે. ૫

---

## વાક્બાણ.

( કાના કપટ કરીને રે કદમપર કેમ ચ્હડયા—એ રાગ. )

### ગરબી.

#### મુગ્ધાવચન.

ઠગ કપટી લૂટારારે ધૂતારા છો પ્રાણપતિ,
સુશિલા ભલી બાલારે સતાવોછો કેમ અતિ !
કાલા શાને બનોછોરે જાદુગર છો મમતી,
દેખાડીને ઉજળું રે મ્હારી હરી છે સુમતી. ૧

લટકંતી શું ચાલેરે ચલિત મનવૃત્તિ કરો !
ગજમદ વરસાવીરે નયન મુજ ચૂર્ણ કરો;
થનથન નાચોછોરે હૃદયપટપર રસિયા,
હાંસીલા હંસારે ક્ષણ દૂર ના ખસિયા. ૨

ભોળીને ભમાવોરે મીઠી મીઠી વેણ વદી,
મારો રઘુશર જેવાંરે નયનશર કારી કદી;
મીનકેતુની જાળેરે ફસાવો ચપલ મીનડી,
હાડ હસતાં ભાગોછોરે સુધાવિષમય જીભડી. ૩

ઘરબાગમાં ઉગીરે મૃદુ નવ પુષ્પકળી,
જનસ્પર્શથી અળગીરે સહોદર સાથ મળી;
તેને ચૂંટીને લૂટીરે છૂટી કરી માત થકી,
પરકન્યા હરીનેરે ગયા કયમ આમ છકી. ૪

મ્હારી લાજ લૂટોછોરે અડપલાં અધીર કરી,
ચેટક કૌતકથીરે હરો શુદ્ધ બુદ્ધિ નરી;
મલકાવી મુખલડુંરે રહો હિમ્મત હરવી,
મારૂં સર્વ લૂટીનેરે પરાધીન છે કરવી. ૫

યૌવનમધુ મ્હારૂંરે ધૂતો અલિની કળથી,
પરિરંભ કરોછોરે હઠે છબીલા બળથી;

હોષકોષ ઉડાવોરે જરી નહિ રોષ ગણો,
મારા ટેક પડાવીરે પછી સ્તુતિપાઠ ભણો. ૬

ના'નકડી નચાવોરે મચાવોછો કલહ અતિ,
કૃતિ વામ કરીનેરે રતિ કરો ધૂર્ત પતિ;
આંખલડી ભરીનેરે વદન કયમ વીલું કરો,
આવા કપટી ન દીઠારે; લૂટી વટ શા'ની ધરો. ૭

### રસિક વચન.

ત્હારા ચાળા હું જાણું રે જાણું ત્હારી ગોઠડલી,
ન્હાની તોય કટારીરે ચમકતી શું વીજલડી;
તને જોઈ આંખલડીરે ભરાઈ જતી જળથી,
વણ સ્પર્શતાં મ્હારૂં રે બળે વપુ નખશિખથી. ૮

છમછમ છમકીનેરે છબીલી તું છેતરતી,
મ્હારૂં ચિત્ત ચોરીનેરે પ્રણય રસમાં તરતી;
કળિની કળી શૂળીરે જાણી મૂળી વિમળા,
ત્હારી ચોર કળાથીરે બની રહી તું સફળા. ૯

કોકિલાનો ચોર્યો રે કરી વત સ્વર મધુરો,
રૂપ રાગ ચોર્યાં તેં રે તેથી નબળા મયૂરો;
મુખે કંજ બતાવીરે ભ્રમરની કટિ હરી છે,
મૃગનાં દૃગ લીધાંરે મદે ભ્રૂકુટિ ભરી છે. ૧૦

ચોરી ચારૂતા ચંદનીરે કમળની હરી રસતા,
લાવણ્યતા જોઈરે મદન રગરગ વસતા;
નાગણની ફણાનેરે ત્યજી ભય શીષ ધરી,
એની વક્રતા લીધીરે હલાહલ ચિત્ત ભરી. ૧૧

વક્ષસ્થળ મધ્યેરે ચોરી ગજકુંભ ભર્યાં,
ગતિ હંસની ચોરીરે કપોતના કંઠ હર્યાં,
ભૂંડી સારસડી છેરે વિખુટી પડે ન જરી,
તુજ આંખમાં કાગડીરે રહી અસૂયાને ભરી. ૧૨

મ્હારૂં તન મન ચોરીરે પરાધીન પ્રાણ કર્યો,
વણ મૂલ્યે ખરીદ્યોરે રૂવે રૂવે મોહ ભર્યો;

મને ભૂરકી નાંખ્યોરે વશીકરણ ફસંવ્યો,
દિગમૂઢ બનાવ્યોરે હાલુંછું ત્હારો હલવ્યો. ૧૩

મૃદુતા બતલાવીરે કઠણ ધરે છાતલડી,
શીળાં ગાત્ર બતાવીરે દહે મારી જાતલડી;
હસતાં રમતાં તુ રે રીસાઇને રંજ કરે,
ત્હારા વમળ ન જાણુંરે વામાકૃતિ વામ ખરે. ૧૪

લાડલીને લાડીલોરે સામાસામી વાદ કરે,
ચોર ધૂર્ત્ત કહીનેરે પરસ્પર અંક ભરે;
શ્યામ વામ બનેછેરે ગોરી પણ ચોરી કરે,
સરખે સરખી છેરે રસીલાંની જોડ ખરે. ૧૫

---

## અધૈર્યખંડિતા.

( જમના જળ ભરવું મ્હારે ઓ કુંવર કન્હેયારે—એ રાગ. )

તમે આઘા રહો ગુણવાન, નથી હું તો બાળારે,
સહુ સમજી તમારી સાન, થશો નહિ કાલારે; ૧

રાખો નેણમાં નેણકટાર, નથી હું તો બાળારે,
મીઠા બોલના જાણુંછું સાર, થશો નહિ કાલારે; ૨

રાખો મનમાં જરા પણ લાજ, નથી હું તો બાળારે,
હું તો જુઠથી આવી છું વાજ, થશો નહિ કાલારે; ૩

મુકી જાવાના છો દૂર, નથી હું તો બાળારે,
શાને આંખે ચ્હડાવો પૂર, થશો નહિ કાલારે; ૪

### સાખી.

ધડકાવો વિણ કારણે નિર્દય હૃદય કઠોર,
ફડકાવો અબળા પ્રિયા ચોર ચતુર ચકોર;

ચોરો હૈડાની સાથે પ્રાણ, છાની રહે શાણીરે,
મ્હારી રત્નતણી તું ખાણ, હૃદયની રાણીરે; ૧

મ્હારા જીવનું ધર તુજ જાત, છાની રહે શાણીરે,
પડી આંખમાં ત્હારી ભાત, હૃદયની રાણીરે. ૨

મને લાગી બહુ જંજાળ, છાની રહે શાણીરે,
જાતો ર્‌હેશે વિયોગનો કાળ, હૃદયની રાણીરે. ૩

## સાખી.

કાલે મળશું આપણે સરખેસરખી જોડ,
અંક ભરીને બેસશું પુરશું મનના કોડ;

ક્ષણ તુજવિણ ના રહેવાય, ભમાવો શું ભોળીરે,
મને તાલાવેલી થાય, લાગી હૈડે હોળીરે; ૧
શાને ખોટા ભજવો વેશ, ભમાવો શું ભોળીરે,
મુકી જાવાના સઘ વિદેશ, લાગી હૈડે હોળીરે; ૨
ભલે આજ પધારો રાજ, ભમાવો શું ભોળીરે,
ભલે વિસરો મ્હારી દાજ લાગી હૈડે હોળીરે; ૩
ત્હારા પગથી વેગી વધુ પ્રાણ, ભમાવો શું ભોળીરે,
વ્હેલું કહાડજો જઇને વ્હાણ લાગી હૈડે હોળીરે. ૪

## સાખી.

વર જાશે ઘરથી યદા શિવ થાશે મુજ જીવ,
વળતી રહેશો એકલા પડશે દુઃખ અતીવ;

જશે ડા'પણ ડુલી સર્વ, ધીરી થા પ્યારીરે;
જાઓ આજ રૂડુ છે પર્વ, પ્યારીને મારીરે, ૧
નહિ જાઉં અલેતી નાર, ધીરી થા પ્યારીરે;
મુજકાજ ન રહેશો લગાર, પ્યારીને મારીરે, ૨
રહું સાચવવા મુજ પ્રાણ, ધીરી થા પ્યારીરે;
કહાડયું જાવાનું કહી શું વ્હાણ, પ્યારીને મારીરે, ૩
અણસમજુ હઠીલી રીસાળ, ધીરી થા પ્યારીરે;
શાને પરણ્યા ઝાલી મશાલ, પ્યારીને મારીરે. ૪

## સાખી.

વ્હેછે જળમય આંખડી શોક હર્ષનાં પૂર;
વરને ભીડી બાથમાં દીન બનાવ્યો શૂર.

જીતી માનિની હાર્યો કંથ, શ્યામા બહુ વામારે,
અબળાના માયાવી પંથ, રાજે છે રામારે; ૧
એનું જીભ ને નયનમાં જોર શ્યામા બહુ વામારે,
એનો જાળ શો પ્રેમનો દોર, રાજેછે રામારે; ૨

વિષ્ણુ હૃદયે રાજે શ્રીનાર, શ્યામા બહુ વામારે,
ઉમા શિવને નચવે સદાય, રાજેછે રામારે, ૩
શક્તિ ત્રિભુવનનો આધાર, શ્યામા બહુ વામારે,
એનો પામે ત્રિમૂર્ત્તિ ન પાર, રાજેછે રામારે. ૪

---

# ચંડી.

## સ્વાગતા.

પ્રેયસી રસિકડી મતબાલી, પ્રેમાર્સિંચન થતાં મસ ફાલી;
વાળતાં વળતી પોયણુ ગોરી, રાખતી રમણુ સાથ કિશોરી. ૧
પાડતી વરસમાગમ હેવા, ચાખતી સતત ઉત્તમ મેવા;
આવતો રમણુ જોઈ અસુરો, ક્રોધ વહ્નિ બળતો તન પૂરો. ૨
વ્યાલ શો અધર ઓષ્ટ પ્રવાલ, સૂર્ય શું જ્વલિત ભાલ વિશાલ;
આંખડી અનલ ક્રૂર ઝરેછે વક્ત્રથી પ્રલયવાત વહે છે. ૩
ઉછળે હૃદય નાવ પ્રમાણે, જ્વાલથી હલમલે ગિરિ જાણે;
વક્ર ભ્રૂ ઉભય અંતક ચાપ, નાગણી ડસડસી રહી આપ. ૪
"શું કરૂં કયમ કરૂં" મન ધારી, પીસતી અધર, દાંત પસારી;
અંગથી ફરકતી મછરેલી, ઉગ્રતા મસ ધરે અલબેલી. ૫
હાથથી રમણુ દૂર ખસેડે, તેમ તેલ ઉદરે બહુ રેડે;
પ્રાણુનાથ દહવા પડી મંડી, ચંદ્રિકા શિળી બની ગઇ ચંડી. ૬
વામ કામ દહવા ઉધડેલી, શંભુનેત્રસમ શી વકરેલી;
કોપ તોપ ચલવે સ્મરવેલી વેરને વર ગણે વરઘેલી. ૭
મેઘ ઘટ્ટન થતાં ક્ષયકાળે, અગ્નિશકિત ચપળા જ્યમ ચાલે;
પ્રાણઘાતક સ્ફુલિંગ ઉછાળે, ઓપતી ત્યમ ઉભો પતિ બાળે. ૮
ક્રોધ કારણુ જરા નથી કહેતી, ધૈર્ય ધારણુ કરે ન અલેતી.
માનભંગ નહિ માનિની સ્હેતી, ચંદ્રના ન કુમુદા કર સ્હેતી. ૯
રોમ રોમ શરરૂપ બન્યું છે, ભવ્યરૂપ ભવથી ઉપન્યું છે;
ભદ્રરૂપ થઈ આજ કરાળી, દીન શંકર પ્રતિ જ્યમ કાલી. ૧૦
કાન્તનાં વચન વંચક માને, અટ્ટહાસ્ય કરતી અવમાને;
આકરા શપથ ના ગણકારે, વ્યાકુલા પ્રણિપતી ન સ્વીકારે. ૧૧

લાવતો નયનમાં જવ વારી, હસ્ત સંપુટ કરે વર હારી,
આર્દ્રતા હૃદયમાં તવ વાધે, રાધિકા નયનમાં જળ સાધે. ૧૨

અશ્રુબિંદુ મુખચન્દ્ર ધરે છે, પદ્મપત્ર પર મોતી સરેછે;
હંસનાં યુગલ જેમ ચરે છે, તેમ ક્રોધસ્થળ પ્રેમ ધરે છે. ૧૩

નાથ અંસપર મસ્તક ઢાળી, બાહુવલ્લિ કટિસાથ વિંટાળી;
દીન ગદ્ગદ વદે ગિર બાળા "ના અસુર કરશો ફરી વ્હાલા." ૧૪

નાથદર્શન અમર્ષ શમાવે, સ્નેહનો વિજયશંખ ધમાવે;
વેર છે વિરહનું વનિતાને, રાચતી રસવતી રસપાને. ૧૫

---

## સાંત્વન.

### ઢાળ.

ભુંડી કમળિની અકારણ વિલાય,
નિકટ સૂર્ય છે તથાપિ શું મીચાય,
લગિર સ્પર્શતાં રસીલી ખીજવાય,
કુમળી પાંખડી જળાશયે સૂકાય. ૧

થયું નમિત કેમ વદન આમ ત્હારૂં,
મૃદુલ મૃદુલ હાસ્ય ક્યાં છુપાયું ત્હારૂં ?
ત્હારા હૃદયનો જતો રહ્યો પરાગ,
ત્હારા ક્યાં ગયા અનેક રંગરાગ ? ૨

કહે આમ કેમ છેક બની રાંક,
દર્શનોપજીવીનો પડ્યો શું વાંક ?
ત્હારૂં ધાર્યું છે થયાવિનાનું કાંઈ,
પડી અંગના સુરંગમાં શી છાંઇ. ૩

શીતળ મંદ મંદ પવન પ્યારી વાય,
જળતરંગ હાંસભેર સમીપ ધાય,
શીકર છાંટથી સુબાહુ એ સુહાય,
વનસુગંધથી દિશા રૂડી ભરાય. ૪

મધુર મધુર પંખી ગાન ગાય કાજુ,
વાગે નીરનું ગભીર ધીર વાજુ,

મદનમસ્ત માછલી રમે ઘણેરી,
પ્રેમવારિમાં ઝુકીઝુકે અનેરી. ૫

સરસસારસી રસિક સીકતામાં,
રહી સજોડ હોડથી ઉડે હવામાં,
થનક થનક સામસામું જોઈ નાચે,
ધન્ય અન્ય અન્ય અંગ ઘસી રાચે. ૬

શાન્તિ કાન્તિમતિ અતિશ શૌ પ્રસારે,
વિજનતા, નતાધરા, ધરા વધારે,
સંધિસમય સમજુ મંજુ જુષ્ટ આવી,
રહ્યો દંપતિ વિયોગને ચળાવી. ૭

રતિ અનંગ રંગખાટ શી સુંવાળી,
જળ પથારી ભારી ત્હારી છે રસાળી,
અનુકૂળ સ્થાન સમયને સ્હવાસી,
છતાં આમ કેમ રૂહે અલિ ઉદાસી. ૮

થતાં દેશ પશ્ચિમે પ્રયાણ દૂર,
વિરહઅંધકારમાં ગળ્યો જરૂર,
શોકસાગરે બુડી ગયેલ હારી,
આવ્યો ત્યાં થકી હું આશ ત્હારી ધારી. ૯

કરસંપુટ કરી અષ્ટ અંગવાળી,
વાર વાર હું પ્રણામ કરૂ વ્હાલી,
ક્ષમા રાખ, રાખ થાય જાત મ્હારી,
ચકિત નયનથી ઝરાવ સુધાવારી. ૧૦

ભુંડો કે ભલો તથાપિ દાસ ત્હારો,
કર ગ્રહ્યો દયાળુ દેવિ દીન મ્હારો,
જતન અંગીકૃતનુ સુતનુને ઘટે છે,
ભેટ ભેટ હેતે ભેટ ઘટી વટે છે. ૧૧

જોને હસ્તિનાં યુગલ પ્રગલ્ભ પ્રેમે,
મસ્ત મસ્તિમાં રમે રહે ન નેમે,
જોને દાદુરાં છુટાં પડે ન કેમે,
રક્ત ભકત પ્રતિ જોવું ઘટે રહેમે. ૧૨

સમય જાય તે ફરી ફરી ન આવે,
આવ લ્હાવ, દાવ જોઈ, લેવા ભાવે,
કઠણુ કાળજું કરી મને તપાવે,
સાચું બોલ તેમાં સુખ તને શું આવે. ૧૩

થયો દોષ તો ઘટે ન રોષ નારિ,
ઘટે તો ચટે રહે પ્રહાર મારી,
અગર બાહુવલ્લીમાં મને દબાવી,
રહે રાગજાળમાં મને ફસાવી. ૧૪

મ્હારો અધર રસ સમસ્ત લેઈ લૂટી,
ચિત્ત ચ્હાય તેમ અંગ લેઈ ચૂટી,
હ્રુદય પંજરે અશક્ત કંત પૂરી,
વિજય પામ દેવિ દિવ્ય શકિત શૂરી. ૧૫

---

## મદાન્વિતા.

### હોરી ૧.

આજ આવ્યો વસંત રસીલો,
યૌવનગુરૂની દયાથી પિયુ મ્હારો જ્ઞાનનો સાગર ખીલ્યો,
જ્યમ ચૂટશો ત્યમ પૂર્ણ પ્રફુલ્લિત બાગ રૂડો એવો લીલો,
ગાઢ આશ્લેષ છે શિળો. આજ આવ્યો. ૧

મૃદુ કરકુંચીથી હૃદય ઉઘાડી નયનમાં સ્નેહ ભરીલ્યો,
મારી કટાક્ષ તણી પીચકારી રંગભીની મને કરીલ્યો,
પ્રહાર પછી મુજ ઝીલો. આજ આવ્યો. ૨

કંટકરહિત ગુલાબ સુંધી નવપલ્લવે કુંદ ધરીલ્યો,
ટગુમગુ કમળમાં કમળ જુવો દૂય કેતકી કેડે સજીલ્યો,
વેલ ચંપકની વિંટીલ્યો. આજ આવ્યો. ૩

ચંદ્રિકા અબિધ કે ચંદાને શુક્રની રાધા કે કૃષ્ણુની મીલો,
બાંધીને ફાગ રમો અનુરાગથી આજ વસંત વશીલો,
ઢીલો કરૂં છેલછબીલો. આજ આવ્યો. ૪

૨.

આજ હોરી રમો રસધારી,
જોબનમાં નવવર્ષ વહે છે જોબનમાં તમ નારી,
જોબનમાં પ્રભુ આપ ઝુલોછો જોબનમાં છે શિવારિ,
રહો રતિ પૂરણ ધારી. આજ હોરી. ૧
અધરથી કેશરનો રસ લૂટી શ્વાસથી અબીલ ખુમારી,
સ્વેદનો પંક તનુપર ચોળી દ્વંદ્વયુદ્ધની તયારી,
કરો સહુ વાત વિચારી. આજ હોરી. ૨
અંગુલી શરથકી ચુંદડી ચોળી ખોલી જુઓ ખુબી મારી,
મદભર વક્ષસદૂર્ગને તોડો, મારો પ્રણય પીચકારી,
કરો યુદ્ધની કીકિયારી. આજ હોરી. ૩
ચેતી રહો પ્રભુ પ્રીતમ પાતળા નારીકટાક્ષ છે કારી,
બાથ પંજર પડ્યા એક વખત તો થાશે હાંસી ને હારી,
નારી પણ સિંહણ ભારી. આજ હોરી. ૪

---

# પરાધીનતા.

## રાતલડીનો રાગ

રસિકડી તુજવિણ અવર ન દેખુ, જગત સહુ પ્રાણપ્રિયામય લેખું, રસિકડી.
પ્રણય તુજ જીવન મ્હારૂં હું જાણું, મ્હારૂં તું છે અમૂલક અગણિત નાણું,
મળી તું તે સાચું હશે કે એ શાણું. રસિકડી. ૧
કીધાં હશે દાન અને વ્રત ભારે, સહ્યાં હશે કષ્ટ કરી તપ ત્યારે,
લડાવે છે પ્રાણપ્રિયા તેથી પ્યારે. રસિકડી. ૨
હૃદયમાં વિષ્ણુ ધરે કમળાને, ચપલતાનું લાંછન છે પણ તેને,
મ્હારા જેવી દોષરહિત દારા કેને. રસિકડી. ૩
શાણી નેંણે નીરખી કરે ઝટ ચુંટયું, રમાડીને અધરથકી મધુ લુટયું,
ગુણે મ્હારૂં જોબનપુષ્પ તેં ઝુટયું. રસિકડી. ૪
વદન જોઈ ચંદ્ર સદનમાં ન જાય, રદન જોઈ કુંદની ગણના ન થાય,
સદન જોઈ માનિની માન મુકાય. રસિકડી. ૫
રૂપે દર્પ કંદર્પનો તેં શમાવ્યો, ગુણે શિવપત્નીનો તોર હઠાવ્યો,
ગુણ રૂપે બ્રહ્માનો દોષ ટળાવ્યો. રસિકડી. ૬

ફ્હેને પ્યારી કોણે અપૂર્વ બનાવી, મ્હારે હાથે માંથી મીઠી ક્યાંથી આવી,
ફ્હેને કોણે રાખી'તી તુજને છુપાવી. રસિકડી. ૭
નિરંતર નયન સમીપ રહેજે, હોય કાંઈ અવગુણ તે ભલી સૂહેજે,
ત્હારો ત્હારો ત્હારો સેવક મને ક્હેજે. રસિકડી. ૮

---

## પ્રેમભક્તિ.

### રાગ ઉપરનો.

પાતળિયા મોહ થયો બહુ તમને, ઘટે તેથી માન ઘોછો વધુ અમને, પાતળિયા. ૧
મળ્યા મને સૂર્ય બીજા આ જગતના, જણાઉં છું તેથી શશિ શી સુવદના
સાહ્યા મ્હેં તો પાદઅંગુષ્ટ સુખદના. પાતળિયા. ૨
નારી સહુ ઘરની શોભા અનવદ્ય, કલાગરી મિષ્ટ વચનથી છે હૃદ્ય,
એનું રાજ્ય સ્નેહનગરમાં છે સદ્ય. પાતળિયા. ૩
જુવો પેલી પુષ્પવતી ને રૂપાળી, વલ્લી વાંકી શીળી અને લટકાળી,
આમ્રવિણ પણ અફલા એ નમાલી. પાતળિયા. ૪
ગુણો હોય પદ્મિણીમાં ભલે સારા, ભ્રમરવિણ થાય નિરર્થક ભારા,
નાદા ઉદારર પિયુવિણ દારા. પાતળિયા. ૫
હૃદયમાં રાગના રંગ ભરાયા, નયનમાં પ્રેમના કાચ જડાયા,
તેથી મુજ સરખીમાં આપ ભમાયા. પાતળિયા, ૬
તમે મ્હારા જીવન હું તમ દેહ, તમે ભલા ભવ્ય ગૃહસ્થ હું ગેહ,
તમારી હું તડિત તમે મ્હારા મેહ, પાતળિયા. ૭
આપણ બેની ધર્મ ને ભકિતની જોડ, સદા નિજ કાર્ય કરીએ સજોડ
તેથી પ્રભુ અવતરી પૂરશે કોડ. પાતળિયા. ૮

---

## અષ્ટપદી.

### વિલાસિની.

કેદાર રાગ એકતાલ " रतिसुखसारे गतमभिसारे· "—એ રાગ.

સુરતગૃહે આરતરસ ળ્હે માનિનીવરનૌતમવેશા,
નવિરમતી રમતી ભમતી ધમતી ધમની હૃદયેશા. ટેક.
મદ મુદતી સુદતી વદતી મૃદુ સુરઅરિમુરલીસમાના,
અભિસરતી પલ અપસરતી સરતી ચલભાવ રમાનાં. સુરત ૧.

પલક પલક પુલકે ખલકે લલકે અલકે લટકાળી,
મસ હસતી રસબસ વસતી ખસતી ધસતી મરમાળી. સુરત ૨
નયનનિમીલન અધરવિચાલન વદનવલન વલિતાંગી
કરી, મકરી નકરી હરતિ પતિરતિ સ્તનીવીકૃષાંગી. સુરત ૩
હૃદય હરી લહરી હરિણીદૃગ રગ રગ નાગણુ સારે,
તરલ ગરલઆકર કર-ફણિધર વરગરદનપરધારે. સુરત ૪
અમિત શ્વસિત સીત્કાર કરી કરિણી વકરી ધરી વારી,
વરદમને હરદમ દમધારી હઠે પરિરંભ પ્રચારી. સુરત ૫
ચોરી કરે શિરજોરી ધરે ઉચરે સ્વર "ધૂર્ત કઠોર"
સવિધિ વિવિધ વિધિની રચના લલના પણ એકજ ઓર. સુરત ૬

---

## પ્રોષિત પતિકા.

### દિંડી.

જપું શ્યામ નામ અષ્ટયામ ત્હારૂં, તુજપર લલામ ઠામ દામ વારૂ,
તજી હામ કામ ભામ ત્હારી ભોળી, જુવે વાટ ધડે ઘાટઉકી હોળી. ૧
અશ્રુપાત જાત રાતમાં ભીંજાવે, દિને ખાન પાન ધ્યાનમાં ભુલાવે,
છબિ એક નેક ટેકથી સ્મરૂં છું, લોકલાજ કાજમાંજને હરૂં છું. ૨
સુખદ ભાણનુ પ્રયાણ હાણકારી, વિરહબાણુ, જાણ, પ્રાણ કષ્ટકારી,
સ્ત્રીનુ ત્રાણ ને રહવાણ વ્હાણ કારી, ગયા દૂર શૂર ક્રૂર ઉરધારી. ૩
મદનતાવ ઘાવ દાવથી કરે છે, દીન સાવ રાવ મ્હાવજી હસે છે,
વધ્યાં ચાહ દાહ રાહ જોઉં તા'રી, હવે આવ નાવ ભાવ ભૂરિધારી. ૪
મહાભાગ બાગ રાગ જે સુકાયા, ગળે નાગ બળે આગ જળે કાયા,
પડુ ચર્ણ મર્ણશર્ણ હવે હારી, કરી મ્હેર આવી ધેર લે ઉગારી. ૫
ધરે લ્હેર રૂડી પેર મ્હેર ધારે, ધરી ઝેર વેર કેર તે પ્રચારે,
ઝુરે નાર યારવા'ર જાય જ્યારે, સજી ગર્વ સર્વ પર્વમાં વિસારે. ૬
ગમે ઘાટ પાટ ખાટ ના કચાટ, બનુ ચાટ જોઉં વાટ હાટ ઘાટ,
સ્હડે કાટ ઘટી ઠાટ અંગ ફાટે, જીવિતેશ એશ વેશ ના ઉચાટે. ૭
રહ્યો કલેશ શેષ લેશ હર્ષ શાનો, ફરે દેશ દેશ દ્વેષ ધરી કાનો,
બની અંધ તજી ગંધ બંધ છૂટે, ધર્મ શર્મ મર્મ વર્મથી વછૂટે. ૮
સુકી વેલ વારિરેલહીણ ત્હારી, કરી દૃષ્ટિ વૃષ્ટિથી સુપુષ્ટ પ્યારી,
હૃદકમાડને ઉઘાડ પાડ માનુ, લાડ કોડથી લડાવ છાનું છાનું. ૯

ફરી હંગ રમી રંગ સંગ ભારી, નચવ પુતળી બળી છળી પધારી,
સુખમયંક રંક પંકજાનનાને, કર પ્રસારી મળ વિસારી ભેઠ વાને. ૧૦
ગયું હીર બહિરપ્રાણુ મિહિર દોડ, અમીર સમિર શો મળી તિમિર તોડ,
વિરહ ચીર, અચિર રૂચિર ચીર પ્હેરૂં, હૃદયકીર વીર ધીર પુષ્પ વેરૂં. ૧૧
છટાદાર દાર દ્વારમાં ઠરીને, કુસુમહાર હૃદયહાર કર ધરીને,
અચળ અક્ષપક્ષ દક્ષ લક્ષ્યધારી, જોશે પથ સમીપ દ્વીપસીપત્હારી. ૧૨
ફટક ફટક હૃદયધટક ફડફડાવી, સટકી ચટક લટકથી સ્મૃતિ મુઝાવી,
જન્મથી ઉછેરી ધેરી મ્હેં અનેરી, તદપિ થાય ત્હારી પ્યારી મ્હારી વેરી. ૧૩
સુની એકલી કલિ અલિની વ્હીલી, વિરહ ખીલીથી ન ખીલી ઉષ્ણુશીળી,
અનલરંગ અંગ ભૃંગ જો જણાય, પંથકાપ કંથ તાપ તો શમાય. ૧૪
ઉદધિ ઉછળ ન છળ છોળને ઉછાળ, ત્હારી ચંદ્રિકા ફીકી પડે કૃપાળ,
કાન કાનથી શૃણી હમારી ગાથ, કરો નાથ સાથ રાખીને સનાથ. ૧૫

---

## મનસ્તરંગ.

### ૧.

(રણછોડ રૂપાળા પોઢ્યા તે મંદીરમાંહ્ય. એ-રાગ.)

મ્હારા નાથ રસીલા વ્હેલા વળો નિજઘેર,
વરસાદના દહાડા ધાલ્યો છે નભમાં ઘેર. ૧
વિજ ચમકી રહી છે મેઘપતિને ઉછંગ,
રીસાળ પતિ થઈ બદલે ક્ષણ ક્ષણ રંગ. ૨
મુખ ઢાંકી ઉઘાડે માંઘો થવા રવિરાય,
લજવે ને નચાવે કમલિનીને કરમાંહ્ય. ૩
મેના પોપટ ભૂંડાં રાતની જાણીને વાત,
દહાડે બોલી લજાવે ઘર ઘર મુગ્ધાની જાત. ૪
કોઈ સહીયર શાણી તાણીને ગાય મલ્હાર,
કોઇ બેસે છજામાં રીઝવે પ્રાણ આધાર. ૫
ચંચળ કોઇ શ્યામા વસ્ત્ર સજી ઘનશ્યામ,
વર મોર નચાવી રાસ રમે ત્રણ યામ. ૬
સળગાવે તાપણીઓ રાતે ખેડુની નાર,
તાપી શ્રમને ઉતારે હાંસે ત્રિયાભરથાર. ૭

એક સમય મળે છે કંથ અને વરસાદ,
તેથી મત્ત થઇને નદીઓ મુકે મરજાદ. ૮

તાલાવેલી થઈ છે વાલમ વ્હેલા પધારો,
મ્હારા આઠ ગયા છે માસ એ નાથ સુધારો. ૯

ભય લાગેછે ભારે ઘર પણ ખાવાને ધાય,
વરસાદમાં મ્હારૂં ચણચણ તન બળી જાય. ૧૦

તમ વિણ વરષામાં વૃષ્ટિ કરે દ્વય નૈણ,
તેથી શય્યા ભીંજાએ રૈણ મારે પણ વેણ. ૧૧

થઇ વેરણ નિદ્રા ચિંતા કરીને વાસ,
આશાપંખીને ફસવે છે માંડીને પાશ. ૧૨

વિઘ્નશંકા કરાવે તર્ક વિતર્ક ભરાવે,
એક વાતતણો ના લેશ ઉકેલ પડાવે. ૧૩

મ્હારો શ્વાસ રૂંધાવે ડસ ડસ ડુસકાં ભરાવે,
વ્હાલા હોય તે સ્ત્રીને આમ કહો, શું મુઝાવે. ૧૪

આવો આવો રસીલા સૃષ્ટિની જોઇને લીલા,
સાથે વશિયે ને હશિયે કરીએ અપૂરવ લીલા. ૧૫

૨.

હું તો થેછું અધીરી તમવિણ પ્રાણઆધાર,
મ્હેં તો આપને માટે કંઇ કંઈ કીધા વિચાર. ૧

જોડ્યાં છે રસીલાં સુંદર કાકલી ગીત,
કરવાની છું ચેષ્ટા જેથી વધે પ્રભુ પ્રીત. ૨

મ્હારા પ્રાણસનેહી વ્હેલી રીઝાવો જે નાર,
કંઇ રીતના તમને દેઇશ હું આવકાર. ૩

શીશમને બાજઠડે બેસારી ન્હવરાવું કંથ,
ચોળું અત્તર રૂડાં કાપો જે વ્હેલો પંથ. ૪

ઉન્હું ઉન્હું જમાડું રાંધીને રૂડી રસોઇ,
મુખવાસ ધરાવું વદન રહૂં પછી જોઇ. ૫

સોનાને ઢોલીયે મશરૂની નાખુ તળાઈ,
કરચળી નહિ રાખું શય્યા કરૂં સુખદાઈ. ૬

પધરાવી ઉમંગે વળતી તળાંસુ પાય,
કર ફેરવું અંગે જેથી પથિક શ્રમ જાય. ૭

હાસ્યરૂપી સુપુષ્પે વારંવાર વધાવુ,
પાઈ અમૃત મીઠાં કામના તાપ શમાવુ. ૮
કહી વાત વીતકની મનમાં દયા ઉપજાવુ,
ફરી દૂર ન જાવા આકરા સમ ખવરાવુ. ૯
થઇ કિન્નરકંઠી ગાઉ તમારૂં ગાન,
વ્હાલ વધવા તમારૂં ખોટું ચ્હડાવુ ગુમાન. ૧૦
બહુ દહાડાની મ્હારી રીસ ખરેખર ક્હાડુ,
બોલાવી ન બોલુ સામુ જોતાં જોઉં આડુ. ૧૧
ઉધવા હઉ શાની શાને ગયા પરદેશ,
ન્હોતા જાણુતા ઘરમાં વ્હાલી છે બાળે વેશ. ૧૨
વ્હાલો મ્હેંણુ ને નેંણુ સૂત્રવિના દઉ બાંધી,
પછી લાડી લડાવુ પ્રાણથી પ્રાણને સાંધી. ૧૩
ન્હાની ત્હોય હું શાણી આજ લગી નથી નાણી,
મને પજવીને પામો પરવશતાની કમાણી. ૧૪
એવો રંગ મચાવુ ખેંચી લઉ સહુ ધ્યાન,
રાતદિવસ ન જાણો એમ કરૂ ગુલતાન. ૧૫

## વિરહિણી સંદેશ.

(જમનાં જળ ભરવુ મ્હારે એ કુંવર કન્હેયારે.—એ રાગ.)

વ્હેલા વળજો વિદેશથી ઘેર, હો પ્રીતમ પ્યારા રે,
મને એક સુઝે નહિ પેર, હું સમ ખાઉં ત્હારા રે; ૧
ચડયું તનમાં જોબનનુ પૂર, હો પ્રીતમ પ્યારા રે,
તેમાં મદન થયો મગરૂર, હું સમ ખાઉં ત્હારા રે; ૨
મને શય્યામાં રોળીને બાળે, હો પ્રીતમ પ્યારા રે,
મ્હારા હૈયાની ઉંમો ઉછાળે, હું સમ ખાઉં ત્હારા રે. ૩
ભેળે ભોજનિયાંમાં ઝેર, હો પ્રીતમ પ્યારા રે,
કરે રજનીમાં કાળો કેર, હું સમ ખાઉં ત્હારા રે. ૪

### સાખી.

રજનીમાં પજવે ઘણા, પાપી ચંદ્ર અનંગ,
નિજ નારીને દુઃખ દે, તેના હોય ન ઢંગ.

ટા'ડા અગ્નિમાં બાળે કાય, શેકે જ્યમ ધાણી રે,
વ્હેલા આવો લાગુછું પાય, હવે હું મુઝાણી રે; ૧

તાલાવેલી ત્હારાવિણુ થાય, શેકે જ્યમ ધાણી રે,
મ્હારો જીવલડો નહિ જાય, હવે હું મુઝાણી રે; ૨
ચાલે નયણે આંસુની ધાર, શેકે જ્યમ ધાણી રે,
વ્હાલા મારૂ મારે બહુ માર, હવે હું મુઝાણી રે; ૩
થાય શાણે નહિ દરશન, શેકે જ્યમ ધાણી રે,
મને વ્રેહનો લાગ્યો પવન, હવે હું મુઝાણી રે; ૪

## સાખી.

વ્રેહનો વાયુ વાય છે, અંગે ચ્હડિયો ફેર,
અબળાપર ઉતપાત શો, આવડું શું છે વેર.

એવાં કેવાં કીધાં મ્હેં પાપ, અલેતી હું બાળા રે,
તપું રોજ ત્રિવિધિ તાપ, વ્હારે ચ્હડો વ્હાલા રે; ૧
આવા બાગની કલિયો સુકાય, અલેતી હું બાળા રે,
નાથવિના તે શેણે ફુલાય, વ્હારે ચ્હડો વ્હાલા રે; ૨
રોમ રોમ લાગ્યા વિંછીડંખ, અલેતી હું બાળા રે,
સ્મર પીડેછે જોઈને રંક, વ્હારે ચ્હડો વ્હાલા રે; ૩
કાચે તાંતે બંધાણો પ્રાણ, અલેતી હું બાળા રે,
શું ચૂકોછો થઈ જાણ, વ્હારે ચ્હડો વ્હાલા રે. ૪

## સાખી.

સ્મરને બાળ્યો શંકરે નખમાં રાખ્યો માત,
નિજ જાતી ઉપર શકે, કરાવવા ઉતપાત.

જાણી જોગી પોતાનો કંથ, ઉમાએ શું ધાર્યું રે,
હમને જોગિણી કરવાનો પંથ, હૃદય મા'રૂં શાર્યું રે; ૧
મ્હારી છાતીમાં લાગી છે આગ, ઉમાએ શું ધાર્યું રે,
મ્હારા સ્તનનો સુકાયો રાગ, હૃદય મ્હારૂં શાર્યું રે; ૨
મ્હારા ગાલની લાલી જાય, ઉમાએ શું ધાર્યું રે,
નિઃશ્વાસે ઓઠ સુકાય, હૃદય મ્હારૂં શાર્યું રે; ૩
બની જેહની ધરતી સમાન, ઉમાએ શું ધાર્યું રે,
આવી જળ વરસો ને પ્રાણ, હૃદય મારૂં શાર્યું રે. ૪

---

# વિરહ કલહ.

(પુનમ ચાંદનીનો રાગ.)

૧.

બ્હેની આવીઓ અશાડો માસ જો રે,
ધાહ્યો ગગનમાં ધનતણા ઘેર,
કેવી ચમક ચમક કરે વીજળી રે,
સામાસામી અથડાતાં હેતે આભલાં રે,
કરે મદનવિજયના નિનાદ, કેવી ચમક ચમક.

સાખી.

વર્ષણ થાએ પ્રેમ ને જળનુ ઘેરે ઘેર,
ચાતકડી તરશે મરૂ, વરસે તનમાં ઝેર.
ભારે લાગેછે વૃષાદ બીહામણા રે,
કંથ આવ્યો નહિ આજે મ્હારે ઘેર, કેવી ચમક ચમક. ૧
રવિ છુપાઈ સુહાય સુરંગમાં રે,
ઢાલપીછોડે રમેછે ધરાસાથ. કેવી ચમક ચમક.

સાખી.

સતત પથિક તોપણ જતા, વાસકસજ્જ મયંક,
તારલિયા ઘરમાં ગયા, લેવા ગૃહિણી અંક.
હાંસે હીસેછે રસિકનાં જોડલાં રે,
ઝૂરે એકલડી હરિણી અનાથ, કેવી ચમક ચમક. ૨
આવે ઉદધિને જોર અતિ ઘણું રે,
પ્યારી મળતાં તરંગિણી નાર. કેવી ચમક ચમક.

સાખી.

વસુધા લીલી ને શીળી, કરતી લીલાલ્હેર,
શોભે જળ પ્રીતમતણું, પોષે રૂડી પેર.
હું તો ધીકી વી'લી ઢીલી પીળી પડી રે,
મ્હારો નાવલિયો થાય છે રીસાળ. કેવી ચમક ચમક. ૩
ગણે સમય સંયોગી સોહામણારે,
તડી તડી મળે લાડીને લાલ. કેવી ચમક ચમક.

સાખી.

જડ જંગમ રસબસ બને, કરતાં રતિરસ પાન,
ઘર ઘર સ્મરને નોતરે, પામે અધકાં માન.

મ્હારાં માન પતિયાનવિષે ગયાં રે,
ગયા વિસરી કઠણુ હૃદયેશ. કેવી ચમક ચમક. ૪

૨

કરે અનંગ અનંગ ન અંગને રે,
બળે ચરર ચરર મ્હારી જાત,
પાપી અધમ રીબાવે સહિયર રાતમાં રે.
રોમ રોમ વળગાડ્યા એણે વિછુવા રે,
જ્વાળ ધીકાવી હૃદય મોઝાર, પાપી અધમ.

**સાખી.**

શય્યામાં કંટક ભર્યા, ઉપરણીમાં સર્પ,
ભીંતોને ભૂખી કરી દર્પે ધરે કંદર્પ,
વસ્તુ વલ્લભની ભયકારી બને રે,
મ્હારૂં ઘર કર્યું ગહન વેરાન, પાપી અધમ. ૧
મ્હારાં આંસુડે ભીંજાય રૂડી કાંચળી રે,
રહેતો આંખે નથી કાજળનો તાર, પાપી અધમ.

**સાખી.**

કેશ છુટા વીખરાય છે, સ્નેહ ધરે નહિ લેશ,
ધૂસર પતિવિણુ નારના, બને કેશ ને વેશ.
હું તો બની ગઈ બ્હાવરીને રાંકડી રે,
મને સાલે છે વિરહતણુ સાલ, પાપી અધમ. ૨
મ્હારી નિંદર છચોરે લીધી હરી રે,
પતિ–સ્વપ્નની ન હોય પછી વાત, પાપી અધમ.

**સાખી.**

ભર જોબનમાં કુંપળી, શુષ્ક અકાળે થાય,
ફુલ ફુટતાં નિષ્ફળ બની, હૃદય ચીરાઈ જાય.
શાને અવતરી જગમાં અભાગિણી રે,
શાને હેત કરી વ્હાલો કર્યો નાથ ! પાપી અધમ. ૩
થયો જીવ પણ અતિ અલખામણો રે,
થયું ભોજન ભુજંગનુ ઝેર. પાપી અધમ.

**સાખી.**

નયણાં સામા નાથને, ધારે મદન નૃશંસ,
ભૂજ ભરી પણ ભેટવા, દે નહિ ધારી દંશ.

પાપી પલક પલક પપળાવતોરે,
પતિવિયોગે ધરે છે સ્મર જોર. પાપી અધમ. ૪

## વિયોગિની.

( સખિ ગ્રીષ્મરંગ પલ્લવે નવીન શોભતો. એ રાગ. )

સખિ રાન મધ્ય મલ્લિકા પરાગ સારતી,
પરાગ સારતી ગુણગણો વિસારતી, સખિ રાન.

સાખી

વૃક્ષ પુષ્પવલ્લિ નહિ, નહિ નહિ નિજ સંસાર,
કંકર રેતી ખાર ને, કંટકનો નહિ પાર.
ગળતી જુવાની બાલવેશ દેશ એકલે,
વક્ષસે ન પ્રાણનાથ ઝુલતો રતી. સખિ રાન.

સાખી

ઉષ્ણ પવન બહુ વાય છે, સૂર્ય તપાવે તાપ,
સંગ સખી પંખી નહિ, બળે આપમાં આપ.
બહુ દિવસ ભયંકર થાય, નિશા તમ વરસે છે,
જનમારો એળે જાય, રસીલી તરસે છે.

સાખી

ગુંજારવ કુંજોવિશે, કરતો ભ્રમર સુહાય,
અવર પ્રિયાના પ્રેમમાં, કામુક કંથ ગુંચાય.
સ્વાર્થી રસીક નાચ્ય ગાન તાનમાં ભુલ્યો,
એકલી રસીકડી અરણ્ય ઝૂરતી. સખિ રાન. ૧

સાખી

વિધુએ રસ પૂરો ભર્યો, કામે ભાર્યું રૂપ,
વિધિએ ગુણ, મહિએ દીધાં, સુગંધ દેહ અનુપ.
લઇ કાળશક્તિએ રોજ પીછી મરમાળી,
કરી પૂરી વિધ વિધ રંગ પુતળી રઢિયાળી.

સાખી

પ્રતિદિન નવતા ધારતી, સુંદર સૂદર નાર,
શંકર જેવા રસિક પણ, શીષ ધરે ધરી પ્યાર.
વિસર્યો વિમૂઢ કાન ભાન સાન છોડતો,
રાધિકા તજી વસાવી કૂબજા-રતી. સખિ રાન. ૨

સાખી

તનમાળી મળવા ઘણો, તલપાપડ જીવ થાય,
ઘૂમે નાચે ને વળે, આવી પાછી થાય.
ઘેલી દશ દિશમાં નેણુ પણ ફરકાવે છે,
સ્નેહાકર્ષણથી નાથ શકે અહીં આવે છે.

સાખી

બાળાનુ ગજુ કેટલું, કરતી પૂર્ણ પ્રયાસ,
હરાયલી હારી ગઇ, નમતી બની ઉદાસ.
મનમાં ન દોષ રોષ ભામ નામ રાખતી,
કર્મનો વિપાક જાણી શાણી શોષતી. સખિ રાન. ૩

સાખી

અચલ અપૂરવ પ્રેમને, ધારે ગુણિયલ નાર,
હું જાણું નર-પ્રીતિનો, સ્થલ સ્થલમાં વિસ્તાર.
સ્ત્રીની છે એકજ પ્રીત વરથી રાચે છે,
સુખસીમા જાણી કંથ સતી મન નાચે છે.

સાખી

નવ નવ સુખ વર ભોગવે, ભલે વિયોગી હોય:
નરવિણુ નારી રડવડે, આંસુડે વપુ ધોય.
મરતાં ન પ્રેમ નેક ટેક છેક છોડતી,
રત્નખાણ રત્નમૂલ્ય દેવી શોભતી. સખિ રાન. ૪

---

## વસંતવિયોગ.

"તમે અજાણ્યા હમે જાણીએ રે." એ—રાગ.

કયમ દેશ વિદેશ ફર્યા કરોરે, પ્રેમદાની પીડા ઉર ના ધરોરે,
કપરો છે વસંતનો કાળરે, પાતળિયા પ્યારા પિયુ સાંભળોરે. ૧
પ્રભુ કોયલડી ટઉકા કરીરે, મ્હારી શુદ્ધ અને બુદ્ધ લે હરીરે,
સ્મરે પંચ ચ્હડાવ્યાં છે બાણુરે, પાતળિયા પ્યારા પિયુ સાંભળોરે. ૨
નરનારીઓ લાલીથી ઓપિયાંરે, ભરી ખેલે ગુલાલની ઝોળીઓરે,
હોળી બળતી મ્હારા તન માંહ્યરે, પાતળિયા પ્યારા પિયુ સાંભળોરે. ૩
નવપલ્લવ વૃક્ષને આવિયાંરે, મ્હારાં પલ્લવ સર્વ સુકાવિયાંરે,
બાળે ચંદ્ર તથાપિ છેક રે, પાતળિયા પ્યારા પિયુ સાંભળોરે. ૪
નવ જોબનવંતી શોભતીરે, નાથ હાથ ચ્હડી બહુ ઓપતીરે,
મ્હારે ઘડપણ જોબનમાંહ્યરે, પાતળિયા પ્યારા પિયુ સાંભળોરે. ૫

મદ નાદ રસિક ઉતારતારે, રસિકાના અધરરસ લૂટતારે,
તોએ મત્ત ફરે અલબેલીરે, પાતળિયા પ્યારા પિયુ સાંભળોરે. ૬
મૃગ ચકવા ને ભ્રમર કબૂતરાંરે, નહિ બુદ્ધિ રમે પણ એ ખરાંરે,
ઝૂરૂં એકલી તમવિણુ રોજરે, પાતળિયા પ્યારા પિયુ સાંભળોરે. ૭
થાય ઉચ્છવ ઘરઘર ડોળનારે, સહુ કામને દેછે વધામણાંરે,
મ્હારે આઠે જામ હરામરે, પાતળિયા પ્યારા પિયુ સાંભળોરે. ૮
રમે સ્હોડમાં જોડ હળી મળીરે, જોઈ ફીકી પડું ધકું આકુળીરે,
મ્હારૂ કળિમાંથી પુષ્પ સુકાયરે, પાતળિયા પ્યારા પિયુ સાંભળોરે. ૯
સહુ લીલામાં પીળી હું એકલીરે, તરફડિયાં મારૂંછું છળી છળીરે,
મદ મદનનો આવીને ભાગરે, પાતળિયા પ્યારા પિયુ સાંભળોરે. ૧૦

---

## પ્રત્યુત્તર.

રાગ ઉપરનો.

૨

પ્યારી ત્હારી દશા સહુ જાણુંછુંરે, અહિયાં દોહ્યલા દિવસ હું તાણુંછુંરે,
હવે વ્હેલો થશેજ મિલાપરે, રસિકડી રામા રહો ખંતશુંરે. ૧
ત્રીભુવનમાં ત્હારા સમી અેલડીરે, ત્રણુ કાળે ન મળવાની છેલડીરે,
એવું જાણી સેવુ પરદેશરે, રસિકડી રામા રહો ખંતશુંરે. ૨
પ્યારીવિણુ અવરની નથી પડીરે, જડીબુટ્ટી પ્રિયા મને તું જડીરે,
પણ સુખના સાધનની જરૂરરે, રસિકડી રામા રહો ખંતશુંરે. ૩
સુખસાધન ધાન્ય ન ધન છેરે, તેમાં સર્વ તણાણા સુજન છેરે,
હું તો આવીશ રાખી સંતોષરે, રસિકડી રામા રહો ખંતશુંરે. ૪
મ્હારી રામા તણા સુખ કારણેરે, રમા લાવી મુકીશ ચરણુ કનેરે,
પછી કોણ કરે છે વિયોગરે, રસિકડી રામા રહો ખંતશુંરે. ૫
મ્હારે રમવા ત્હારા સમી પૂતળીરે, ઘરઘનમાં ઝબૂકતી વીજળીરે,
પણ આમ સ્હેવાં પડે દુઃખરે, રસિકડી રામા રહો ખંતશુંરે. ૬
વેરી વ્રેહ વ્હાલો કરવો પડ્યોરે, ઉભો ઉભો બળુ નિત્ય હુ છોરે,
જીવુ કેવળ ત્હારે આધારરે, રસિકડી રામા રહો ખંતશુંરે. ૭
હવે અંત આવ્યો મ્હારા કામનોરે, ખપ મ્હારે નથી વધુ દામનોરે,
હવે સ્હાય થશે ભગવાનરે, રસિકડી રામા રહો ખંતશુંરે. ૮
હવે સાથ નિરંતર હું રહીરે, પાસાં સેવીશ ત્હારાં હરી ફરીરે,
પ્યારી મરીશું તો સાથે સાથરે, રસિકડી રામા રહો ખંતશુંરે. ૯

સખિ નૂતન રાસ રમાડવારે, મને હાંસ ઘણેરી હસાડવારે,
તેથી આવુંછું વ્હેલો હજુરરે, રસિકડી રામા રહો ખંતશુંરે. ૧૦

## ઋતુ વિરહ.

સીતાજીના મહિનાનો રાગ.

### હેમંત.

સખિ શોભી રહી હેમંત, નચિંત હું કયમ રહુ,
સખિ પાસ નથી મ્હારો કંત, દુરંત વ્યથા સહુ. ૧
સખિ વાએ અનુકૂળ વાત, ન તાપ જરા પડે,
પણ શેકાય મ્હારી જાત, કુજાત મને નડે. ૨
સખિ રાતે રમીને રંગ, અનંગ શમાવતા,
પિયુ પ્રાણપ્રિયાની સંગ, ઉચ્છંગ દીપાવતા, ૩
જોઈ ઉષા અરૂણ મેલાપ, આલાપ રૂડા કરે,
પિયુ મારીને પ્રેમની છાપ, સંતાપ બધા હરે. ૪
ઉભી અરકાડી નાથને અંગ, કુરંગનેણી છજે,
રમી રાસ વિલાસ સુરંગ, ઉમંગ હૃદે સજે. ૫
કોઇ આપી પિયુને મૃદંગ, વિણાને વજાડતી,
ગાઈ પંચમ રંજક રાગ, અનંગ જગાડતી. ૬
સખિ મ્હારા કરમની માંય, ન છાંય મીઠી રહી,
મ્હારે અંતર ઉઠી લાય, સ્હાય કોઇ ના રહી. ૭
સખિ નાથને મ્હારી કથાય, કહેજે આંસુડાં ભરી,
આ ઋતુમાં શું રહેવાય, સૂની મુકી સુંદરી. ૮

### શિશિર.

સખિ શિશિરમાં પ્રાણઆધાર, રહ્યા પરદેશમાં,
મુકી ઘરમાં એકલડી નાર, જોબનના વેષમાં. ૧
સખિ નખશિખ વ્યાપ્યું છે શીત, અમિત હવે શું કરૂં !
પણ અંતરમાં વિપરીત, વિરહથી બળી મરૂં. ૨
સખિ સાહેલીનો સાથ, હાથ લઇ હાથમાં,
હિંડે હસતી કરી સંગાથ, નાથની ગાથમાં. ૩
સખિ સ્હોડ કરે કરી કોડ, પિયુની પ્રિયા ઘણી,
હું તો હારી ગઇ સહુ હોડ, જોડ અખમ બણી. ૪

સખિ ચોપડી અંગ ધુપેલ, ફુલેલથી ફુલતી,
પિયુ કાજે રાખે રૂડું તન, જોબનમાં ઝૂલતી. ૫
સખિ ફાટી ગયો મુજ દેહ, ગેહ શું વિભૂતિનુ,
વ્હાલે લેઈ લીધો નિજ નેહ, રૂદન આવે દુંટીનુ. ૬
સખિ છાતીમાં પડિયો ચ્હરાડ, ર્‌હાડ કોણુ માંડીએ,
એણે ભારે લડાવ્યાં લાડ, હવે ક્યમ છાંડીએ. ૭
સખિ કહેજે વ્હાલાને વાત, પછાત પડો નહિ,
કાપી નાખજો વેરણ વાટ, વાટ જુવે છે સહિ. ૮

## વસંત.

સખિ આવ્યો જો જગમાં વસંત, મહંત મહારથી,
મ્હારો ન્હોય વસંત એ અંત, અનંત પ્રતાપથી. ૧
સખિ કોકિલાનો શોર, બકોર બહુ થયો,
વધ્યો કામતણો બહુ તોર, છચોર છકી ગયો. ૨
સખિ મુકુલિત વૃક્ષનાં વૃન્દ, અખંડ શેકે મને,
ભલે શીતલ તમને ચંદ્ર, પ્રચંડ થયો મને. ૩
સખિ આ અજવાળી રાત, પ્રભાત સોહામણા,
વળી સંધ્યાના ત્રિવિધિ વાત, વધારે વિટંબણા. ૪
ન્હોય ત્રિવિધિ વાત એ તાપ, અમાપ બળી રહ્યો,
પંચબાણે ચ્હડાવ્યાં ચાપ, વિલાપ મા'રે રહ્યો. ૫
સખિ રાત દિવસ પળવાર, આધાર રહ્યો નહિ,
છેલો ગણજે મ્હારો જુહાર, આહાર મુકયો સહિ. ૬
મને લાગ્યું પ્રીતમનુ તાન, ન ભાન છે ચિત્તનુ,
ઉંઘ જાગૃત સ્વપ્નમાં સદ્ય, પુઠે પડ્યો વિતનુ, ૭
સખિ નાથને કહેજે સંદેશ, વિદેશ શાને રહ્યા,
મ્હારા પ્રાણ સાથે પરદેશ, જીવેશ ન શેં ગયા ! ૮

## ગ્રીષ્મ.

સખિ ભીષ્મ શો ગ્રીષ્મ ગણાય, જણાય બીહામણો,
ચ્હડ્યો નભમાં જો સૂરજરાય, વા વાય ઉન્હો ઘણો. ૧
સખિ ચો દિશ પ્રકટી છે આગ, ન માગ જરા રહ્યો,
મારા દુઃખનો ન આવ્યો તાગ, વિરહાગ્નિ બળી રહ્યો. ૨
ઉઠે ચંદન-અગ્નિની ઝાળ, કમળ-પંખે તને,
તપ્ત લોહના વાળા સમાન, શા'રે ડા'મે ખસ મને. ૩

જળ શીતળ અશ્રુનુ બિંદુ, પડી છમછમ બળે,
જતાં હૈયાનો હાર આ હાર, ડસે અહિ શો ગળે. ૪
સખિ સૂર્યતણો નહિ ભાર, વિહાર મચે યદા,
પણ કૃષ્ણના વિરહે અપાર, રાધા સહે આપદા. ૫
સખિ બાળકી રાતનુ જાય, જોબનિયું જરાકમાં,
હમને દિવસ ખાવા ધાય, હસીને મજાકમાં. ૬
સખિ આવી જે મ્હારે શિર, ન વીરને તે નડો,
વ્રેહનો અગ્નિ બાળે તનચીર, બળે નહિ જીવડો. ૭
સખિ નાથ બહિશ્ચર પ્રાણ, પ્રયાણ હજી કરે,
પાસે આવે ધરાના ભાણ, કહેજે પાસે જઈ ખરે. ૮

વર્ષા.

સખિ વર્ષામાં નર ને નાર, સતાર લેઈ રમે,
વિખૂટાં ન પડે ક્ષણવાર, વૃષાદ જદા ઝમે. ૧
સખિ હરખ આણીને ઉર, મયૂર નાચી રહે,
બહુ ગેલ કરે દાદુર, અસૂર જાગી રહે. ૨
સખિ ચાતક-તરસ છીપાય, રણે ગ્હડ્યો કેસરી,
મ્હારી તરસ શેંણે સખિ જાય, છુપાયો જ્યાં કેસરી. ૩
કરે રસિક વિલાસીનાં વૃંદ, પલંગમાં પોઢણાં,
રહ્યાં મ્હારે વિનાસુખકંદ, અંગારનાં ઓડણાં. ૪
સખિ થાય ઘણા ગગડાટ, ઉચાટ વધે મને,
જોઈ જોઈ થાકી હું વાટ, ન વાટ ઉઠી તને. ૫
સખિ ધરતી ઉપર ઈંદ્ર, કરે જળધારને,
ઘેરે ઘેર પીએ પતિ-ચન્દ્ર, સ્નેહના સારને. ૬
જ્યારે વર્ષા પૂરી મુકુલાય, પડે પિયુ હોડમાં,
પણ મેઘકડાકા થાય, રાખે ત્યારે સો'ડમાં. ૭
સખિ જે રીત આવે સાન, કહેજે તેવી રીતથી,
નહિ તો ઋતુની સાથે મુજજીવ, જશે બહુ કલેશથી. ૮

શરદ.

સખિ શરદમાં સૂરજ બેય, વારાફરતી ગ્હડે,
એવું શું છે મ્હારામાં જેય, નિરંતર તે નડે. ૧
સખિ નિર્મલ જો આકાશ, સીમંતિની શોભતી.
લેવા ધરતીના વિધવિધ વાસ, અભાવેથી લોભતી. ૨

નારી નાથ લેઇ સંગાત, રહડેછે અગાશીએ,
જમી સાથે સાથે દૂધભાત, અધરરસને પીએ. ૩
નારી શ્વેત સજી શણગાર, રમે પિયુસંગમાં,
ત્યાં તો ફુલડાંની ફોરે ફોર, ગાએછે ઉમંગમાં. ૪
સખિ ઇરશા નહિ કયમ થાય, ન્હાની હું તો બાળકી,
મ્હારૂં વ્યર્થ જોબનિયું જાય, રહુ કયમ ઠાવકી. ૫
સખિ એક નથી સુત પેટ, બની હું તો બ્હાવરી,
મરૂ સોમલ ખાઇને નેટ, વિલંબ થશે જરી. ૬
સખિ માણકડારી જો થાય, ઠાર કરૂ દેહને,
મુંવે વધતું ઓછું શું થાય, નાથે તજ્યો નેહને. ૭
સખિ મોકલ વ્હેલેરો નાથ, ઢળી પડુ છું છળી,
એની ભીંડીને નિર્દય બાથ, સુધા રહુ હું ગળી. ૮

---

# વિપરીતાવસ્થા.

## વસંતરાગ.

( विरचितचाटु वचनरचनं ए राग. )

અધર ધરતિ ધરતીધર ધરી રતિ અમૃત મૃતસ્મર માટે,
અહિતનયા અહિતનયનવા સમ મસ સસણે સુસવાટે,
શ્યામા હૃદય શશિવરગમન વિકૃતિ ધારતી. ટેક ૧
અમલ કમલ મદમદનમુદાન્વિત વદન સદન અલિ કેરૂં,
રમણભ્રમણ વણરમણ ધમણ ધમતાં અકલામણ-ડે'રૂં;
શ્યામા હૃદય શશિવરગમન વિકૃતિ ધારતી. ૨
અસહવિરહવહને અતિગહન દહન થતું અનલઅભાવે,
દિનકરકર મકરધ્વજશર વરઅંગ અપંગ બનાવે,
શ્યામા હૃદય શશિવરગમન વિકૃતિ ધારતી. ૩
રતિરસ ચરસ સરસ સરતી ચખ રસિક-હૃદય તરસાવે,
ટગર ટગર ગરવી વ'રવી રવિ વર છબિ જોઇ ભિંજાવે,
શ્યામા હૃદય શશિવરગમન વિકૃતિ ધારતી. ૪
મસરસદાર ઉદાર વિદારક અર્ભકસુત વરપ્યાસા,
જવલિત ગલિતકુચ સ્ખલિતપદ ધરત રતિપાંતરાસ-નિરાશા,
શ્યામા હૃદય શશિવરગમન વિકૃતિ ધારતી. ૫

શચિકર સિતકર સીત્કર ફુત્કર ગરમ ડર મહત આપે,
કુલવતિ યુવતિ સજતી વિપરીત ક્રિયા જયમ પતિ પથ કાપે,
શ્યામા હૃદય શશિવરગમન વિકૃતિ ધારતી. ૬

---

## પંડિતવિરહ.

### દ્રુતવિલંબિત.

નહિ પ્રિયાવિણુ એક ઘડી ગમે, ભ્રમર પંકજહીણુ ક્યહાં રમે,
સકલ દેહ થયો સુમુખીમય, શરીર લિંગ થયુતુજમાં લય. ૧
નયન ચોતરફે નિરખે તને, અનુભવે તુજ સ્પર્શ ત્વચા કને,
સતત વાસ સુંઘે તુજ નાસિકા, શ્રવણ અન્ય શુણે નહિ કારિકા. ૨
અવર નામ રટે રસના નહિ, છબિ અલંકૃત અંતરમાં રહી,
કરપદાદિ પરાધિનતા ધરે, તુજ સમાગમ કાજ ક્રિયા કરે. ૩
રસ અખંડ ગણી તુજ પ્રેમને, પુનિત કારણુ–દેહ ગણી તને,
શરીર સૂક્ષ્મ અને સ્થૂલ માહરૂં, કરી રહે અવલંબન તાહરૂં. ૪
હૃદયમાં વસીને સુખ દે વધૂ, નહિ જ એ થકી અક્ષરમાં વધુ,
નિરવધિ અહિં પ્રેમપ્રકાશ જ્યાં, કરા શકે કશું જ્ઞાનપ્રકાશ ત્યાં. ૫
હૃદયશાન્તિ તિરોહિત થાય છે, પણ તને મળવા મન થાય છે,
પ્રકટ દર્શનની ઇચ્છા ઘણી, સખિ ! હું ભક્ત અનન્ય રહ્યો બણી. ૬
સખિ અખંડિત યોગ થયો મને, સહુ અપસ્મૃતિમાં સ્મરૂં છું તને,
હૃદય–કૃષ્ણુતણી થઈ રાધિકા, રસરૂપી ભૃકુભાનની બાળિકા. ૭
વિરહ અગ્નિ ધકે દશ ઇન્દ્રિમાં, હૃદયધ્યાન રહ્યુ પદઅંઘ્રિમાં,
તુજ સમાગમ–આશતણા ગિરિ, મન–અરણ્યવિશે નિકળ્યા સ્ફુરી. ૮
જપ કરૂં દ્રય અક્ષરનો પ્રિયે, મચી રહી દૃઢ ધુન્ય “ પ્રિયે પ્રિયે. ”
અવર લાલચમાં મન ના ઠર્યું, સખિ અપૂરવ મ્હેં તપ આદર્યું. ૯
રૂચિ ન ભોજનપાન વિશે જરી, રતિ સહોદર ઉપરથી સરી,
સ્મૃતિ થઇ પ્રિય વસ્તુતણી પ’રી, મતિ પ્રિયાપર માત્ર રહી ઠરી. ૧૦
સકલ વિશ્વ અસત્ય જણાય છે, અમર તો તુજ પ્રેમ મનાય છે,
સુખ રહ્યું દુખની સમ ધારણે, સખિ વિરાગ ધર્યો તુજ કારણે. ૧૧
સુછબિ કલ્પિત દૃષ્ટિ વિશે ધરી, હૃદય સંપુટ અંજલિ રે’ કરી,
શુભ અલંકૃતિથી કરતો ભૂષા, સતત દેવિ કરૂં તુજ શુશ્રુષા. ૧૨
હૃદયધામ વિરાજિત શક્તિ તું, શરીર આ તુજ તેજસથી છતું,
જરૂર જીવિત–જીવ ખરેખરી, તુજ હું અક્ષર છું પરમેશ્વરી. ૧૩

તદપિ દૂર જણાય સુધાકરી, ક્ષુભિત ગંભીર ચિત્ત રહી કરી,
બહિર પાછળ અંતરની ખરી, ન સમજાય અપૂરવતા નરી. ૧૪
દૃઢ થઈ તુજ ઉપર વાસના, અવરની નહિ થાય ઉપાસના,
પ્રકટ સેવકને દઈ દર્શન, અમૃતનુ કરજે ઝટ વર્ષણ. ૧૫

---

## કામ.

### વસંતતિલકા.

રે કામ ! નામ શુણતાં તુજ હામ નામ,
રે'તી નથી ચલિત થાય સુબુદ્ધિધામ,
હાવે જરી કર દયા પડ ને વિસારે
શાને મુમુક્ષુજનને શર તીવ્ર મારે. ૧
જાતે અનંગ દૃઢ સંગત અંગનાની
ત્હારો જયધ્વનિ ગિરા મૃદુ કોકિલાની,
આસંગ પંગત અપંગ મૃગાંકકેરી,
રે' પુષ્પબાણુ ચલવી પણ સૃષ્ટિ ઘેરી. ૨
તોડી દઈ સુમતિદુર્ગ ધરાલલામ
જીતી લઈ વિકલ ઈંદ્રિય અષ્ટગ્રામ,
સામ્રાજ્ય તું અનુભવે પણ છે હરામ,
કે સર્વથા સકળ સંકટ–મૂળ ઠામ ? ૩
સંસારસાગર અસાર કરે સપાટે,
મોહાન્ધકાર વરશી પ્રજળે ઝપાટે
શંભુ સ્વયંભૂ હરિ નારદ ઈંદ્ર શૃંગી,
જોતાં કર્યા વિરલ તો પણ નાર–સંગી. ૪
ઉત્પત્તિસ્થાન મન છે, મનસીજ, સારૂ,
સામ્રાજ્ય તો પણ નિરંકુશ તત્ર ત્હારૂં,
ત્હારી કળા અકળ અક્કલમાં ન આવે,
પેચી ચકોર શિરજોર ધરે સ્વભાવે. ૫
અદ્‌ભૂત, કામ, તુજ કામણનો પ્રતાપ,
સામર્થ્ય યુક્તિ છળનુ ન કળાય માપ,
ચેષ્ટા કરે અવનવી અવિનીત વીર,
સાધે સદા સમય વાય યથા સમીર. ૬.
ભારે સુરંગ નયનાબ્જ વિશે ભરે છે,

વાણી ગતિ મધુર ચંચળ તું કરેછે,
ભારે કઠોર હૃદયે મૃદુતા ધરે છે,
તું રોમ રોમ રસ નૌતમ વિસ્તરેછે. ૭
જ્યાં લેશ રંગ ગુણરૂપ ન હોય શક્તિ,
ત્યાં સુજ્ઞ કે રસિકની દૃઢ થાય ભક્તિ,
કંગાલ થાય ભટ ક્ષુદ્ર બને યશસ્વી,
વાહ્યા સ્મરે ચતુર કોવિદ ને મનસ્વી. ૮
તું ભોગ દેઈ ક્ષણુ રોગ ઘણા પ્રસારે,
સેનાધિપત્ય યમનુ સ્મર ધીર ધારે,
મોહાન્ધકાર અથવા વરશી કજાત,
માયા તણો સબળ ઔરસ જ્યેષ્ઠ ભ્રાત. ૯
દ્વેષે ભરેલ સુશિલા સરલા કુમારી,
સાચી સુલક્ષણવતી કહ્યું માનનારી,
તે ત્હારૂં એક ક્ષણ શીક્ષણુ જ્યાં શીખે છે,
માતા સહોદર પિતા સર્વને ઠગે છે. ૧૦
વિદ્યા સબંધ દૃઢ બાળપણાની પ્રીતિ
સત્સંગ ગમ્મત સુધર્મ સુનીતિ રીતિ,
એ સર્વને યુવક વર્જ્ય ગણી વિસારે,
જ્યારે અદૃષ્ટ થઇ બાણુ, અનંગ, મારે. ૧૧
ભેદે અભેદ્ય દૃઢ વજ્રસમાન ચિત્ત,
તોએ કરે રૂધિરવર્દ્ધન કામ નિત્ય,
ફોડે ભલે નયન સુંદર સ્હેજ ભાવે,
સંસાર સર્વ વપુ એક વિશે બતાવે. ૧૨
અદ્યાપિ એક નહિ જે તુજસાથ ફાવ્યો,
ચોખ્ખો ન એક નિકળ્યો સ્મરનો તપાવ્યો,
જ્ઞાનાગ્નિ તોય મદનાગ્નિ થકી છવાયો,
તોએ ત્રિલોકમનને કયમ, કામ, ભાવ્યો ? ૧૩
સ્વીકાર હાર કરતાં નહિ શૂર મારે,
નાશી છુટયે જગતમાત્ર દયા પ્રસારે,
તેનો વિચાર કર, માર, ન માર માર,
મ્હારા સમાન પર લેશ ઘટે ન ખાર. ૧૪
રે, વામ કામ કયમ વામ ભરે સકામ,
શું ઈંદ્રજાળ રચીને હરી લે તમામ,

આરામ રામપદમાં ધરતાં ન રોક,
મ્હારા સિવાય જગમાં બહુ વીરલોક. ૧૫

## હરિગીત

રે કામ, ત્હારા મોહ મંત્રે હોશ ઉડી જાય છે,
છાતી વિશે કંઈ થાય ભોજન પાન પણ વિસરાય છે,
તુજ પાશમાં પૂરેલ જનના બાર વાગી જાય છે,
ને ધર્મ કર્મ વિવેક આગળ પટલ આવી જાય છે. ૧
તુજ સંગના સંકષ્ટથી જન ભ્રષ્ટ નષ્ટ બની રહે,
ને દુઃખ વધતું જાય સુખના ભાસ પણ જાતા રહે,
સૂર્યોદયે છાયા તથાપિ પૃષ્ઠ ભાગ વિશે રમે,
જ્ઞાનોદયે પણ તું ભણેલા ભૂતસમ સન્મુખ રમે. ૨
ત્હારી મનોમય સૃષ્ટિયે પ્રભુસૃષ્ટિ કષ્ટપ્રદા કરી,
તુજ વેગ આગળ હૃદય–રથની જાય છે ભાગી ધરી,
ભૂંડા વિકાર ચમૂપતિ તુજ આણ વર્ત્તાવે બધે,
રે, કાળ નાશ કરે બધાનો એકલો પણ તું વધે. ૩

---

# ક્રોધ.

## ઉપજાતિ.

સંસારમાં ક્રોધ વિરોધકારી, ધરે ખુમારી તવ દે ખુવારી,
અશકતનો આશ્રય એક ક્રોધ, અજેય ને નષ્ટ તથાપિ યોધ. ૧
ચ’ડે યદા ઉત્કટ કૃષ્ણનાગ, ઉડે શરીરે તનખા અથાગ,
કરે સુબુદ્ધિ સ્મૃતિ ધૈર્ય ત્યાગ, પડે પછી જોઈ વિપત્તિ લાગ. ૨
અગ્નિવિના ક્રોધ સદૈવ બાળે, ચક્ષુરવિ દીપ છતાં ન ન્યાળે,
કુંથારના કંટક તુલ્ય સાલે, તરંગ શોકામ્બુધનાં ઉછાળે. ૩
ક્રોધે ઘડ્યા શૂરતણાય ઘાટ, ક્રોધે ઉડાવ્યાં બહુ રાજપાટ,
ક્રોધે કરાવ્યા અતિશે ઉચાટ, ક્રોધે વળાવ્યા વિપરીત દાટ. ૪
ક્રોધે બન્યા આર્ય છતાં અનાર્ય, ક્રોધે થવાનુ નહિ કોઈ કાર્ય,
ક્રોધે કર્યાં દુષ્મન દંપતિને, ક્રોધે મરાવ્યાં પ્રિય સંતતિને. ૫
ક્રોધે કરાવ્યા બહુ આત્મઘાત, ક્રોધે કરાવ્યા ઋષિના પ્રપાત,
ક્રોધે બનાવ્યા સુરના અસુર, ક્રોધે કર્યું શંકર–ઉર ક્રૂર. ૬
ક્રોધે બને છે વિપરીત દૃષ્ટિ, અસહ્ય ઉપાર્જન થાય કષ્ટિ,
વ્હાલાંવિશે વેર વિશેષ આવે, તજાય છે સાર, અસાર ભાવે. ૭

બીજે સ્થળે વાંક જણાય ભારે, નિર્દોષ પોતે પણ એક ધારે,
મહાબળી નિર્બલ તોય માને, ક્રોધી રહે નિત્ય બધીર કાને. ૮
વિચારનો લેશ નથી પ્રચાર, વિસ્તાર પામે ઘન અંધકાર,
પ્રીતિ સ્મૃતિ ને ધૃતિ થાય મંદ, સમર્થ ક્રોધે પણ થાય પંદ. ૯
જાતે દહે આત્મજને પ્રજાળે, પ્રશાન્તિકારી જળને ઉકાળે,
કરે અજાણે કદિ કોઈ સ્પર્શ, તેને દહે જ્વાલ ધરી અમર્ષ. ૧૦
જીવિત આધાર જણાય સ્નેહ, તેને બની મૂઢ ગળે સદેહ,
મિથ્યા ધરે છે બલહીન ઝૂમ, બની રહે છેવટ કૃષ્ણ ધૂમ. ૧૧
ક્રોધી સમાપે નહિ કોઈ જાય, ક્રોધી તણું વાક્ય ન સત્ય થાય,
એકાંતમાં ક્રોધ બળી મરે છે, વને બળે તે વનમાં શમે છે. ૧૨
પેસાડશો ક્રોધનુ ભૂત અંગે, ગાંડા થશો ને ત્યજશે વિહંગે,
બુદ્ધિ જશે સિદ્ધિ ન એક થાશે, મૃત્યુતટે સત્વર જીવ જાશે. ૧૩
ક્રોધે ડસેલા હડકાઈ જાશે, મારૂં મરૂં એમ કુતર્ક થાશે,
અમસ્તકા ઉચ્ચરશે બરાડા, ને મારશે દેહ ઘણા પછાડા. ૧૪
અમર્ષ નિઃસંશય પાપમૂળ, પદે પદે ઠોકર, ખાય, ભૂલ.
ઉચ્છેદશે વંશસમેત કુળ, તજો તજો દુષ્ટ અમર્ષ–શૂલ. ૧૫

**વસંતતિલકા.**

હે ક્રોધ યોધ તુજ બોધ હવે જવા દે,
હાવે લગાર ઉપશાન્તિ મને થવા દે,
સદ્બુદ્ધિને ગ્રહણથી કર મુક્ત ભાઈ,
તોડાવવા ન મથ શોણિતની સગાઈ. ૧૬

---

## લોભ.

**ભુજંગી.**

જવું એક દહાડે યદા જો મરીને, પછી કામ શું દામને સંગ્રહીને,
પછી પ્રીત દારાતણી હોય કેવી, પછી શી સગાઈ સગાં સાથ વ્હેવી ! ૧
થવાના જનો કાળના સર્વ ચારા, પછી પાપના બાંધવા કેમ ભારા,
પછી શા દગા વૈર વિશ્વાસઘાત, પછી કેમ માયાવિશે સન્નિપાત ! ૨
યદા નામનો થાય છે સદ્ય નાશ, પછી આશપર્યંત શી જાય આશ,
પછી કીર્ત્તિ પૃથ્વી તણો મોહ કેવો, પછી ભાર આભાર શાકાજ લેવો ! ૩
નથી ફાવવાના યદા કાળ સામે, પછી આદરે સાહસો કેમ હામે,

પછી રાત.દૂહાડો નહિ શેં વિરામે, ભજી લક્ષ્મીને ઇષ્ટનુ દે ન નામે. ૪
રમાનો લગારે કરીને ભરૂસો, રખે ભૂલભૂલામણી મધ્ય ધુસો,
ઘટે ના અજંપો ગતપ્રાયસાર, નથી આપણું ત્યાં કશું મ્હારૂં ત્હારૂં ? ૫
નથી દેહ પોતાતણો તોય હાથે, પછી ખેંચવો કેમ સંસાર માથે,
પછી ધારવું કેમ દેહાભિમાન, ચલા લક્ષ્મીનુ ધારવું કેમ ધ્યાન ? ૬
જવાનુ જવાનુ જવાનુ જરૂર, પછી રાખ ને કુંમળું કાંક ઉર,
પછી આકળો લોભમાં શું ફસાય પછી આમ બ્હેબાકળો કેમ થાય ? ૭
ફરે છે યદા કાળનુ શીષ ચક્ર, પછી શું ગળે પારકું દ્રવ્ય, નક્ર,
પછી રોજ સુઝે નવા કેમ ચાળા, પછી શેં કરે કર્મના છેક કાળા ? ૮
બળી ભસ્મ થાશે સુરૂપી શરીર, નહિ હોય તેને મહામૂલ્ય ચીર,
નહિ હોય તેને જરા લાડપાડ, રહે શ્વાનને ચાટવા માત્ર હાડ. ૯
ધરે કીટ ને કર્મના વીંટ કાયા, નથી રાખતા તે વિશે સુજ્ઞ માયા,
નથી આપણી સાથ તેને સબંધ, નથી યોગ્ય જાણી થવું છેક અંધ. ૧૦
ઘટે શ્લેષ્મ ને નર્ક ને રક્તસ્થાન ઘટે તેહને આટલું શાનું માન ?
ઘટે કેમ ગંધાણને મોગરેલ, ઘટે જ્ઞાન તેનો કર્યે ક્ષુદ્ર મેળ. ૧૧
કશી છે શરીરે કહો ભાઈ શોભા, પડ્યા રોમના જેટલા યત્ર ગોભા,
કશું છે ધનીના વપુકેરૂં મૂલ્ય, રહે શેષમાં કાજળી અસ્થિ ધૂળ. ૧૨
બન્યું માટીમાંથી વપુ થાય માટી, પછી શું રમા જોઇને જાય ફાટી,
પછી શી અનુકૂલતા ભાત ભાત, ઘટે માટીનો સુજ્ઞને ના ઉચાટ. ૧૩
બન્યો પંચમહાભૂતનો દેહ એક, પછી શો પરાયાવિશે હોય ટેક,
પછી આત્મકારાગૃહે મોહ કેવો, પછી દૈન્ય ધારી રમા શાની સેવો ? ૧૪
નથી કોઇ અદ્યાપિ પર્યંત ફાવ્યો, નથી દેવને ધેરથી કોઈ આવ્યો,
વળી કાળથી ઈંદ્ર તોએ ચવાયો, અરે ! તું ન સંસારથી તોય કાયો ! ૧૫
હતું ના હતું થાય જોતાં હમેશ, નહિ નામ કે ઠામનુ સ્મર્ણ લેશ,
પછી લોભથી શું ભમે દેશ દેશ, ઝપાટે ઉડી આ જશે ભવ્ય વેશ. ૧૬

## રોળા વૃત્ત.

લોભ કરાવે દ્વેષ કલેશ પણ મનમાં આવે,
લોભ તજાવે દેશ વેશ ભુંડા ભજવાવે,
સ્નેહ અને સંબંધ સુગુણ યશમાન ગુમાવે,
કરતાં જનને અંધ ધર્મ સુખ શાન્તિ ભુલાવે. ૧
લોભ પાપનું મૂલ ગરજ દુષ્મનની સારે,
ધ્રુવ લઇ અધ્રુવ ધરે હૃદયમાં અગ્નિ ભારે,

લોભે લક્ષણુ જાય, લક્ષ ઉપાધિ આવે,
દક્ષ, ધરીને લક્ષ લોભ પરહરજો ભાવે. ૨

---

## મોહ.

### દ્રુતવિલંબિત.

અમલથી મલ મોહતણો ભરી, કયમ સુબુદ્ધિ તિરોહિત તેં કરી ?
સમયસ્રાવ તને સમજાય છે ? મરણનુ ઋણ અંગઉધાર છે. ૧
અખુટ ધાન્ય અને ધન સંગ્રહી, સકલ વૈભવ શક્રતણો ગ્રહી,
ફુલસમાન ફરે ફુલતો વટે, મરણનુ ઋણ તોપણ ના મટે. ૨
ગુરૂ પિતા જનની નૃપની તથા, નવ ધરી જનને કરતાં વ્યથા,
પુરૂષ વક્ર ફરે થઈ શું અહિ, મરણ આગળ લાડ નિભે નહિ. ૩
દશન ઓઠ પિશી કર વિસ્તરે, નયન ક્રોધ કરી કરડી કરે,
હૃદય ઠોકી ભયંકર શું ફરે, ડર ધરી યમદૂત નહિ ફરે. ૪
સુજનસાથ અકારણ વૈરથી, ધરમ–ધારણ તું ધરતો નથી,
નહિ ડર્યો વિભુને હસી ફ્હાડતાં, મરણ તોય મુકે નહિ નાસતાં. ૫
ચલ રમાપર આ દૃઢ પ્રેમ શો, જડ વિશે થઈ ચેતન શું ફર્યો ?
રમત કાળની સાથ ઘટે નહિ, મરણ–સર્પ સદર્પ ડસે સહી. ૬
દિવસ રાત ન જંપ ધર્યો જરા, કપટ ત્યાગ કર્યું ન ધરી જરા,
કરમ ફોકટ નિત્ય રહ્યો કરી, મરણ ઘાત ગયો વિસરી નરી. ૭
કુટિલનાં પણ દાસ્ય રહ્યો કરી, કૃપણ આગળ તેં વિનતી કરી,
કુકૃતિથી અધિકાર રહ્યો રળી, મરણ આગળ સર્વ જશે ગળી. ૮
ન કરવાનુ ત્રિયા અરથે કર્યું, પુનિત અંતર ગૌણ સ્થલે ધર્યું,
સુહૃદ બંધુ તજ્યાં ધન કારણે, સમજ ! મૃત્યુ રહ્યું ઘરઆંગણે. ૯
નવ દિઠી જનમી સુખની ઘડી, શિર સહી અપવાદતણી ઝડી,
બહુલ વિત્ત ઉપાર્જન તેં કર્યું, તદપિ મૃત્યુ ન દૂર જરી સર્યું. ૧૦
બહુ પ્રપંચનુ મંડળ મેળવી, કવલ દુર્બલનો પણ ઓળવી,
ઉદર પૂર્ણ ભર્યાવિણ શું ફરે ! મરણને નહિ દ્રવ્ય કુંળુ કરે. ૧૧
વચન સત્ય વદ્યો શમણે નહિ, કનડવા પર મગ્ન સદા રહી,
સતત ઘાત કરે વિશવાસનો, સમય શું વિસરે અવસાનનો ! ૧૨
ગરથમાં શઠ વ્યર્થ ફુલ્યો ફરે, ન ઉપભોગ પ્રદાન જરા કરે,
તદપિ અર્થ ન એક જરી સરે, ગરથ શો જવ ગર્જ નહિ સરે ! ૧૩

ભવન ભવ્ય અલિંદ છજાં અને, નવલ બાગ અને રણુવાસને,
સરવ રાખી રહો અનુકૂલતા, પણ થશો ક્ષણમાં ન હતા હતા. ૧૪
અગણુ ધાન્ય અને ધન ને ધરા, સુયશ દાબ પ્રતાપપરંપરા,
ઇહ રહે પ્રિય તોપણુ તે પડ્યાં, જરૂર આગળ સંચરવુ છડાં. ૧૫

---

## મદ.

### સવૈયા.

અંદરનુ નહિ સ્વચ્છ કરે શકી બાહર શા ધરવા પછી વાગા ?
અસ્તર સુંદર હોય ભલે પણુ અંદર છે ક્ષણભંગુર ધાગા.
મૂત્ર અને મલ પિત્ત અને કફ શોણિત શ્લેષ્મ તને ભરવાની,
કોથળી ચર્મતણી શિવી હાટકમાળની ઉપર લક્ષ વશાની. ૧
ચક્ષુ પિયા પ્રસરે પણુ, ચક્ષુ છતાં પિયુ પ્રાણુપ્રિયાપર ઘેલો,
નાક અહોનિશ લીંટ વહે પણુ નાકનુ સુખ ગણે અલબેલો,
વક્ત્ર થકી પણુ લાળ ગળે પણુ મૂઢ ગણે અધરામૃતરેલો,
દેહ નિરંતર સ્વેદ સજે ન તજે પરસ્ત્રી પરિરંભણુ મેલો. ૨
હંસસમી ગતિ માની ગુમાની થઇ નિરમાની ભજે અબળાને,
હાસ્ય શશી સમ ધારી વિકારી પડે વ્યભિચારી ચ્હડે જવતાને,
બોલ રૂડી મહતીથી અતિ મતિહીન મધુર ગણે અવિચારી,
શુક્રની પૂતળી શુક્ર ગણી થઇ વક્ર ફરે યમચક્ર વિસારી. ૩
પ્રીત અહિત વિશે કરી શ્રીપતિ ઉપર પ્રીતિની રીત ઘટાડી,
સુતનુ ઉપર વિતનુથી તનુધારી બને, થઈ સુજ્ઞ, અનાડી,
અસ્ત સમસ્ત થતો નિરખે પણુ મસ્ત બની જન ગ્રસ્ત ત્રિયામાં,
કામની કામિની થાય નકામની, કામનુ કામણુ કાયરતામાં. ૪
ચિત્ત ખચિત રચિત ઇષે પણુ ચિત્તહરાપર ચિત્ત ચળે છે,
પ્રીત સરિત અમિત વહે પણુ નિત્ય અનિત્ય રતિ શુ મળે છે,
રાત પ્રભાત સુજાત કજાત બની લલના રસમાં મન પેસે,
ધર્મ–ધરી ન ધરી સુધરી સધરી નહિ સંસૃતિની ગતિ લેશે. ૫
શું લટકે ચટકે ભટકે, ખટકે ન ભવિષ્ય વિચાર લગારે,
જો સટકે કટકે કટકે, ન ટકે ક્ષણુ યૌવન સો ઉપચારે,
શ્વાસ યદા અટકે છટકે ફટકે પટ કેસરિનુ ધરનારો,
હાટકઘાટ કચાટ કળી વટ ઘાટ ઉચાટ કરે તવ હારો. ૬

ફુલ્લ મૃણાલ મુખાલય ભાલ વિશાળ ગુલાલભર્યા દ્વય ગાલો,
બાળ મરાળની ચાલ, કુચાલ, સવાલ કમાલ કરી બહુ ફાલ્યો,
ધારી હલાહલ પ્યાલનુ ખ્યાલવિના બહુ ખ્યાલ કરી મદ ધાર્યો,
કાળ કરાળ અકાળ હલાલ કરે તવ, લાલ, હવાલ નઠારો. ૭

એક ન ટેક હરેક ક્રિયા અવળી સવળી પણ શુદ્ધ મનાઈ,
છેક વિવેક ગયો, કલના લલનાજનની મન ભવ્ય ગણાઈ,
મૂરખતાજ, ન લાજ, જહાજ તજી ભવસાગરમધ્ય તણાઈ,
કર્કશ કર્ક, કુતર્ક વિતર્કથી અર્ક તજી કીધ નર્ક-કમાઈ. ૮

રાસ વિલાસ સુવાસ સવાસ રહવાસ કર્યો મસ આશત્રિયામાં,
રંગ પ્રસંગ ઉમંગ વિહંગસમાન સહુ ઉડી જાય હવામાં,
આગળ, પાગળ, છાગળના ગળતુલ્ય ગળે તુજને યમ રહેશી,
મસ્ત નિરર્ગલ મેગળશો પણ અસ્ત થશે બહુ ખસ્ત સુકેશી. ૯

દેશ વિદેશ ફર્યો, ન સ્મર્યો પ્રભુ, દ્વેષ ધર્યા, જન, તો ઝટ હાર્યો,
એશ બન્યો, પણ લેશ ભણ્યો પરમાર્થ ન, સદ્ય ગયો, જન, માર્યો,
જે અપકાર અપાર કર્યા ઉપકાર પછી કરશે કુણ ત્હારો,
સ્વાર્થ વિસારી અનર્થ કરી જન વ્યર્થ કરે ક્યમ આ જનમારો ? ૧૦

અંતર, જંતર મંતર તંતરથી, ન સ્વતંતર ખંતથી ધાર્યું,
દુઃખ નિકેતન સેતનશો ધનલોભ નર્યો ધરી ના મન માર્યું,
ખાર અપાર પ્રચાર કરી તલભાર ન વાર વિચાર કરાયો,
ખષ્ટ ખવાર થયો પણ હારદ પાર લગાર ન યાર જણાવ્યો. ૧૧

દ્વેષ હમેશ વિશેષ કર્યો પરમેશશુ લેશ રમેશ ગણાતાં,
હાઠ કર્યો, મૂછ હાથ ધર્યો, મનગુસ્સ ભર્યો, સ્તુતિપાઠ ભણાતાં,
ધારી તમામ દમામ લલામ સલામ ઝીલી ધરી મામની ભ્રાન્તિ,
જીવન નાંદર કાન્તિ અને ઉપશાન્તિ તથાપિ સરે કરી વાન્તી. ૧૨

નાગ, સુરાગ સુહાગ ધર્યો પણ, નાગર, નાગ, ન આગળ જોયો,
કાગ, અથાગ પ્રજાગરણે પણ લાગ ગયો સુખ આગમ ખોયો,
હસ્તિ, કરી જનવસ્તી શુ મસ્તિ અમસ્તિ પ્રશસ્તી કરી નિજ સસ્તી,
હંસ બન્યો, જ્યમ કંસ નૃશંસ, અસંશય ધ્વંસથી ના થઈ કુસ્તી. ૧૩

બાગ, પરાગ ન માગ ધરે અનુરાગથી આગ ઉઠી તન ભાગે,
ભાગ લઈ ભવસાગરમાં અધગાગર પૂર્ણ થતાં જન ત્યાગે,
ભ્રૂ કંમલા કમલાસ્યવતી કમ લાજવતી નિરખી હરખાતો,

ચેંન નહિં'ધનઘેંન વહી દિનરેંન સરેંણુ થકી કચરાતો. ૧૪
દેહ નથી તુજ, ગેહ નથી તુજ, નેહ નથી તુજ, ચેહ તહારી,
હાર થશે, વ્યવહાર વિહાર જશે, ઉપહાર વિશે પણ વારિ,
કોણુ સ્મરે ખુબસુરત મૂરત શૂર તથા ધન ધામ તમારાં,
ભુંગ પતંગ કરે ફફડાટ અચાનક સર્વ અનંગ થનારાં. ૧૫

---

## મત્સર.

### સ્વાગતા.

મિત્રના ઉદયમાં નહિ રાચે, ધૂર્ત્ત, મત્સર થકી કયમ નાચે,
શું બગાડ કરવા બહુ ટાંપે, કાળ તો પકડશે, શઠ, ચાંપે. ૧
જો ભવિષ્ય પરનુ થયું સારૂં, શું હતું તુજ ગયું કશું ત્હારૂં ?
ચંચણ વગર કારણુ શાને, કાળની ગતિ ખરી ન પ્રમાણે. ૨
થાય વાળ તુજથી નહિ વાંકો, ધારવો શલભ તુલ્ય ન ફાંકો,
દુષ્ટ તર્ક તુજ જાય હવામાં, દગ્ધ અંતર થશે બદલામાં. ૩
ધૂડ તુલ્ય જન થાય અદેખા, ના ગ્રહે સુમતિની રવિલેખા,
મૂઢ શું સહજનુ ગણુ ર્‌હેંસે, અલ્પ કાળ ચલ જીવિત ર્‌હેશે. ૪
શા કુતર્ક પરઉન્નતિ સામે, આપવું નહિ પડે ધન નામે,
વેઠવી નહિ પડે વ્યથ ત્હારે, તોય કલેશ હૃદયે કયમ ધારે ? ૫
દેહ બુદ્ધિ-નવનીતથી ખાસો, કંટકી તદપિ થાય જવાસો,
શુષ્ક થાય વરસે જલ વર્ષા, ર્‌હે સદૈવ હત ચાતક તર્ષા. ૬
એકવાર નહિ ત્હારૂ બગાડ્યું, વેર લેશ તુજ સાથ ન માંડ્યું,
ભાઇ ભાઇ કરી વક્ત્ર સુકાય, તોય શું ઉદિતથી અકળાય. ૭
અસ્ત ને ઉદયની ઘટમાળા, મેળવે ઇહ શુભાશુભ ટાળા,
ભાસશે વિપમ અલ્પમતિને, સૃષ્ટિમાં સમ જણાય કૃતિને. ૮
કાળની સકળ છે બલિહારી, શું પરાક્રમ કરે વપુધારી !
તોય કેમ ઘરવા મન ધારે, કાળની ગતિ ન કોઇ નિવારે. ૯
લોટનાં અવનવાં પકવાનો, થાય ધ્રંશ પણ ગેભ્રર તેનાં,
એ અનુભવ ભુંડા કયમ ભૂલે, બુદ્ધિ શી વિબુધની પડી ચૂલે. ૧૦
રત્ન છે નિરવધિ વસુધામાં, સ્વાશ્રયે સુલભ મેળવવામાં,
અન્યના અહિતની ઇપણાથી, ખષ્ટ થાય સુર કે મુનિ ભાથી. ૧૧
કાલ અંબુધિ અનંત અનાદિ, રત્ન ત્યાગ કર્યું ખાર-સવાદી,

મિષ્ટ વારિ તુજ સન્મુખ ધાર્યું, દ્વેષ કલેશ કરતાં ન પીવાયું. ૧૨
ખોદવા સતત ઉદ્યમ ત્હારો, તોડવા અધમ થાય વિચારો,
પ્રાપ્તિ, બીજ અનુરૂપ, મળે છે, તોય દોષ વિધિને શઠ દે છે. ૧૩
“કર્મ એજ વિધિ” એમ ન જાણે, ખારભાર હઠિલો શિર તાણે,
વેર વેર દિનરાત જપે છે, વેર ઝેર ઝરતાં વિલપે છે. ૧૪
ઉચ્ચ બુદ્ધિ પરમાર્થ દબાવી, કાળું કૃત્ય કરવા મતિ વાળી,
કષ્ટ દેઇ, સુખ-આશ ધરે છે, દુઃખ થાય તવ દીન બને છે. ૧૫

### મંદાક્રાન્તા.

ઇર્ષ્યાકેરી ધમણ ધમતાં ઝેરનો વાયુ વ્હે છે,
શ્વાસોચ્છ્વાસે ધકધક મહાજ્વાલ હૈયે ઉઠે છે,
રોમે રોમે વિષમ તનખા મત્સરીને ઉડે છે,
ભુંડાઇના પ્રથમ ફળમાં દેહ પ્હેલો ગળે છે. ૧
ઇર્ષ્યા ર્‌હાતાં મન અશન કે પાનમાંથી ખસે છે,
નિદ્રા જાતાં મૃદુશયન તે શૂલ જેવું બને છે,
પ્રત્યાઘાતે રિપુહનનની યુક્તિના થાય પાત,
છાતી ફૂટે શિરસ પટકે તે પછી થાય મ્હાત. ૨

---

## મૃત્યુ.

### શાલિની.

જોતાં જોતાં જો ઘડો જાય ફૂટી, જોતાં જોતાં અંગ જાએ વછૂટી,
જોતાં જાએ જંત્રનો તંત્ર તુટી, ત્યારે શાને તું મરે આમ કૂટી ! ૧
ચાલી જાશે વારિની લ્હેર છોટી, જોતો ર્‌હેશે વાગશે મૃત્યુ-સોટી,
ના થાવાનો કાળ તો લેશ ખોટી, શા સારૂ તો ધારવી આશ મ્હોટી ! ૨
ત્હારે કાજે આ રચી ઇંદ્રજાળ, મારે તુંને સોગટી તુલ્ય કાળ,
મુકી સર્વે જાવું થાશે અકાળ, ત્યારે શો છે ગર્વમાં ભાઇ માલ ? ૩
ક્ષુદ્ર દ્રવ્યે દેહ ભાગો ભરાયા, તેમાં લાગી છે અવિદ્યાની છાયા,
ગંધાવાની દિવ્ય દેખાતી કાયા, ત્યારે તેમાં લેશ શી હોય માયા ! ૪
થાવાનો છે દેહનો વિપ્રયોગ, લેશે તેનો ભૂત નિશ્ચિત ભોગ,
જેવો આવ્યો તેમ પાછો જવાનો, ફુલે ત્યારે થૈ પરાધીન શાનો ! ૫
ચૂશી લેશે સર્વ શોણિત ત્હારૂં, ખુંચી લેશે રૂપ ને સત્ત્વ સારૂં,
તાણી લેશે જોર ને તોર ફોર, ત્હારાથી તો ચોરનો કાળ ચોર. ૬

પૂરી રખિો વજ્રના પાંજરામાં, સંતાડી દ્યો સ્વર્ગ કે ભોંયરામાં,
પીવા ખાવા દ્યો સુધા દિન રાત, તોએ લેશે જીવને કાળ ભ્રાત ! ૭
ન્હાડી રોજે સાબુથી સર્વે મેલ, ચોળી અંગે ગંધ સાથે ફુલેલ,
શોભાવી દ્યો માંસને હાડ માળ, ચાવી જાશે તોય સર્વસ્વ કાળ. ૮
ઔષદ્ધિઓ સૃષ્ટિની સર્વે લાવો, જોષી જંત્રી પાસ યુક્તિ કરાવો,
નવ્વાણુએ આદરોને ઉપાય, સોમો તોએ મૃત્યુનો ના જણાય. ૯
ના લેખામાં માતૃ કેરો વિલાપ, ના લેખામાં બાપના દીન શાપ,
ના લેખામાં પ્રેમદાની વ્યથાઓ, ના લેખામાં છોકરાંની દશાઓ. ૧૦
મ્હોટાં ન્હાનાં સ્તંભથી હસ્તિ આદિ, પ્રાણી સર્વે દેવ વિદ્યાધરાદિ,
ભક્ષી જાએ એ વિના સ્વાદ જ્યારે, આહા કેવી કાળની ભૂખ ભારે ! ૧૧
"મ્હારૂં મ્હારૂં" એમ માની ફુલાય, લક્ષ્મી જોઈ મત્ત રે ! મૂઢ થાય,
વાંકો વાંકો શું ફરે દેહ મર્ડી, જાણે છે કે કાળ તો જાય કર્ડી ! ૧૨
આવી ત્હારે હાથ લક્ષ્મી વિશેષ, તેમાં રાખે શો અટાટોપવેશ,
પ્રાણીઓને શું વ્યથા તું કરે છે ? ત્હારા જેવા રોજ લાખો મરે છે. ૧૩
મીઠું બોલી છેતરીને ઠગે છે, થાતાં હાની સત્યમાંથી ફગે છે,
શા જીવ્યાને સારૂ આ ઉતપાત, રહેવાની છે દેહને મર્ણ-ઘાત. ૧૪
ફાટી જાશો શું ફરો ભાઇ ફાટ્યા, આ સંસારે પાપમાં કોણ ખાટ્યા !
ઉઘાડાં છે દ્વાર ને ખાળ દાટા, જાણી બાંધો આંખમાં કેમ પાટા ! ૧૫

## ઉધાર.

કીધો લેશ નહિ વિચાર, છોડ્યાં શસ્ત્ર સહુ નિરધાર,
ધાર્યો ધર્મ નહિ પળવાર, ફરતો છેક થઇ હુંશિયાર. ૧
રાખે હૃદયમાં બહુ ખાર, ચાલે મત્ત જ્યમ તોખાર,
મરડે મૂછ શાને, યાર, પગ છે હેડમાં આ વાર. ૨
હોએ જોર જો તલભાર, મૃત્યુ જીતવા તૈયાર,
થઇને પાડ જગમાં બાર, નહિ તો વાગશે ઝટ બાર. ૩
જીભે શ્વાનને બહુ જોર, તેવો કેમ થાય નઠોર,
હાંસે પાપ કરતાં ઘોર, ખોદે હાથથી શું ઘોર. ૪
બુદ્ધિ વામ કામ હરામ, કરતાં રૂઠશે વિધિ રામ,
જાશે ભામ દામ તમામ, ખોશો ઠામ નહિ રહે નામ. ૫
ધર મન રામ કર શુભ કામ, ત્યજ ગોગ્રામ ભજ સુખધામ,
નિષ્ઠા ધાર ઇચ્છા વામ, મુકી મામ મુક્તિ પામ. ૬

# વિશુદ્ધિ.

## તોટક છંદ.

### ( ૧ )

જનમાં અવિવેક વશ્યો અતિ શો ! જન ટેક તજી સ્મર હાથ ફશ્યો !
તજતાં નિજ નાર સુધાની લતા, વિષવલ્લિ કરી નિજ અન્યમતા. ૧
જ્યમ આપણી તેમ બીજાની સતી, ક્યમ તે પ્રતિ થાય અશુદ્ધ રતિ !
ક્યમ કૌવચને નિજ દેહ સજી, ક્યમ સર્પની સ્હોડ કરે સમજી ! ૨
ભય કંપ સદૈવ, નિરાંત નહિ, યશ તેજ અને ધન જાય વહી,
જનમાં પણ "લંપટ" નામ પડે, શિર ઉપર સત્વર મૃત્યુ પડે. ૩
પુરૂષાર્થ અને નિજ સ્વાર્થ ભુલે, ભવસાગરમાં નિજ નાવ ડુલે,
નહિ જંપ જરા પણ સંપ રહે, ગૃહિણી કરશે બહુ કલેશ ગૃહે. ૪
વ્યભિચાર વિચાર ચરે સબળા, પર-શોણિત પાન કરે અબળા,
સુખ કામ-પરાજિતને ન મળે, કુમળે હૃદયે પણ અગ્નિ બળે. ૫
બહુ કાક સમાન ક્રિયા કરવી, ખર શ્વાનની રીતિ અનુસરવી,
દરરોજ અતૃપ્તિ દિલે ધરવી, વણકારણ ઉંઘ પ'રી કરવી. ૬
ક્યમ નૂતન રૂપની જાળવિશે, લપટાય અકારણ તુ અતિશે ?
ક્યમ દર્શન તું વિપરીત કરે, વપુ અંદર તો મલમૂત્ર ભરે. ૭
પરનારની વેણ તને ખટકે, લટકા ચટકા નયને અટકે,
ઝટ બુદ્ધિ પછી સટકે સટકે, સ્મર મુગ્ધ કરે પટકી ચટકે. ૮
સ્તન ફુલ્લ ગુલાબ સમાન ગણી, ગણતો સ્વર કે સ્મરની ધરણી,
ન વિચાર કરે મન મૂઢ બન્યું, સ્તન અસ્તર માંસ રૂધિર તણું, ૯
મુખકાન્તિ શશાંક સમાન લહી, સ્વપને પરદાર-નિમગ્ન રહી,
મનમાં ન વિવેક લગાર ધર્યો, ત્વચ વર્ણ વિશે સહુ ફેર રહ્યો. ૧૦
મૃદુ ભાષણ મંજુલ હાસ્ય કરી, ગતિ હંસની ચંચલ નેણ ભરી,
તુજ ઉપર કામણ નાર કરે, ક્યમ તે પર તું રતિ અંધ કરે ? ૧૧
તજતાં નિજનાથ તને મળશે, મન તેનુ તને ક્ષણ શું હળશે ?
પરમાં વિષયાંધ કશું પરખ્યું ? જવ સ્પર્શનુ સુખ બધે સરખું. ૧૨
સહુ ઘેર ત્રિયાજન ઉછરતાં, સમયે નવજોબનને ધરતાં,
દિનરાત જુવે પણ ના સમજે, પરનાર વિશેષ ન ભાવ સજે. ૧૩
ભરજોબન રોજ જુવે સરતાં, મદમસ્ત તથાપિ જરા ધરતાં,
ન તથાપિ નિશો તુજને ઉતરે, કુલટા-મૃગવારિનુ ધ્યાન ધરે. ૧૪

નિજ હોય ન તે નિજનુ ગણવું, પરમાં શુભ કલ્પિત શું ચણવું!
વિપરીત ક્રિયા અમથી કરવી, વણુ કારણુ પીડ ઉભી કરવી. ૧૫

૨

ધંરની ગૃહિણી વિશવાસ ધરે, કરવા સુપ્રસન્ન ઉપાય કરે,
પણુ તે પર પ્રીતિ તને ન થતી, કયમ આમ ગઇ બદલાઇ મતિ! ૧
નિજ જીવિતથી અદકો ગણુતાં, સુખ દુઃખ ન જાતતણું ગણુતાં,
તુજ દાસ્ય કરે દિનરાત પ્રિયા, તજી તેહ કરે નિજ અન્ય-ત્રિયા! ૨
સુખની સરિતા તુજ દુઃખ સમે, સહુ ત્યાગ કરે પણુ એ પ્રણુમે,
તજી તે વ્યથ-ખાણુવિશે વિરમે, દુરભાગ્ય! વધૂ નિજ કેમ દમે! ૩
નિજ પેટવિશે નવમાસ ધરી, જનની જણીને સુખ રહે પ્રસરી,
તજી તે તુજપાસ સદાય રહે, કયમ તે પ્રમદા ભુલી અન્ય ચહે! ૪
અતિ લાલન વર્દ્ધન પોષણુથી, કુંવરી સુશિળી કરી શીક્ષણુથી,
નિજ તેહ પિતા પ્રિય વૃદ્ધ તજે, તુજ કારણુ; તું પણુ અન્ય ભજે! ૫
સરવેય સહોદરને તજતાં, પ્રિય વસ્તુ સમસ્ત પ'રી કરતાં,
તુજ સ્નેહ સજે, સખી ને વિસરે, પણુ તું કયમ કૃત્રિમ પ્રેમ ધરે! ૬
પ્રમદા નવજોબનમાં ઝુલતી, પ્રભુથી સબળો તુજને ગણુતી,
તુજ ઉપર વારી જતી યુવતી, પણુ તું કયમ થાય અનાર્યપતી! ૭
તુજ કારણુ નૌતમ ભોજ્ય કરી, હઠથી પિરસે મન મોદ ભરી,
તુજ અન્ન ઉચ્છિષ્ટ સુધા ગણુતી, પર-મગ્ન, ન તેની તને ગણુતી. ૮
સુખમાં સુખ દુઃખશું દુઃખ ધરે, તુજનેજ બહિશ્વર પ્રાણુ કરે,
મુખ ચાતકડી તુજ જોઇ રહે, ઠરતો નહિ તોપણુ, મૂર્ખ, ગૃહે. ૯
પરમેશ્વર તુલ્ય તને અરચે, તુજ કારણુ આશ અનેક રચે,
ઉપરાણુ ગણી તુજ મસ્ત બને, નહિ કિમ્મત તેની લગાર તને. ૧૦
હરતી ફરતી રતિપાઠ ભણે, તુજ તુલ્ય ન અન્ય મનુષ્ય ગણે,
કુલતારક પુત્ર તને અરપે, પણુ તું પરનારનુ નામ જપે. ૧૧
શણુગાર અલૌકિક રીઝવવા, ધરતી લલના તુજને મળવા,
પણુ મ્હેણુ સહે પરનારતણુ, ભટકે તજતાં રમણી રમણું. ૧૨
તુજ જીવિત સાથ સુહાગ તજે, સુખવૈભવ સ્વાદ ન લેશ ભજે,
સ્મરતી ગુણ, દુર્ગુણુને વિસરી, છતનો તુજને નહિ ખ્યાલ જરી. ૧૩
વ્યભિચાર, દુરાચરણી! કરશે, શિશુ નાર કુછંદ પછી શીખશે,
તુજ સંકર સર્વ પ્રજા બનશે, જગમાં પણુ નર્ક અનુભવશે. ૧૪

જન ચેત હજી શઠ ચેત હજી, હિત હાનિ રહે મનમાં સમજી,
તુજ પાંખ વિખુટી કરીશ નહિ, તવ સ્વર્ગ વિશે વિચરીશ સહી. ૧૫

## પદ.

શાને કરે વ્યભિચાર, મુરખ તું, શાને કરે વ્યભિચાર.
ચિત્ત લગાર વિચાર. મુરખ તું શાને, ટેક.
હિતકર બુદ્ધિ કુપથ લઇને, ફસાવે પરદાર! મુરખ તું. ૧
સ્નેહ અને નિજ ગેહ તજી શું, છેક બને નિશિચાર. મુરખ તું. ૨
કુળવધૂ તજી કુળ ગયો ભૂલી, થયો કુળ–અંગાર. મુરખ તું. ૩
નફ્ટ થઇને કપટ રમતો, તોડે લગ્ન કરાર. મુરખ તું. ૪
સુમતિ–શીક્ષણ પરાં કરી શું, સેવે ચિત્ત–વિકાર. મુરખ તું. ૫
જોબનમદથી મંદમતિ થઇ, ફરે ખરસમ ખ્વાર. મુરખ તું. ૬

## દુહો.

જોબન મદમાં ઝૂલતી, ગૃહે પદ્મિણી નાર,
પણ પર પાછળ જન ભમે, ધિક્ ધિક્ રે શતવાર. ૧

---

## સત્ય.

### પ્રહર્ષણીવૃત્ત.

થાવાનું વગર શ્રમે અચૂક થાય, જાવાનું દૃઢ ગ્રહ હોય તોય જાય,
બાંધ્યાં છે વિધિ-ગતિએ ખરાં પ્રમાણો, મિથ્યા છે શ્રમ જનના અધર્મ્ય જાણો. ૧
શા માટે અધમ થવું વદી અસત્ય, ખોટું તો નિશચરનાં વદે અપત્ય,
જૂઠાને ક્ષણ કદિ લાભ થાય ભારે, જૂઠાને ત્રિવિધિ વિપત્તિ જો ન મારે, ૨
જૂઠાનો યશ કદિ થાય ભૂરિ ભારે, તે જોઇ અનૃત વદીશ ના લગારે,
પૂર્વેની સુકૃતિ, વિચારી, જન્મ પામી, ઉગાડે મુશિબતનાં ફળો હરામી. ૩
વાવે કે તુરત ઉગી શકે ન બીજ, તે કાળે ફળ પણ આવતું નથીજ,
થાવાની પણ ફળ–પ્રાપ્તિ એક દિન, સંસારે જન નિજ કર્મને અધીન. ૪
એ રીતે સમજ ધરી વિચારવાન, ના ધારો ઉદય અસત્યનો પ્રમાણ,
જૂઠાની સકળ સમૃદ્ધિ દુઃખમૂલ, દેખાએ પ્રફુલિત પુષ્પ તોય શૂલ. ૫
કોઠીમાં પ્રથમ ભરેલ મિષ્ટશાળી, નાખે છે ઉપર અનાર્ય ત્રીહિ કાળી,
નીચેથી લઇ મૃદુ ધાન્ય હર્ષ પામે, તે જોઇ અચરજ પામતા ન નામે. ૬
વાવીને વિષમય ઈંદ્રવર્ણ ઝાડ, લેવો છે રસમય આમ્રનો સવાદ,
શી રીતે જગ વિપરીત રીત થાશે, ધારા શું અનૃત વદ્યા થકી ભુસાશે! ૭

જૂઠાની ક્ષણભર ના ટકે કમાણી, જૂઠાનાં સહુ સુખ થાય ધૂળધાણી,
જૂઠાના પણ પર જાય રેલી પાણી, જૂઠાને પણ નહિ પાય કોઈ પાણી. ૮
વીવાનાં પણ વરથી કરે અસત્ય, જૂઠાનું હિતકર છે ન એક કૃત્ય,
જોતામાં અનૃત કરે સુધાનુ ઝેર, વાધે છે ધરધર કેર ઝેર વેર. ૯
શા માટે અનૃત તણો કરી ઉચ્ચાર, ભારેછે શિરપર પાપપુંજભાર ?
જાવાનાં વપુ ધન ધામ નામ રામા, થાવાના સકળ પ્રયત્ન છે નકામા. ૧૦
બોલે છે અનૃત ન શૂર તે જણાય, જૂઠા તો અવિરલ પંઢમાં ગણાય,
દેખીને ભયભય હામ છેક હારી, બોલે છે અનૃત અભાગિયા જુગારી. ૧૧
બોલે છે વચન અસત્ય રાંડ ડાંડ, વેશ્યા કે વિટ શઠ ભાટ ચોર ભાંડ,
શાણા તો અનૃત ગણી સ્મશાનવાની, વર્જે છે વિષમય સર્પ-દંશ માની. ૧૨
જૂઠાને ન અશન પાન લેશ ભાવે, જૂઠાને ક્ષણભર ઉંઘ કેવી આવે ?
જૂઠાને ધસમસતી ડસેછ ચિંતા, જૂઠાના હૃદયવિશે બળેછ ચીતા. ૧૩
રાખીને હરદમ સત્યનો સ્હવાસ, વિસ્તારો ત્રિભુવનમાં મહા સુવાસ,
ચાખીને અનુપમ લ્હાવ પ્રેમ માન, શાન્તિમાં ભવજળમાં કરો પ્રયાણ. ૧૪
અત્યારે પણ હરિચંદ્ર ધર્મ નામ, બોલીને પુનિત બને જનો તમામ,
રાખે છે વિભુપણ સત્ય સાથ પ્રીતિ, સૃષ્ટિમાં જયકર સત્ય એજ નીતિ. ૧૫

---

## દયા.

### ચંદ્રાવળાછંદ.

નિર્મલ વૃત્તિ નિરંતર ધારી, નિર્બળ ઉપર પ્રીત,
ગર્વ તજી મન રાખ વિચારી, ચિત્ત ધરીને પુનિત,
ચિત્ત ધરીને પુનિત તમારૂં,
ધર્મનુ કાર્ય ગણી અતિ પ્યારૂં,
ક્રોધ તજી થઇને અવિકારી,
નિર્મલ વૃત્તિ નિરંતર ધારી. રેરે માનવ જાત. ૧

જીવ તમારો તમને વ્હાલો, તેમ સરવને હોય,
જેવી હાણ તમારી જાણો, તેમ સહે સહુ કોય,
તેમ સહે સહુ કોય વ્યથાને,
લેશ ન દુઃખ કરો કંઈ બ્હાને,
દ્રોહ કરો પરનો નહિ ઠાલો,
જીવ તમારો તમને વ્હાલો. રેરે માનવ જાત. ૨

પરમેશ્વરનાં છે સહુ પ્રાણી, રાખે સરખી રૂહેંમ,
આપણુ સર્વ સહોદર સાથી, કરવો છાજે પ્રેમ,
કરવો છાજે પ્રેમ સદાનોઃ
નિત્ય ઘટે અવકાશ દયાનો.
સંપ ધરી કર હર્ષ–ઉજાણી,
પરમેશ્વરનાં છે સહુ પ્રાણી. રેરે માનવ જાત. ૩

એક દિવસ તું દીન બન્યો' તો, માંકડ મત્સર કીટ,
શ્વાન બળદ ખરનુ વપુ ધાર્યું, પેટની પડતી પીટ,
પેટની પડતી પીટ અકારી,
પાથરવા મળતી ન પથારી,
ક્ષુદ્ર બનીં ઘરઘર ફરતો' તો,
એક દિવસ તું દીન બન્યો' તો. રેરે માનવ જાત. ૪

ચોર લબાડ બનેલ અનાડી, દીધા પણુ બહુ ત્રાસ,
દાસ ખવાસ હતાશ બનીને, મુકયા બહુ નિઃશ્વાસ,
મુકયા બહુ નિઃશ્વાસ ઉદાસી,
ભોજન પાન મળ્યાં બહુ રાશી,
દેહ વહ્યો બહુ ભાર ઉપાડી,
ચોર લબાડ બનેલ અનાડી. રેરે માનવ જાત. ૫

વિસ્મૃતિમાં કયમ એ સહુ નાખે, વાધ્યું શકે અભિમાન,
ક્ષણિક ઉદયમાં ભાન ભુલે શું, છેક ગઇ કયમ સાન!
છેક ગઇ કયમ સાન તહારી!
ઇશ્વિર–સૃષ્ટિની પ્રીતિ ઉતારી,
કલેશ પિતા ઘરમાં નહિ સાંખે,
વિસ્મૃતિમાં કયમ એ સહુ નાખે. રેરે માનવ જાત. ૬

સત્તા મળી તો દ્રોહીને દેજે, ન્યાય દયાથી યુક્ત,
લક્ષ્મી મળી તો દીનને દેજે, દાન વદીને સૂક્ત,
દાન વદીને સૂક્ત ઘટે છે,
ભિક્ષુનુ અંતર આશિષ દે છે,
રાખી સદા સમભાવ રહેજે,
સત્તા મળી તો દ્રોહીને દેજે. રેરે માનવ જાત. ૭

હિંસા કોઇ વખત નહિ કરવી, માંધો સર્વનો દેહ,
એક નહિ ઉપજાવી શકો તવ, શાને દેવો છેહ,

શાને દેવો છેહ લગારે,
પૃથ્વી–માત મરે નહિ ભારે,
સ્થાવર જંગમમાં રતિ ધરવી,
હિંસા કોઈ વખત નહિ કરવી. રેરે માનવ જાત. ૮

પેટ ભરાવા પાપ કરો છો, તૃષ્ણાનો નહિ પાર,
આપણુ પેઠે હોય બધાંને, પુત્ર અને પરિવાર,
પુત્ર અને પરિવાર–વિકારે,
જીવ સકળ તરફડિયાં મારે,
તેહ અકારણુ કેમ દમો છો !
પેટ ભરાવા પાપ કરો છો. રેરે માનવ જાત. ૯

વારા ફરતો વારો આવે, કાળનુ ફરતું ચક્ર,
પુણ્યપ્રભાવે સિદ્ધિ મળી તવ, મત્સ્ય ગળો થઈ નક્ર,
મત્સ્ય ગળો થઈ નક્ર હરામી,
દ્રવ્ય હરો પરદારક–ગામી,
પરની વ્યથા મનમાં નહિ આવે,
વારા ફરતો વારો આવે. રેરે માનવ જાત. ૧૦

લેશ ભવિષ્ય વિચારી રહેજે, નહિતર પડશે માર,
સાર વિચારી દયા મન ધારો, સ્મરતાં સરજનહાર,
સ્મરતાં સરજનહાર દયાળુ,
કરતાં અંતર સ્નિગ્ધ સુંવાળું,
આયુષ્ જનહિતમાં તુજ વ્હેજે,
લેશ ભવિષ્ય વિચારી રહેજે. રેરે માનવ જાત. ૧૧

ધી શ્રી સ્ત્રીથી મત્ત બન્યો છે, કાલ થશે કંગાળ,
ઉદય સમે નહિ સારૂં કર્યું તો, અસ્ત થતાં શા હાલ !
અસ્ત થતાં શા હાલ તમારા,
જો સુખમાં નિજ ધર્મ વિસાર્યા,
જીવ–દયાવિણુ મ્હેલ ચણ્યો છે,
ધી શ્રી સ્ત્રીથી મત્ત બન્યો છે. રેરે માનવ જાત. ૧૨

નૌતમ બાગ પ્રફુલ્લ સુહાગી, ખેંચે જગનુ ધ્યાન,
દવ પડતાં બળશે, નહિ રહેશે, કિંચિત નામ નિશાન,
કિંચિત નામ નિશાન ભુસાશે,
પાસ જઈ કોઈ વારિ ન પાશે,

બાગ કરે પશુ પક્ષિ અભાગી,
નૌતમ બાગ પ્રફુલ્લ સુહાગી. રેરે માનવ જાત. ૧૩

સાધન છે તવ દુઃખ વિડારો, રોજ મળે નહિ યોગ,
ધૈર્ય ધરી થાવા નહિ દેશો, સોનુ–સુગંધ–વિયોગ,
સોનુ–સુગંધ–વિયોગ ઉડાવો,
મેળવી શક્તિ દયા વરસાવો,
મ્હેંણુ તજ્જો વળી ગાળ પ્રહારો,
સાધન છે તવ દુઃખ વિડારો. રેરે માનવ જાત. ૧૪

દુઃખ અને સુખના નદ વ્હેછે, ગંગા યમુના સાથ,
ધિક્કારે ક્ષણુવાર ન જોશો, હોય ઉપર જો હાથ,
હોય ઉપર જો હાથ સુકર્મે,
કષ્ટ કરો નહિ, રહો શુભ ધર્મે,
સુખ દેતાં જન સુખ પામે છે,
દુઃખ અને સુખના નદ વ્હેછે. રેરે માણુસ જાત. ૧૫

---

## ઔદાર્ય.

### સવૈયા એકત્રીસા.

શક્તિ હોય તો સુખ કરવાને અહોરાત રહેવુ તૈયાર,
વિત્ત હોય તો વાવરવાને ધર દૃઢ હેવા વારંવાર,
જ્ઞાન હોય તો સુપાત્ર જોઇ દેજે વિદ્યાનો ભંડાર,
રામ હોય નહિ તો મુખથી આશિષના દે કહાડી ઉદ્ગાર. ૧
અપૂર્ણ જીવો ભૂલ કરે તે વાંક ગણાતો નથી તલભાર,
સ્વભાવને અનુસરણુ કરે છે સત્ત્વ સકલ તે મનમાં ધાર,
શ્વાન ભસે ને સર્પ ડસે ભૂંકે ખર મોર કરે ટઉકાર,
દાંત કરે વાનર શુક પ્રલપે તે સહુ પ્રકૃતિને આધાર.
**"અઘટિત ઘટના પટીયર્સી"** માયાથી વાહ્યા ન જશો યાર,
બહુવિધિ રચના પ્રપંચથી ભરપૂર જણાએ આ સંસાર,
ભેદ ભેદ ને ભેદ જણાશે ઐક્ય દૃષ્ટિગોચર ન લગાર,
સાર વસ્તુનુ ગ્રહણ કરીને અન્ય ગણો ઉચ્છિષ્ટ અસાર. ૩
નાટ્યશાળમાં સાડી પ્હેરી પુરૂપ બને છે સુંદર નાર,
હાવ ભાવથી જડ કામુકનુ ચિત્ત હરે છે જોતાંવાર,

પાત્ર કુપાત્ર બન્યું પણ તેને દેવો ક્ષણ શાનો ધિક્કાર ?
સૂત્રધાર નચવે તેમ નાચે પરાધીન જીવિત વ્હેનાર. ૪

દીન મૂર્ખ શઠ દંભી લોભી ક્રોધી માની પાપી જાર,
શુદ્ધ સ્વાર્થની અણુસમજણથી પામે પામર દુઃખ અપાર,
કુસંગનો પણ રંગ ચ્હડે અભ્યાસે બૂઠાં મન નિરધાર,
ક્ષમા–રમાને હૃદયે ધારી તેપર ધરજે પૂરણ પ્યાર. ૫

" **बुद्धिःकर्मानुसारिणी** " છે લોહતણી જાણ્યા તલવાર,
સખિ બને શાણાની, કરશે એજ મૂર્ખ ગ્રાહકને ઠાર,
ઉદારતા તે માટે ધરજે મળે કદા કો જન નાદાર,
સમુદ્રસમ ગંભીર બની કરજે દિલ દરિયાનો દૂર ખાર. ૬

સાધ્ય સર્વનુ એક જણાએ સાધનમાં છે ભેદ અપાર,
શાહુકાર તસ્કર ધન માટે, જુઓ, કરે કેવા ઉપચાર,
પણથી એક કરે ધનસંચય અન્ય મુકે છે અંગ ઉધાર,
કર્મબીજ સ્ફુરતાં ફળ થાએ, નિમિત્તનો લેવો શિદ ભાર ! ૭

વેગવાળુ આ ભવસાગરમાં પ્રયાણ જીવતણુ ક્ષણવાર,
દૃષ્ટ અદૃષ્ટ અદૃષ્ટ દૃષ્ટ થઇ જાએ છે કરતાં પલકાર,
શીત તાપ દિન રજની સમ સુખ દુઃખ યુગલ છે જગ મોઝાર,
કરે આવજા વારા ફરતી, કોણ વેગ ખાળી શકનાર ! ૮

કોણ કોણનુ અહિત કરે છે કોણ કોનુ હિત કરનાર,
આપ આપનુ સંભાળી લ્યો, તરવો છે ભવ–પારાવાર,
દોષ ગણીને રોષ કરી સંતોષ તજી ન કરો અપકાર,
પરિણામે બહુ હર્ષ મળે છે માટે કરવો પર ઉપકાર. ૯

ઘોર દુઃખ પણ કાળ જતાં ઝટ વિસ્મૃતિકૂપ વિશે પડનાર,
સર્પ જતાં લીસોટા રહેશે ડંખ–રહિત સ્મૃતિ પણ રહેનાર,
દ્વેષ કલેશ સહુ વ્યર્થ જશે ઠરશે મન જવ થાશે ઉદ્ધાર,
ધૈર્ય ધરી તેમાટે દુષ્મનપર મન રાખી રહો ઉદાર. ૧૦

કાર્યસિદ્ધિ કદિ એક થઇ ત્યાં હર્ષ તણો ન ઘટે સંચાર,
હાનિ થાય તો ગ્લાનિ ધરવી એ પણ મૂરખનો વ્યવહાર,
લાભહાનિમાં હર્ષશોક કે રાગદ્વેષને મન નહિ ધાર,
સમદૃષ્ટિ સમભાવ ધરી ઔદાર્ય તણો કરવો વિસ્તાર. ૧૧

ત્રિવિધ તાપ ગુણુ દશા ઉપર મેળવવો જીવિતનો જયકાર,
ત્યારે ફરતા કાળચક્રની શામાટે ધરવી દરકાર !
પ્રયાણુ ઉપર વ્હાણુ ચ્હડયું આઘું પાછું જાએ બહુ વાર,
કર્ણધાર પણુ દૂરબીનથી જોઈ ઉતારે સામે પાર. ૧૨
ધરણી કેવી ક્ષમા ધરે છે ધરણીધર ધરણી–આધાર,
સ્વસ્થ સુસ્થ તે પણુ બનતાં જનને આપે સુખના અંબાર,
" **आदानं हि विसर्गाय** " જુવો સૂર્યરાયના તપનો વ્હાર,
હૃદય ઝરણુથી પ્રેમસરિત વ્હેજો ન'વરાવા નર ને નાર. ૧૩
ત્યાગ વગર મહાભાગ થવાનો નિયમ જણાતો નથી લગાર,
વાવ્યાવિણુ ઉગે નહિ તો લણુશો ને ભરશો કેમ વખાર ?
જીરવવાની સહનશકિત મેળવતાં છાજે છે અધિકાર,
કનક થાય ઘર્ષણુ તાપન તાડનથી લલનાના શણુગાર. ૧૪
અમીદૃષ્ટિથી જોઈ સમષ્ટિ કષ્ટ કાપવા બનો ટટાર,
સકલ સૃષ્ટિને વ્હાલી ગણુતાં વ્હાલ ધરે છે સરજનહાર,
નિજપ્રતિબિંબ સકલમાં જોઈ નિજસમ રાખ સકલપર પ્યાર,
"**उदारचरितानां वसुधैव हि कुटुम्बकं**" સુખિયું સુખકાર. ૧૫

---

## ઉદ્યોગ.

### હરિગીત.

ઉદ્યોગ કેરો યોગ લ્હેરો ભોગ કેરી આણુશે,
ઉદ્યોગ દઈ આનંદ જનનાં કષ્ટ સરવે કાપશે,
ઉદ્યોગથી શ્રી વિજય ભૂતિ ઘેર ચાલ્યાં આવશે,
ઉદ્યોગથી જન કેસરીસમ જગતમધ્યે મ્હાલશે. ૧
ઉદ્યોગથી યશ પૂર્ણ દુષ્મન ચૂર્ણ જગમાં થાય છે,
વ્યાધિ ઉપાધિ આધિ ટળતાં પાપ પણુ બળી જાય છે,
ટાઢા પડે છે તાપ ત્રિવિધિ સંવિધિ ઉદ્યમ માંડતાં,
પાજી કુટિલ કે જટિલ બીન્હે સન્નિધિમાં આવતાં. ૨
ભમતું ખરેખર ભૂત મન ઉદ્યોગથી કબજે રહે,
કુવિચાર અસદાચાર નિજપક્ષો ઉપર ક્ષણુ ના વહે,
નહિ શોકસાગરમાં બુડે નહિ આશ–આકાશે ચ્હડે,
પણુ સત્કૃતિમાં સિદ્ધ આશ્રય દેઇને રહે છે ધડે. ૩

છે લોહ જેવો દેહ સ્હડશે કાટ જો નહિ વાવરો,
પેશી સળો વિખેરશે પછી લેશ રહે નહિ પાધરો,
જર્જર થશે ને સત્ત્વ જાશે ધારશે નિર્માલ્યતા,
ઉદ્યોગના જળ રહિત છે રસહીન શુષ્ક વપુલતા. ૪

ધનપ્રાપ્તિ–સંચય–ત્યાગ વિણુ–ઉદ્યોગ લેશ નહિ થશે,
ફૂટાઇને લૂટાઇને ધૂતાઇને ધન નાસશે,
ઉદ્યોગ સાથે લગ્ન લક્ષ્મી અચળ ચળ તોપણુ, કરે,
ઉદ્યોગની સાથે વસે ઉદ્યોગ સાથે સંચરે. ૫

ઉદ્યોગથી કીડી તથાપિ ધાન્યનો સંગ્રહ કરે,
ઉદ્યોગથી મધમાખ ઉત્તમ મધુતણો સંચય ભરે,
ઉદ્યોગથી સુગરી સુંવાળુ ને રૂપાળુ ઘર ચણે,
ઉદ્યોગથી પોપટ તથાપિ વેદના મંત્રો ભણે. ૬

દિનરાત દિનકર ને નિશાકર ફેરણી ફરતા ફરે,
પરિક્રમણુ આપ વસુંધરા પણુ દિનમણી ફેર કરે,
સ્થિર એક ક્ષણુ જળ ના રહે ઉચ્ચે ચ્હડે નીચે પડે,
રહે છે નિરંતર ચાલતો વાયુ લગારે ના ખડે. ૭

નિજ કાર્યમાં અપ્રમત્ત રહીને પૂજ્યપદ સહુ પામિયાં
ઉપકાર લાખહઝાર કરતાં લેશ નહિ વિરામિયાં,
ઉદ્યોગથી દીર્ઘાયુષી સંસારમાં રાજી રહ્યાં,
બહુ રાજ્ય નિષ્કંટક કરે મહાકાળને ધારી રહ્યાં. ૮

ઉદ્યોગથી એ મીનીટમાં સો કોસથી વાતો કરો,
કે વૈનતેય વિમાન કેરા વેગને પાછો ધરો,
ઉદ્યોગથી અંભોનિધિની છાતી ફેડીને ફરો,
નક્ષત્રના ગુણદોષ ઘરબેઠા જુવો, જગના નરો. ૯

ઉદ્યોગથી પ્રિયવર્ત્ત રાયે સૂર્યને પણુ ના ગણ્યો,
ઉદ્યોગથી રઘુનંદને લંકેશ દશમુખ પણુ હણ્યો,
ઉદ્યોગથી મહિ પરશુરામે ક્ષાત્રબીજવિના કરી,
ઉદ્યોગથી ઈંગ્રેજને શ્રી સાર્વભૌમ, જુવો, વરી. ૧૦

હિતકારણુ મન–ધારણે જાગૃત બની હદ રાખજો,
બહુ વિઘ્નકાર પ્રમાદ સાથે રા'ડ નિશ્ચય માંડજો,
ક્ષણુ એશ કે આરામ ઉપર નામ પ્રેમ ન રાખજો,
ધરી ધર્મ, કર્મ પવિત્ર કરતાં, શર્મનાં ફળ ચાખજો. ૧૧

પ્રારબ્ધ પણ ઉદ્યોગ છે નહિ દોષ તેનો કાઢશો,
જો લાભ ઇચ્છિત ના મળે તો કર્મ નહિ વિસારશો,
ખામી ગણી ઉદ્યોગમાં દ્વિગુણિત પ્રયત્ન કરી રહો,
ઉદ્યોગની, કે, રીતિ બદલી અંતમાં સુખને લહો. ૧૨
ઉદ્યોગ સદ્ગુણયુક્ત પુખ્ત વિચાર સાથે આદરો,
કરશો ન મિથ્યાવૈતરૂં ઘાંચી–બળદસમ ના ફરો,
ફળ લાભ હાનિ શક્તિસાથે દેશકાળ વિચારજો,
સાવધ બની ધીરજ ધરી ધીમે રહી પગ માંડજો. ૧૩
ભય ક્રોધનો અવરોધ કરજો લાજ ખોટી વર્જજો,
આવે અચિંત્યા અંતરાયો યુક્તિથી નીવારજો,
ક્રમથી પ્રયત્ન સદા કરી પુરૂષાર્થ ક્રમથી પામજો,
જીવ્યું કરી પરમાણુ ટાણે આણુ પણ વરતાવજો. ૧૪
ઉદ્યોગથી પશુતા તજી, જનતા સજી, મહતા ભજી,
ઉદ્યોગમાં તત્પર રહો ને, કાર્ય અધુરૂં છે હજી,
ઉદ્યોગના હઠયોગથી છે દિવ્યપદને પામવુ,
પછી સારના પણ સાર થઇને એકપદને ધારવુ. ૧૫

---

## દૈન્ય.

### શ્વાન પ્રતિ ઉક્તિ.

વસંતતિલકા.

રે શ્વાન, માન તલમાન ન કેમ રાખે,
શેં પેટકાજ શઠના અપશબ્દ સાંખે !
સેવા પ્રજાગરણ–શક્તિ અને હલાલી,
ત્હારા સમાન ધરતા નથી દ્રવ્યશાળી. ૧
અજ્ઞાત–આગમન સત્વર સૂચવે છે,
તોએ કૃતઘ્ન જન કહે “કુતરૂં ભસે છે,”
તું ગેલ ખેલ કરતાં સહુને રમાડે,
“હાડે” વદી નિકટથી પણ દૂર કહાડે. ૨
તું નિત્ય દાસ્ય ધરનુ કરતો વિચારી,
ત્હોએ તને અડકતાં અભડાય નારી !
ઉચ્છિષ્ટ અન્ન પણ સ્વલ્પ રહી સુદૂર,
નાખે તને, હૃદયમાં ધનવાન ક્રૂર. ૩

શા કારણે કરછ ફૂહે કુલહીન-સેવા,
શા કારણે ધરછ દૈન્યની આમ હેવા ?
તેવા થવું જગતમાં જન હોય જેવા,
કે નીચ સંગત તજી વન જા રહેવા. ૪

શું દ્રવ્ય-પુષ્પ ગુણહીન જરા ઝકે છે ?
આશા અકારણ અશકત વિશે ધરે છે,
રાખી સ્વમાન કર કિમ્મત લેશ તા'રી,
સ્વાર્થી જરૂર ગણના કરશે વિચારી. ૫

## મયૂરપ્રતિ ઉક્તિ.

રે મોર, અભ્ર નિરખી કયમ આમ રાચે ?
શું છે અપૂર્ણ મનથી થઈ દીન જાચે ?
આકાશમાં રવ થતાં શિશુ તુલ્ય નાચે,
બંધાય છે જલદ સાથ તું તાંત કાચે. ૧

વાણી રૂડી મધુર ને અપ્રતીમ રૂપ,
છે બ્રહ્મચર્ય વ્રત, નૈષ્ટિક-અગ્રભૂપ,
શ્રીકૃષ્ણ તોય મુકુટે તુજ પિચ્છ ધારે,
રાખે તને ઘર વિશે ધનવાન પ્યારે. ૨

વીરાગ્રણી સુભટ-વાહન તું બન્યો છે,
વ્હાલો સખા પણ સરસ્વતિનો થયો છે,
તો શ્યામ રૂપ નિરખી લલચાય શાને ?
આલાપ ધારણ કરે નહિ અભ્ર કાને. ૩

ઉચ્ચે ફરે જગત આર્દ્ર કરી રહે છે,
જાજ્વલ્યમાન વર વિદ્યુત વિસ્તરે છે,
નાદે ચ્હડે અવનવા બદલાય રંગ.
તે રાખશે કયમ કહે તુજ, મોર ! સંગ ? ૪

રાખો સમાન સહ વેર વિવાહ પ્રીત,
દેખી મહાન નહિ મોહ ધરો અમિત,
તું રાખશે ઉચિત ટેક વિવેક જ્યારે,
આનંદ માન ગરવાં મળશેજ ત્યારે. ૫

## કુમુદપ્રતિ ઉક્તિ.

ખેંચે સદા અમલ સત્ત્વ ધરાનુ ભારે,
ર્‍હેવા મણી સમ જળાશય હર્મ્યે ત્હારે,
ગૌરાઙ્ગ છે, અમલ ને દલથી સુહાય,
શા કારણે કુમુદ તો શશિથી ફુલાય. ૧
આવી સદા ભ્રમર પ્રેમનુ ગીત ગાય,
આશ્લેષ ગાઢ કરતાં હૃદયે સમાય,
દેવાધિદેવ તુજને નિજ શીષ ધારે,
એવું પરાક્રમ છતાં કયમ દૈન્ય ધારે ? ૨
ચોરી વિભૂતિ સહુ મિત્ર તણી કરારે,
આકાશમાં શશિ નિશા સમયે પધારે,
તે લાંછને વપુ કપાય અને ભરાય,
તેનો સમાગમ ન સજ્જનથી કરાય. ૩
ઉષ્ણાંશુ નામ શ્રુણતાં ઘરમાં ભરાય,
તે પંઢ તારક પટાવતમાં ગણાય,
પૂર્વે શ્રુણી કટક પશ્ચિમમાં પળે છે,
મિથ્યાભિમાન શશિના કરને ગળે છે. ૪
ત્હારા સમાન કંઇને કરથી ફસાવ્યા,
રાખી પ્રસન્ન મુખ ધર્મ થકી ચળાવ્યા,
કોનો સગો શશિ નથી ન હતો ન થાશે,
તેને ન સેવ, કૃતકૃત્ય છતાં, ઉલાસે. ૫

---

## સંતોષ.

### ગઝલ

રાજા વિરાજે ગોખમાં, રાજા વિરાજે ગોખમાં,
ખેડુ રહે છે ખાંજરે, રાજા વિરાજે ગોખમાં.
સુખમાંહી ફેર ન છે જરી દિન એક બે જશે મરી,
વ્યથ થાય બેને રોગમાં, રાજા વિરાજે ગોખમાં. ૧
છે પાત્ર ચાંદી માટીનુ, પણ પાણી નિર્મલ વાપીનુ,
કદિ ફેર તે છે સ્પર્શમાં, રાજા વિરાજે ગોખમાં. ૨

નૃપ ભોજ્ય ઉત્તમ પામતો, લોભે ન પણ વિરામતો,
રહે રાગમાં પણ રોગમાં, રાજા વિરાજે ગોખમાં. ૩

પણ ખેડુ જાડું ખાઇને, રહે પુષ્ટ મન મકલાઇને,
ખેતી કરે સંતોષમાં, રાજા વિરાજે ગોખમાં. ૪

બહુ ક્લેશ ઝેર વસે ગૃહે, વિશ્વાસ નૃપને ના રહે,
ચીતા બળે મન–મ્હેલમાં, રાજા વિરાજે ગોખમાં. ૫

નહિ રાગ રંગ રીતિ ભણ્યો, નહિ શોણિતે વૈભવ ચણ્યો,
ખેડુ સુખી પણ કો’ડમાં, રાજા વિરાજે ગોખમાં. ૬

ચિંતા ધરે નિજ રાજ્યની, વળી પુત્ર ને પરિવારની
રહે સતત અરિની ભીતિમાં, રાજા વિરાજે ગોખમાં. ૭

ચિંતા નથી પણ કાલની, ભીતિ નથી મહાકાળની,
ખેડુ વસે આનંદમાં, રાજા વિરાજે ગોખમાં. ૮

લે, જીવ ખેડી, નૃપ, ધરા, ભારે દમેછ વસુંધરા,
ક્ષણ એક પણ નહિ જંપમાં, રાજા વિરાજે ગોખમાં. ૯

ખેડી ધરા, દે ધાન્યને, ખેડુ જીવાડે જીવને,
રહે સર્વ સાથે સંપમાં, રાજા વિરાજે ગોખમાં. ૧૦

સુખ સાધ્ય ખેડુને સહુ, રાજા પરાધીન છે બહુ,
આશ્રયવિના નૃપ દુઃખમાં, રાજા વિરાજે ગોખમાં. ૧૧

જવું હોય ડગલાં ચાર તો, પ્રતિહાર આગળ ચાલતો,
"ખમ્મા" કહી લહે અંધમાં, રાજા વિરાજે ગોખમાં. ૧૨

રાજા ન પશુવિણ સંચરે, સ્વચ્છંદ ખેડુ ફર્યા કરે,
કહો કોણ ત્યારે સુખમાં, રાજા વિરાજે ગોખમાં. ૧૩

કર પાય ચક્ષુ કાનને, પરહાથ, નૃપનાં ભાન ને,
રાજા અધમ છે દાસમાં, રાજા વિરાજે ગોખમાં. ૧૪

મો’શો ન ઝગ ઝગ દેખતાં, સુખ દુઃખ સર્વને છતાં,
સરખાં સકલ હરિ–આંખમાં, રાજા વિરાજે ગોખમાં. ૧૫

વૈભવ ભલે’રવિ શક્રનો, જન દીન તૃષ્ણાથી ઘણા,
સંતોષ સુરતરૂ માનજો, સુખકાજ ઘર ઘર વાવજો. ૧૬

# પ્રભુ.

## ગઝલ.

નથી સ્થલમાં નથી જળમાં, નથી ગગને તલાતલમાં,
નથી શશિમાં નથી રવિમાં, નથી કુહરે નથી ગિરિમાં,
નથી અનિલે નથી અનલે, નથી તનમાં નથી ભવને,
નહિ સોધ્યો કહીં લાધે, સ્વયંભૂ સર્વમાં વ્યાપે. ૧

નથી ન્હાનો નથી મોટો, નથી સાચો નથી ખોટો,
નથી ડાહ્યો નથી ઘેલો, નથી ચોખ્ખો નથી મેલો,
નથી ભોગી નથી રાગી, નથી રોગી નથી ત્યાગી,
નથી ખાતો નથી ભૂખ્યો, સ્વયંભૂ એક છે નેતિ. ૨

નથી જ્ઞાની નથી ધ્યાની, નથી તાની નથી માની,
નથી કામી નથી વામી, નથી સ્વામી નથી નામી,
નહિ આપે નહિ માગે, નહિ ઉંઘે નહિ જાગે,
નથી સુગુણી નથી અગુણી, સ્વયંભૂ એક છે નેતિ. ૩

નથી ઇસુ કૃષ્ણ કે રામ, નથી પ્રભુ કાળ કે કામ,
મહમ્મદ બુદ્ધ કે મુસા, નથી ઝરથુસ્ત્ર કોન્ફુશા,
નથી એ શિવ કે શકિત, નથી એ ધર્મ કે ભકિત,
નથી અવ્યકત કે વ્યકિત, સ્વયંભૂ એક છે નેતિ. ૪

નથી ધાતા નથી ત્રાતા, નથી હાતા નથી દાતા,
નથી શાળો નથી ઉન્હો, નથી ભાર્યો નથી સૂનો,
નથી આદિ નહિ અનાદિ, નથી એ વેદ કે વાદી,
નથી એ માત કે બાપ, સ્વયંભૂ એક છે નેતિ. ૫

કરે નહિ પુણ્ય કે પાપ, જપે નહિ કોઇના જાપ,
ન દે આશીષ કે શાપ, નથી જેને જરા માપ,
ધરે નહિ ચાપ કે છાપ, રમે છે આપમાં આપ,
નથી પરપોતિકો એને, સ્વયંભૂ એક છે નેતિ. ૬

નહિ આંખો છતાં ઝાંખે, વિના અંગે ઉડે પાંખે,
છતાં નહિ એક પણ કાન, નિરંતર સાંભળે ગાન,
નહિ જીવ્હા છતાં બોલે, રહિત-કર ચિત્ત-પટ ખોલે,
નથી નાસા છતાં સુંઘે, સ્વયંભૂ એક છે નેતિ. ૭

પ્રમાદી હોય ઉદ્યોગી, વિહારી સંયમી યોગી,
બહુરૂપી નહિ રૂપ, બહુ ઉપમા પણ અનુપ,
ઉદાસી હોય રાચે છે, અલૌકિક નૃત્ય નાચે છે,
હસાવે છે રમાડે છે, સ્વયંભૂ એક છે નેતિ. ૮
નથી ક્યાંઈ પ્રભુ બાધે, નિકટ ખોળ્યો નહિ લાધે,
સુવે સાથે ફરે સાથે, તથાપિ ના ચ્હડે હાથે,
નહિ બુદ્ધિ વિશે આવે, સકળ વ્યાપી પરો ધાવે.
બહુ સાંધો બહુ માંધો, સ્વયંભૂ એક છે નેતિ. ૯
અચલ સચરાચરે વાસી, અસંગ અનંત અવિનાશી,
નથી ભૂંડું નથી સારૂં, ન એને તેજ અંધારૂ,
નહિ નિંદા સ્તુતિ લેખે, જગત્ સાક્ષીરૂપે દેખે,
જરા ન તથા તમા રાખે, સ્વયંભૂ એક છે નેતિ. ૧૦
નથી સુખ દુઃખનો અંશ, નથી રતિ વૈરનો દંશ,
સદા રૂહે છે નિરાકારે, તથાપિ દિવ્ય વપુ ધારે,
નિરંજન રૂહે નિરાધારે, સમષ્ટિ કોટિધા ધારે,
પરાત્પર સ્વાનુભવ સાર, સ્વયંભૂ એક છે નેતિ. ૧૧
નહિ ધ્યાને નહિ દાને, નહિ યાને નહિ સ્નાને,
નહિ બાંગે નહિ માગ્યે, ન વૈરાગ્યે નહિ લાંઘ્યે,
નહિ જાપે વપુ કાપ્યે, નહિ આહૂતિઓ આપ્યે,
મળે નહિ જાગતાં રોજે, સ્વયંભૂ એક છે નેતિ. ૧૨
વિકટ સોપાન છે ઉંચી, જડે નહિ દ્વારની કુંચી,
પ્રભુ મળવા ધરે રૂચી, પ્રથમથી રાખ મન શુચી,
સ્વધર્મે વૃત્તિને ઠારી, કુલેચ્છા સંગ નિવારી,
ગુરૂથી જ્ઞાન પામીને, પરમપદ પામજે પ્રાણી. ૧૩
વિભૂતિ રામકૃષ્ણાદિ, સ્વયમ્ પણ સેવજે દહાડી,
મહા મલ મૂલથી ફ્હાડી, પટલ માયા તણુ ફાડી,
શુણી મધુરી હૃદયવાણી, અવર મિથ્યા પછી જાણી,
ઉભય કાંટા ઉડાવીને, પ્રભુપદ પામજે પ્રાણી. ૧૪
સતત અભ્યાસને રંગે, બની અલમસ્ત ઉછરંગે,
ઉડી વિહંગની ઢંગે, અલૌકિક જોઈ ઉમંગે,
ચિદાનંદે સત સુરંગે, સદા રમજે પ્રભુસંગે,
નિયમમાં ઈન્દ્રિયો આણી, પ્રભુપદ પામજે પ્રાણી. ૧૫

# જીવ લાઘવ.

## ( અભંગ. )

બ્રહ્માંડ અનેક, તેમાં પૃથ્વી એક, લાગે પરમાણુ, જેવી ના'ની,
તેમાં આર્યાવર્ત્ત તેમાં એક શે'ર, તેમાં ઘર ત્હારૂં પ્યારૂં માને. ૧
તેમાં કરી વાસ, ભોગવે વિલાસ, ચાર હાથ શૈયા, તેમાં સૂતો,
લઘુતા તમારી, હરિની મહત્તા, સતત વિચારી, સેવો દેવા. ૨
દીર્ઘ મહાકાળ, અનાદિ અનંત, આવે નહિ પાર, તું છે સાન્ત,
શક બહુ લાંબા, વિસ્મૃત થયા છે, વર્ષ માસ દહાડા, કીધા જીવે. ૩
આયુષ્ય તમારૂં, ભલે ગણો સારૂં, મહાસાગરે છે, વારિ-બિંદુ,
તેને પણ ધારે, તેમાંથી ઉદ્ધારે, શ્રીસચ્ચિદાનંદ, સેવો ભાવે. ૪
મહત આકાશ, સર્વવ્યાપી ખાસ, અછેદ્ય અભેદ્ય, સર્વ-સાક્ષી,
વિકાસ સંકોચ, તેનો કરે રહેજ, તેથી પર રાજે, વિશ્વદેવા. ૫
ત્હારૂં ગજુ કેવું, દેખે નહિ પુઠે, પામર પતંગ, જોતાં ભાગે,
તા'રા જેવા લાખો, જીવે ને મરે છે, સરજન-હારા, માટે સેવો, ૬
યશ કરી વ્હાલો, પ્રથમ ન ઠાલો, વિસ્મૃતિનો કૂપ, તેમાં જાએ,
મારી બહુ પ્રાણી, શોણિત ઉજાણી, કાંધે કીર્ત્તિ વાધે, મિથ્યા ભ્રાન્તિ. ૭
ક્રૂર દુષ્ટ ખંદા, તેને વરી કીર્ત્તિ, તેના માટે શાને, દુઃખો વેઠો,
પ્રભુ કીર્ત્તિ ગાઈ, તેથી કીર્ત્તિ લેજો, પરીક્ષક સાચો, સેવો દેવા. ૮
અમૂલક રત્નો, મીષ્ટ અન્ન મેવા, વસુંધરા ધારે, ખુટે શાનું,
તેનો પણ નાશ, થયો અને થાશે, નામ કે નિશાની, ના દેખાએ. ૯
ત્યારે ધન ત્હારૂં, શ્રમથી સંપાડયું, ચલિત સ્વભાવે, જાશે જાશે,
લક્ષ્મી નથી કોની, ત્હારી કયમ થાશે, અચલ ભજી લે માટે દેવા. ૧૦
ડાહ્યો તું કહેવાયો, માન પણ પામ્યો, શ્રીમત્તા ધરાવી, ફુલ્યો ફાલ્યો,
જગમાં સુનામ, દારા ધન ધામ, રચ્યો રૂડી રીત, તે પછી શું ? ૧૧
મ્હોટાં કીધ કામ, બીડી ભારે હામ, જાગ્યો અષ્ટયામ, રાખી મામ,
કરે છે તમામ, જગત પ્રણામ, ભજ્યા નહિ રામ, તો પછી શું ? ૧૨
વિષય વધારી, વાસના વિસ્તારી, ક્ષણ સુખ-લોભી, નારી સેવે,
પ્રજા થઈ ત્હારે, અચાનક ભાવે, કુટુંબ વધાર્યું, તે પછી શું ! ૧૩
ઈશ્વરની લીલા, તેની બલિહારી, નિયમ પ્રમાણે, સૃષ્ટિ ચાલે,
ગણતરી ત્હારી, તેમાં નથી લેશ, આવ્યો તેવો જાશે, તો પછી શું ! ૧૪
અનુપ લઘુતા, અનુપ ગુરૂતા, બેમાં ભેદ ભારે, ચિત્ત ધારી,
દીનભાવ રાખી, ચલ ક્ષુદ્ર પ્રાણી, શ્રીગુરોર્ગરીયાન્ ભજ ભાવે. ૧૫

## પ્રભુસેવા.

( ચાલ–હેલી અલબેલી પ્યારી રાધે. એ રાગ. )

હરિ જ્ઞાન, ધરી ધ્યાન, સેવ સ્વામી,
રખે થાય કામી વામી કે હરામી,
થવા તનમને પ્રશાન્તિ, જાવા ભાવિકેરી ભ્રાન્તિ, જોવા દિવ્ય અક્ષર કાન્તિ,
સતત ઇષ્ટ નામી નામી, સેવ સ્વામી. ટેક
પારાવાર છે અસાર ખારવાહી,
ઝોકાં ખાય ખતા ખાય રહ્યો નાહી,
માયાની અભ્યંતરે લીપાઈ શાહી,
રાખી ધર્મભક્તિ સંગ, દયાભ્યંગ, જ્ઞાનગંગ, ધારી અંગ, મનકુરંગ, કરી
અપંગ, ભજ શ્રીરંગ, સુખપ્રસંગ, રહે જામી જામી. સેવ સ્વામી. ૧
ગજબ અજબ અબજ જગતના તમાસા,
દુઃખ મૂલ મોક્ષ શૂલ ઉપર ખાસા,
કાલીસાથ તેમાં કાલ રમે પાસા,
તેમાં રાખવી શી પ્યાસ, ચારે પાસ, પ્રસરી પાશ, કરતાં વાસ, થાશે નાશ,
છોડી ભાસ, હરિનો ખાસ, થાજે દાસ, મમતા વામી વામી. સેવ સ્વામી. ૨
મરણુ ન્હાર વારવાર શીષ ગાજે,
હવે ક્ષણિક ક્ષુદ્રની ન વા'ર છાજે,
સર્વશક્તનો સુરક્ત ભક્ત થાજે,
શ્રદ્ધાથી ગ્રહીને સાર, દુરાચાર ત્યજ વ્યભિચાર, શુભ આચાર ને વિસ્તાર,
કરીને યાર, જીવ ઉદ્ધાર, શિવતા ધાર, કુમતિ ડા'મી ડા'મી. સેવ સ્વામી. ૩
મળે ખાનપાન સહજ શયન સ્થાન,
આપે સૃષ્ટિરૂપ ગ્રંથ પૂર્ણ જ્ઞાન,
તજી ફંદ ભજ સ્વચ્છંદ સુખનિધાન,
મનમાં ધારીને દૃઢ ટેક, રાખી નેક, ધર વિવેક, પાપ અનેક, છોડી છેક,
પ્રભુવ્યતિરેક, ભૂલ હરેક, આશ્રય એક, રહે પામી પામી, સેવ સ્વામી. ૪

---

## માતા.

( બીગરી કોન સુધારે નાથવિણુ બીગરી કોન. એ રાગ. )

૧

લાડે કોણુ લડાવે, માતવિણુ, લાડે કોણુ લડાવે રે,
પીડામાં પણુ ક્રીડા માની, મનમાં મસ મુસકાવે રે. લાડે. ટેક

ઢીચણુ ઉપર સુતનુ સુતને, બેસારી બહુ ભાવે રે,
એક કરાંગુલિ અધરપર ધરી, હાંસે કોણુ હસાવે રે. લાડે કોણુ. ૧
પ્રેમતરંગ અચાનક ઉછળે, બહિર નીકળવા ટાંપે રે,
જનની ઝટ તવ ચુંબન કરતી, છાતી સરસો ચાંપે રે. લાડે કોણુ. ૨
ગૃહવિવેક ગમત કૃતિ વિસરી, અંકે કોણુ સુવાડે રે,
એક ટશે ન્યાળી કર ફેરવી, ગલિ ગલિ કરતી રમાડે રે. લાડે કોણુ. ૩
નેડી કટિપર રત્ન અમૂલક, પગલે પગલે જોતી રે,
સોળ શૃંગારે રહિત રમણી, પુત્રશૃંગારે સ્હોતી રે. લાડે કોણુ. ૪

૨

મરત ખરે વણુમોતે, માતવિણુ, મરત ખરે વણુમોતે રે,
તનુજ પ્રેમ-જનિત ધીરજથી, ઉછરે જોતે જોતે રે. મરત. ટેક.
ઉરૂ ઉદર ને ઝધન સ્તનથી, જાતને જનની સેવે રે,
સ્નેહે શોણિતનુ દૂધ કરીને, ધાવણુ પીતાં ટેવે રે. મરત ખરે. ૧
છેડા નાંખી કુજન કુદૃષ્ટિ ને, શશિ રવિ જલદ નિવારે રે,
હૂંફ અતુલ દે પાસમાં લેઈ, રાતે જવ સુવારે રે. મરત ખરે. ૨
પથ્ય ભજે ને ઔષધ ખાએ, ખટરસ નવરસ ત્યાગે રે,
વત્સલરસમાં ગરક થયેલી, પુત્ર જુવે અનુરાગે રે. મરત ખરે. ૩
માનિની માન તજી અપમાનથી, લેશ ન ડરતી લજાતી રે,
શિશુહિતસાધન પુછીને સુખથી, મદરહિત મદમાતી રે. મરત ખરે. ૪

૩

કોનું હેત વધારે, માત વિણુ, કોનું હેત વધારે,
અવર પ્રીત ક્ષણિક સ્વારથથી, ભલે જણાએ ભારે રે. કોનું હેત. ટેક.
નવ મહિના નિજ ઉદર ધરતાં, સતત હૃદયે રાખે રે,
જાગૃત સ્વપ્ન સુષુપ્તિ વિશે પણુ, દેખે કશું ન સુત પાખે રે. કોનું હેત. ૧
“ભાઈ,” “અભ્યા,” “બેટા” કે “છૈયા” કહેતાં મુખડું ભરાય રે,
પુત્રવતી ઘર-સૂત્રવતી બની, સ્વર્ગનુ સુખ નહિ ચાહે રે. કોનું હેત. ૨
રૂદન શુણતાં હૃદય વિંધાતું, હર્ષિત કરવા વ્હાય રે,
શયનસમયે મધુર સ્વરથી, હાલેરાં હૃદ ગાય રે, કોનું હેત ૩
તેલ અભ્યંગથી સ્નાન કરાવી, ચંદન ચર્ચે કાયરે,
ઓળી કેશ શિશુ બેશ બનાવી, જોતાં જરા ન ધરાય રે. કોનું હેત ૪

૪

કોણ અવર હિતકારી, માત વિણુ, કોણુ અવર હિતકારીરે,
ગજુ નહિ પણ પરગજુ થઇને, નિરંતર સુખકારી રે. કોણુ અવર. ટેક.
દેહ પરાધીન તેને શીખવ્યું, ખાવું, બેસવું ખસવું રે,
ફરવું દોડવું કુદવું ચ્હડવું, સ્ફુટ ને શુદ્ધ ઉચ્ચરવું રે. કોણુ અવર. ૧
કાકા મામા પુત્ર પિતાદિ, ભેદ સકલ બતલાવ્યા રે,
રવિ શશિ ગિરિ નદ ત્રણુ ભુવનના, સાર ટુંકા સમજાવ્યા રે. કોણુ અવર. ૨
કક્કે ખખ્ખે એકડે બગડે, જ્ઞાનના પાયા ચણાવ્યા રે,
મ્હેતાજી શું શીખવશે જ્યાં, માતાએ પાઠ ભણાવ્યા રે, કોણુ અવર. ૩
ઇશ્વરનુ અસ્તિત્વ ઠસાવ્યું, ધર્મ શ્રદ્ધા મન ધારી રે,
શાસ્ત્રયુક્તિથી શું કરશે ગુરૂ, માતાની બલિહારી રે. કોણુ અવર. ૪

---

## માતૃત્વ.

### દીર્ઘિકાઉક્તિ.

કાલજ કોર્યું તે કહોને કહિયેરે, ઓધ્ધવ છેલછબોલડે. એ રાગ.

મ્હેંતો ગર્ભમાં ધાર્યો બહુ માસ રે, સૈયર કંજ કજાતને,
રાખુ છાતી ઉપર નિત્ય ખાસ રે, સૈયર કંજ કજાતને. ટેક.
રસ કસ દઇ એને પોષું છું પ્રીતે પણુ, સ્નેહ ન ધરતો લગાર રે. સૈયર. ૧
પંક ધરી બહુ રંક બનુ પણુ, લેશ કરે ન મુજ વા'ર રે. સૈયર. ૨
નિશદિન પ્રેમ સલીલે વિંઢાળું તોય, ત'રા નથી તલભાર રે. સૈયર. ૩
ઘર ઘર ફરતાં રસ મસ લૂંટે એવા, ભમરનો એઠો થઇ યાર રે. સૈયર. ૪
મધુર વદીને ધન ચોરી લે તેને છૈયો, છાતીમાં રાખે મસ વાર રે. સૈયર. ૫
દેતાં શીખામણુ આડુ રહે જોઈ, માથી લજાય ગમાર રે. સૈયર. ૬
વેરીનો વ્હાલો થયો વેરી તનુજ મ્હારો, પહોંચ્યો ન મિત્રનો પાર રે. સૈયર. ૭
ઢાળીને કર, મુજ જીવન સૂર્ય એ, ખેંચે છે સાંજ સવાર રે. સૈયર. ૮
દુશ્મન ન્યાળી ભલે થાય પ્રફુલ્લિત, અંતે થવાનો ખવાર રે. સૈયર. ૯
શું કરીએ, સખિ, રીસ ચ્હડે પણુ, પેટમાં પાકયો તેનો પ્યાર રે. સૈયર. ૧૦
ઠર્યાં માવીતર કહીએ કોને જઇ, બળે હૈયામાં અંગાર રે. સૈયર. ૧૧
દાઝવુ દેખી વળી રહેવુ સાંભળી પણુ, તુટે ન સ્નેહનો તાર રે. સૈયર. ૧૨
આડો હઠીલો છૈરવંગો અલેતો પણુ, પ્રાણુતણો એ આધાર રે. સૈયર. ૧૩
માતવિના કોણુ જાણી શકે સહિ, માતાના મનના વિચાર રે. સૈયર. ૧૪
ખુટેલ જગમાં અખુટ એક અલિ, માતાના સ્નેહનો ભંડાર રે. સૈયર. ૧૫

### ગીતિ.

જનક ગુણે ગુણકારી, સ્નેહ લઈ સ્નેહ આપતા ભ્રાતા,
ઈશ્વર રાચે સ્મરણે, સહજ અલૌકિક ધરે સ્નેહ માતા. ૧

---

## પિતા.

### કાફી.

૧

જનક-તરૂ ન્યારૂં રે, સુખદ ને હિતકારી,
વાર વારે વારૂં રે, ગહન ગતિ છે ન્યારી. જનક, ટેક.
હૃદય-મૂલથી ઉભરાઈને, પ્રેમતણો રસ મીષ્ટ,
રોમ રોમ પલ્લવમાં પ્રસર્યો, દેવાને સુફલ અભીષ્ટ,
રીષ્ટ સર્વે ભાગે રે, સુધા વરસે ભારી. જનક. ૧
યાવતજન્મ સહે ધીરજથી, ટા'ઢ તાપ વરસાદ,
ભૂખ તૃષા નિદ્રાને ત્યાગે, લેશ ધરે ન પ્રમાદ,
સુખ સુતને થાવારે, સમાધિ રહે ધારી. જનક. ૨
બાળક નૃત્ય કરંતાં જોઈ, ડોલે હરખથી જાત,
કીલ કીલ શબ્દ શૃણીને સારે, હરખના અશ્રુપાત,
ધન્ય પોતે માને રે, વિતક નિજની વિસારી. જનક. ૩
છત્ર બનીને છાયા આપે, હુંફ ધરે ચિરકાલ,
સંચય કરીને સાચવી રાખે, ધાન્ય અને ધન માલ,
પુત્રની સવાઇ રે, કરવા ધરે હુંશિયારી. જનક. ૪

૨

આશાનુ પંખીડુ રે, જનકનું બહુ ભમતું,
ક્ષણે નભમાં ઉડે રે, ક્ષણે ધરતી ધમતું. ટેક.
વામ ભરે કૃતિ વામ કરે છે, વામવા સુતનુ દુઃખ.
બાલક સાથે બાળ બનીને, જાણી લે છે સહુ રૂખ,
ભૂખ સરવે ભાગેરે, સતત કરે મનગમતું. આશાનુ પંખીડુ રે. ૧
પુત્રીતણે ઘર પુત્ર થવાને, તેને સીમંતની આશ,
ઘર ને વિત્ત જુદાં કરી આપે, મૂલ્યવગરનો દાસ,
ખાસ સંસૃતિ ખેડે રે, સરસ દઇ લે નરતુ. આશાનુ પંખીડુ રે. ૨
નરક "પૂ"થકી તારી દેશે, એવી ભીડીને હામ,

જીવથકી પ્રિયતર સાચવવાં, અજંપો આઠે જામ,
રામ નામ ભુલે રે, ગૃહે શિશુ જોઈ રમતું. આશાનુ પંખીડુ રે. ૩
સ્વારથ ધન અનુકૂળતામાટે, લોક ધરે સહુ સ્નેહ,
હાનિ થતાં પણુ સહજ ઉમળકે, વરશે પ્રણુયનો મેહ,
છેહ છેયાં દેછેરે, તથાપિ મન નથી ડગતું. આશાનુ પંખીડુ રે. ૪

૩

દૂધ કેરો દરિયો રે જનકનુ હૃદય જાણુો.
ઓટ લેશ ન આવે રે સદા ભરતી નાણુો. ટેક.
મીષ્ટ તરંગો ઉછળી રહે છે, ધીર અને ગંભીર,
શીતળ પૌષ્ટિક શાન્ત સ્વભાવે ઉજ્જ્વલ નિર્મલ નીર,
તીર છે સુંવાળાં રે, નડે ન સુતને પ્હાણુો. દૂધ કેરો. ૧
મથન કરીને સુતને આપે, ચૌદ વિદ્યા ચૌદ રત્ન,
મંત્ર ગુહ્ય સહુ સમજાવી દે, કરી, નિરંતર યત્ન,
આત્મને સમર્પે રે, દીપક કરે દીપ શાણુો. દૂધ કેરો. ૨
પૂરી પુત્રેષણા થવાથી, લીલોછમ દિનરાત,
યશસુગંધ વિસ્તારે જગમાં, કરવા યશસ્વી સુજાત,
છાતી ઉપર રાખે રે, ભાર વ્હેતાં હરખાણુો! દૂધ કેરો. ૩
લાડ કોડથી રહે પાલવતો, અલેતુ ચંચળ મીન,
આત્મજ કાજે કાયરતાનો, ત્યાગ કરે છે પ્રવીણુ,
હીનમતિ ના લેખે રે, પિતા તે પિતા પરિમાણુો. દૂધ કેરો. ૪

૪

મોહાંજન આંજ્યાં રે, જનકનયને જૂદાં,
અવર શિશુ કુબડાં રે, જગતમાં નિજ રૂડાં, ટેક.
"ભાઇ" સમોવડ કોઈ નથી ને, "ભાઇ" છે સ્મરનુ રૂપ,
બૃહસ્પતિ ડા'પણુમાં બીજો, કલાકૌશલમાં અનૂપ,
ભૂપ શો બડભાગીરે, અવર સહુ વલકુંડાં. મોહાંજન. ૧
કાલા તોપણુ બોલ વીણી લે, બેટાના તેથી અતુલ,
કેડે કે આંગલિયે લઇને ફેરવે રત્ન અમૂલ્ય,
ગર્વથી દેખાડે રે, પ્રણુયનાં મૂળ ઉંડાં, મોહાંજન. ૨
સૂત્ર વધારે કુળ ઉદ્ધારે, વૃદ્ધાતણો આધાર,
નામ રૂપનો નાશ તથાપિ તેને રાખે બહુ વાર,
પ્યાર એવું શીખવે રે, ભરીને રસનાં કુંડાં. મોહાંજન. ૩

સાર સરવ આત્મજનને માટે, આત્માને કાજ અસાર,
રાખે તેમાં સુખ ચાખે છે, માગે નહિ ઉપકાર,
પિતાને પ્રણમજો રે, થશો ન અવગુણી ભુંડા. મોહાંજન. ૮

## યોગી.

### સ્વાગતા.

દેહ અર્પણ કરે પરમાટે, કાર્ય-તર્પણ કરે પણ ધાટે,
સ્વાનુભૂત અવધૂત ફરે છે, ધર્મકાર્ય જન આર્ય કરે છે. ૧
હાસ્ય ગાળ અપમાન સહે છે, રાગ ગાય પણ રાગ હરે છે,
જ્ઞાનમત્ત ન પ્રમત્ત તથાપિ, કષ્ટ રહે સકલ સૃષ્ટિનુ કાપી. ૨
શર્મ દે તદપિ શર્મ ન ધારે, ભેદ જીવ શિવના મન ધારે,
ભોગ રોગ સમ ભોગ ગણે છે, થૈ અશત્રુ ગુણ-શત્રુ હણે છે. ૩
મસ્ત સંતત અમસ્તક યોગી, કેતકી સમ બને પરભોગી,
ભિન્ન સંસૃતિ અભિન્ન લહે છે, જ્ઞાનઅગ્નિ વિણ-અગ્નિ દહે છે. ૪
લોકમાં અલખને જગવે છે, ભાવ ભાવઠ તણા ભજવે છે,
હર્ષ શોક ન કશો કનવામાં, વાય સ્વચ્છ મન-વા મનવામાં. ૫
ભૂત ભૂતલતણુ ગણી તાજુ, ને ભવિષ્ય ક્ષણભંગુર વાજુ,
વર્તમાન પલમાન જુવે છે, જેમ ભગ્નઘટ વારિ ચુવે છે. ૬
સૃષ્ટિ-સ્વપ્ન સુખરૂપ ન માને, પાપનુ પણુ અજીર્ણ પ્રમાણે,
મોહદાદર અનાદર યોગ્ય, જોઈ સાધિત કરે હઠયોગ. ૭
કાલનાગ લયનાગર નાથે, બ્રહ્મજ્ઞાનનુ સુદર્શન હાથે,
ચાંપતી વિજયશ્રી પદ સારી, સેવતો યમી અનંતપથારી. ૮
વાંસળી પ્રણવનો સ્વર ફૂંહાડે, એકતા હૃદયનૃત્ય ઉપાડે,
કેલિ ગોકુલવને કરવામાં, રાધિકા-વિરતિ સાથ ક્ષપામાં. ૯
સ્થૂલ સૂક્ષ્મ તન કેતન કારા, શૃંખલાગણ ગણી ગુણ ખારા,
દ્વારપાલ દશ ઈંદ્રિય વર્ગ, અર્ઘ્ય તુલ્ય કરતો જગ સર્ગ. ૧૦
"**अस्ति भाति प्रिय**" ને પ્રિય માની, નામ રૂપ ગણતો નહિ ધ્યાની,
નાશવાન જડ જંગમ જાણે, એક નશ્વર સ્વયમ્ મન માને. ૧૧
સૃષ્ટિથી અલગ સૃષ્ટિ-નિવાસી, અંગરંગ પરસંગઉદાસી,
યત્ર યત્ર મનડુ વિચરે છે, તત્ર તાપસ સમાધિ ધરે છે. ૧૨
આત્મવત્ સકલ ભૂત નિહાળે, અક્ષ દક્ષ જન અક્ષ ન ભાળે.
જન્મ ને મરણ કલ્પિત ધારા, જાણતો અભણના ભણકારા. ૧૩

તુષ્ટ પુષ્ટ દૃઢ સ્વસ્થ ગિરીશ, દેહ ને હૃદય વજ્ર શિરીષ.
એકલો અડગ અક્ષરપંથી, ભેદતો હૃદયની ઘનગ્રંથી. ૧૪
શાસ્ત્રશસ્ત્ર, દિશ વસ્ત્ર, ધરે છે, ભૂમિગેહ, નભછત્ર કરે છે,
જ્ઞાનપાન સુખભક્ષણ થાય, ધામ એ પરમ અત્ર જણાય. ૧૫

---

# ઉદાસી.

## ભાવણો. ૧

સંસૃતિજલમાં નથી એશ લેશ દેખાતું,
જ્યાં કાલ માછલુ સદા વહે છે ખાતું,
મદ મોહ મદનથી ભલે જગત હરખાતું,
પણ જ્ઞાન ભક્તિ સુખ લેશ નથીજ ચખાતું. ૧
અતિ ક્ષણિક ભોગના હર્ષ વિષમ બહુ લાગે,
ભોગવતાં ઇચ્છા વધે તર્ષ નહિ ભાગે,
સુખ દુઃખ–રહિત નહિ જરા વ્યથા અનુરાગે,
રૂઝતા પ્હેલાં ઘા એક અવર શર વાગે. ૨
ચિંતા આશાથી ગયું જીવિત બહુ એળે,
જંપાયુ નહિ પળવાર રાગની ચેળે,
બહુ તરંગ ઉઠતા જતા ડુબાવે એળે,
છોડી જાવાના વિષય તજ્યા તે મેળે. ૩
વિસ્મૃતિ–પ્રાય વસ્તુમાં સ્મૃતિ મ્હેં ધારી,
જન્મોજન્મતણો મિત્ર મુક્યો વિસારી,
મ્હેં દુશ્મન વ્હાલાં ગણ્યાં હણ્યાં હિતકારી,
જોવાનુ જોયું નહિ આવી અંધારી. ૪
કરી અહિત પ્રાપ્તિને કાજ જારી વિજારી,
મકલાયો મળતાં દુઃખ મૂર્ખ અવિચારી,
નિજને ઠગવામાં માન ગણ્યું મ્હેં ભારી,
અંતે તો વાની રહી ગઇ હુંશિયારી ! ૫
મ્હેં હાથ ચ્હડેલો મણી દીધોતો ફેંકી,
બહુ યત્ને મળતાં કાચ ગયોતો બ્હેંકી,
મ્હેં અંતર–ગુરૂના પાઠ દીધાતા છેકી,
છોડીને સરવે ટેક માનતો ટેકી ' ૬

વ્હેતો હું ખરસમ ભાર માર બહુ ખાતો,
ઘર ઘર બે પગનો શ્વાન બની અથડાતો,
ઘરનાંનો બનતો બેલ ઘાણીમાં ફરતો,
થઇ મનુષ્ય માનવકૃતિ નહિ આચરતો ! ૭

મ્હેં બની વેવલો કરી કૃતઘ્ની–સેવા,
ઉતાર્યા શઠને કાજ ઘણા પરસેવા,
પામરથી લેવા લાભ પાડીતી હેવા,
આરાધ્યા નહિ પળવાર દેવના દેવા ! ૮

મ્હેં રાત દિવસ તજી નિંદ પેટ પણ બાળ્યું,
થઈ પરાધીન નિઃસત્ત્વ માનધન ટાળ્યું,
મ્હેં મિત્રાચારી કરી ચિત્રની સાથે,
વિધ વિધ રંગે ઉપહાર સજાવ્યા હાથે,
પણ દુઃખ સમયમાં એક રહ્યું નહિ સાથે,
અવગણના મ્હારી કરી હસે છે માથે. ૧૦

હું સ્વાર્થ સાધવા કાજ દશેદિશ ધાયો,
નહિ ટાઢ તાપ વરસાદથકી ક્ષણ કાયો,
બહુ અંધકારમાં ભમ્યો રહ્યો નહિ સાહ્યો,
વણ સમજે ડહોળો રચ્યો પ્રથમથી પાયો ! ૧૧
કદિ કાર્ય–સિદ્ધિ થઈ જાય અચાનક ભાવે,
તૃષ્ણાનુ વર્દ્ધન કરી ચિત્ત ઉકળાવે.
ઇચ્છા નથી થાતી પૂર્ણ અધૂરી સ્વભાવે,
અંતર વૃશ્ચિક સમ ડસી સદા અમુઝાવે. ૧૨
મ્હેં આજ લગીનુ કર્યું જીવન ધૂલધાણી,
પથ્થરપર ખેતી કરી સિંચ્યું નહિ પાણી,
કરી, ધર્મબીજને ખોઇ, અધર્મ કમાણી,
ડાહ્યો તે વાહ્યો ગયો ! સુબુદ્ધિ તણાણી. ૧૩

નહિ ભોગ લીધો પણ રોગ અંગમાં ભાર્યો,
નહિ યશ લીધો પણ વૃથા ગયો જનમારો,
લ્હાવો નહિ લીધો, બન્યો કાળનો ચારો,
તુટ્યા ચતુરાઇના તાર એક નથી આરો ! ૧૪

હું ગયો ઉદાસી બની થવા વનવાસી,
તજી અસાર આ સંસાર જ્ઞાનનો પ્યાસી,
ઘર વિમુખ દુઃખથી કર્યું ઠર્યું મન હરિમાં,
રતિ સર્વે સમાઈ ગઈ વિરતિસતિ નરિમાં. ૧૫

---

## રાજર્ષિ.

### લાવણી. ૨

મ્હેં ચિંતા સર્વે તજી ગ્રામને દ્વારે,
તો ચિંતા મ્હારી સજી રહે પ્રભુ ભારે,
મ્હેં મુકી વાસના સર્વે અરણ્યે જ્યારે,
તો પુષ્પવાસના મને વધાવે પ્યારે. ૧
હું છોડીને ઘરબાર થયો વનરાજા,
મ્હેં મુકી લાજ તો ધરે સત્ત્વ મુજ માઝા,
તજી નીરસ અન્ન હું જમુ મીષ્ટફલ તાજાં,
તજી કુટિલવેણુ હું શ્રુણુ અનાહત વાજાં. ૨
સંગેમરમરની શિલા સુંવાળી સારી,
નવપલ્લવ–રૂથી ભરી સુપુષ્પ પથારી,
તકિયો ચંપકની લતા તણો શુભકારી,
ત્યાં સિંહાસન હું કરૂં અચલપદ ધારી. ૩
ઘટ ભવ્ય વૃક્ષની ઘટા છટાથી રહેછે,
મુજઉપર દિવસ ને રાત છત્ર ધરી રહે છે,
મૃદુ પુષ્પ સ્વાદુ ફળ દઈ મને રીઝવેછે,
ક્ષણક્ષણુ ચાલવતાં હાથ વારણાં લેછે. ૪
કોકિલ મેના પોપટી ચમર ધારે છે,
"કિલકિલ" બોલી કલ્લોલ લોલ લલકે છે,
પારાવત રસિલાં સર્વ હજૂરી બને છે,
મુજ અમલ કેફથી મત્ત નિરંતર રહે છે. ૫
મુજ છડીદાર છે સિંહ વિજય પોકારે,
પ્રતિહાર વ્યાઘ્ર બની રહે જાગતા દ્વારે,
મદમસ્ત હસ્તિના નિવહ નિરર્ગલ રમતા,
મુજ રક્ષા કાજે ગરુડ રહે છે ભમતા. ૬

મુજ પરમહંસની પાસ હંસ બહુ નાચે,
જૂદાં જળ દૂધને કરી "પરમ"પદ જાચે,
ત્રણ સંધ્યાસમયે સદા દીર્ઘ લઘુ પક્ષી,
સંકીર્તન મધુરૂં ગાય મને આલક્ષી. ૭
હઠ તાંડવ કરતા મોર શોર મૃદુ માંડે,
શંકરનુ કરતા હાસ્ય વિષયરસ છાંડે,
કસ્તૂરીમૃગ મુજ દૂત વેગથી પૂરા,
મુજ રાજ્યતણી શુભવાસ પ્રસારે શૂરા. ૮
નિર્મળ જળથી ભરપૂર સરોવર ભારે,
ત્યાં અમલવદન પદ્મિણી નયન બહુ મારે,
પણ સલજ્જ સ્થાને રહી લળેછે લાડે,
'જગકુટ્ટણીઓ છે વર્જ્ય' એમ દેખાડે. ૯
વળી શીતલ મંદ સુગંધ સમીર વહેછે,
પંખો મુજઉપર કરી અદૃષ્ટ રહે છે,
નિર્ઝર ઝર ઝર ઝર ઝરી મને સેવે છે,
શીતળ ને સ્વાદુ શુદ્ધ સલિલ ધરે છે. ૧૦
સુંદર અંબરને ધરી રક્ત વિચરે છે,
શશિ સૂર્ય અહોનિશ મને મશાલ ધરે છે,
રજનીમાં ચાંદીતણુ હેમતુ દૂહાડે,
મુજ કાજ બીછાનુ કરી પ્રહર્ષ પમાડે. ૧૧
મુજ કોષાધિપ ઋતુદેવ વિવેકી શાણો,
નવનવ આપે ફળ ધાન્ય ગ્રહે નહિ દાણો,
મુજ ઇચ્છા પૂરી કરે સમયને સાધે,
સૈનિકો દ્વાદશમાસ મને આરાધે. ૧૨
શંકર જાણી અભિષેક કરે ચોમાસે,
શતરંજીથી સુર ભરે ધરા ઉલ્લાસે,
મુજ રાજ્ય તપે ત્યમ તપે ઉનાળો ભાવે,
તપ–પ્રતાપ મ્હારો પ્રચંડ–તર બતલાવે. ૧૩
શીયાળો સેવા કરી શાન્તિ વરસાવે,
કરવાની શીતળ ચિત્ત, રીત સમજાવે,
મુજ સેવા સરવે કરે શક્તિ અનુસારે,
હું રાજ્ય ભોગવું અખંડ પ્રૌઢ કરારે. ૧૪

છે જગકર્ત્તાનો એક આશરો મ્હારે,
તો વેર ઝેર તકરાર મળે ન લગારે.
રહી અષ્ટસિદ્ધિ નવનીધિ બની મુજ દાસી,
હું અનન્ય હરિનો ભક્ત રહ્યો વનવાસી. ૧૫

---

## વ્યર્થજીવિત.

( ગોરસ લઈને ગોપિકા મહિ વેચવા ચાલી. એ રાગ. )

### શૈશવ.

ભાનુ પ્રથમ નિરખ્યા પછી નહિ ભાન લગારે,
વૃત્તિ પરાધિન સર્વે છે નહિ શબ્દ ઉચ્ચારે,
હાસ્ય રૂદન સરખું ગણે નહિ ભેદ જણાતો,
ભવસાગરમાં મત્સ્યસમ જન જાય તણાતો. ૧
યૌવન ફેડીને માતનુ પછી શોણિત પીતો,
મૂત્ર અને મળમાં રમે રજથી પણ બ્હીતો,
તરફોડા મસ મારતો નહિ જોર જરાએ,
દુઃખ પડે પણ અંગનુ નહિ દુઃખ કલાએ. ૨
પુત્ર થયો ઘરસૂત્રને લાંબુ કરવાને,
પાપ અને તુજ ભારથી ધરતી ભરવાને,
સ્મરણ થયું નહિ ઈશનુ નહિ અક્કલ ત્યારે,
રહેતો ભજી અન્નપૂરણા નિજરૂપ વિસારે. ૩
કૂપતણા મંડુક તું હતભાગ્ય અજાણ્યો,
માતતણા સ્તનમાં ગણે આધાર બધાનો,
શૈશવ એમ વહી ગયું ભુલ્યો આદિ અનાદિ,
વિસ્મૃતિનુ ધન મેળવી શિખ્યો છોકરવાદી. ૪

### બાલ્ય.

જમતાં વિરમતાં ને ખેલતાં હઠ આકરી માંડે,
ધાર્યું કરાવા નાચતો રડતાં રઢ માંડે,
માયાની છાયામાં છૂપતાં વધતી બહુ કાયા,
ભાઇને ભગિનીની ગોષ્ટિમાં વિસર્યો જગરાયા. ૧
અક્ષર થઇને મૂરખા હવે અક્ષર શીખે !
મિથ્યા વલોવે વારિને સૂમને જઇ ભીખે,

માંડે સરસ્વતી દેવીનુ તું ઉપાસન ભારે,
સાત સાંધી તેર તોડતો ન વિચાર લગારે. ૨

ગ્રંથ પઢયો પણ કાળજે બંધાય છે ગ્રંથી,
દિશ ર્‌હડી ગઇ છે તને પથ ભુલ્યો કુપંથી,
ઉજ્જવલ એટલું દૂધ છે મન માની ફસાયો,
પકડ્યો છે મો'ટે સાંણસે મદમાં સપડાયો. ૩

ઉચ્છૃંખલતાની નદી એને તાણે તણાયો,
મૂરખ મસ્ત બની રહે ત્હારો ઘાટ ઘડાયો,
ખૂબ ભણ્યો પણ ના ગણ્યો બન્યો શુકશો જ્ઞાની,
એક વિના શલ શૂન્યથી ઉપજે બહુ હાની. ૪

## યૌવન.

યૌવનનુ વન જોઇને આવ્યો મસ્તિમાં હસ્તી,
મનમાન્યું કરવા મથે ધરી જીંદગી સસ્તી,
કામની આઠે જામમાં રટના તને લાગી,
મૃગજળ આશાનાં જુવે ત્હારી તરશ ન ભાગી. ૧

તૃષ્ણા હથેલીમાં પંખીને નચવે ત્યમ નાચે,
નારીના વક્રકટાક્ષથી ઘાયલ થઇ રાચે,
જુઠ પ્રપંચના પુષ્પથી કરી લક્ષ્મીની સેવા,
ભવભયભંજકની નહિ રાખે લેવા કે દેવા. ૨

ભવસાગરની મોજડી ત્હારૂ જીવિત તાણે,
મત્સ્યસમાં વ્હાલાં સગાં તને ભક્ષ્ય પ્રમાણે,
ભેદ પડયો તુજ બુદ્ધિમાં સાચુ માનેછે શાણુ,
ફેર ર્‌હહ્યો ત્હારી આંખમાં સહુ ફરતુ જણાણુ. ૩

ઘોર અરણ્ય સુઝે નહિ ત્હારા પથમાં જણાતુ,
આંખ ઉઘાડી જો જરા આયુષ્ય હણાતુ,
ગર્વમાં ધર્મ લહે નહિ રહ્યો કાલ-ચવાણો,
પ્રભુ ચિંતામણિને તજી સાહ્યો છે જગ-પ્હાણો. ૪

## વૃદ્ધા.

વૃદ્ધમાં ચિંતાએ આંતર્યો કાળે દાંતને તોડ્યા,
રોગોએ અંગપ્રહારથી સ્નાયુબંધ વછોડ્યા,

છોડી નહિ પણ લાલસા વગર્યાં બહુ મારે,
વાત કરે બહુ ડાહ્યલી નહિ કો ગણકારે. ૧

પૂજા ધરાની તું કરે સેવે મહાકાળી,
ભૂલી ગયો પરબ્રહ્મને વાસના નહિ ટાળી,
પુત્ર કલત્ર ને પૌત્રના હિતકાજ યતે છે,
પાપનો જાપ જપી રહ્યો "મ્હારૂં મ્હારૂં" કહે છે. ૨

ચોટ ચલાવે છે ઠોઠ શું હવે ઓટ જણાએ,
મેળવતાં સરવાઇયુ ખરી ખોટ કળાએ,
જંપ નથી પળવારનો પણ કામ અધૂરૂં,
કલ્પિત વ્હાલાંને કારણે કરે અંતરૂ બુરૂં. ૩

"પાછળનાની શી વલ્હે થશે" એમ વિચારે,
આવીઃ બન્યું છે તાહરૂં તેનો શોક ન ધારે,
જન્મને આરેથી નીકળી આવ્યો મૃત્યુકિનારે,
શિરપર પાપના પુંજનો ભર્યો ભારો તેં ભારે. ૪

## અવસાન.

મૃત્યનો સોટો વાગતાં ખરી હેબક ખાધી,
ફોલી ખાવા તને આવી જો આધિ વ્યાધિ ઉપાધિ,
જન્મના સાથી દેહને પડે છોડવો ત્હારે,
બળતા કાળના ચક્રમાં ચગદાવાનુ ત્હારે, ૧

ઘોર વેરાનમાં એકલાં ફરવું ચિરકાળ,
તમસ તમસ નજરે ચડે બળે છાતીમાં ઝાળ,
દેવી ઉપાસી તેં બહુ એક કામ ન આવી,
કર્મ ત્હારાં તને ખાય છે નાખે તેલમાં તાવી. ૨

શોક હવે શા કામનો આવ્યુ હાથે તે સાથે,
પોક મુકેછે શું હવે મુકી હાથ બે માથે.
માન્યા નહિ જગદીશને વિષ જાણીને પીધું,
કરવાનુ તે ના કર્યું ના કરવાનુ કીધું. ૩

સંસૃતિ-ગરણી ધારતી પડ રાગ ને દ્વેષ,
વ્યક્ત સમયમાં તે તને આપે ભોજન એશ,

તેજ હવે દળે જો તને કાળ નાખેછે ચાળી,
નારાયણુનો લે હજી આશ્રય મન ઝાલી. ૪

### પદ.

સાધ્ય થશે જગદીશ, પતિતને, સાધ્ય થશે જગદીશ.
જ્ઞાનસુધાજળ પીશ, પતિતને. ટેક.
હૃદયકમલને અમલ કરી જો, લેશ ન રાખે રીસ, પતિતને, ૧
પુત્ર વિત્ત ને લોક ઈષિણા, નાગણુ જાણી તજીશ. પતિતને, ૨
ક્ષણભંગુર પણ જાળાંવાળી, સંસૃતિ સરિત તરીશ. પતિતને, ૩
ગાંઠ પડીછે ત્રિગુણની ઘટ, જ્યારે તે છોડીશ. પતિતને, ૪
સંગરંગના ડાઘ બેઠેલા, ધોઈ શુદ્ધ બનીશ. પતિતને, ૫
ધર્મ કર્મ, નિઃસ્વાર્થ ધરીને, શ્રદ્ધા સાથ કરીશ. પતિતને, ૬
શમદમાદિક સંપત્તિથી, મન ભંડાર ભરીશ. પતિતને, ૭
નિશ્ચલ ધીથી ધ્યાને ધરજે, આત્મરૂપ દિનનિશ. પતિતને, ૮

---

## સંસાર.

### પદ ૧.

સ્વમતણો સંસાર, જીવડા, સ્વમતણો સંસાર,
કરને લગાર વિચાર. જીવડા, ટેક.
કયાંથી આવ્યો કયાં જાવાનો, તેનો કર નિરધાર. જીવડા. ૧
કોણ માત ને કોણ તાત તુજ, કોણ સહોદર નાર. જીવડા. ૨
કઈ કઈ જાતમાં જનમ ધરીઆ, મુવો તું કેટલી વાર. જીવડા. ૩
રાગ દ્વેષની ઘંટીમાં તું, થયો દળાઈ ખ્વાર. જીવડા. ૪
મૃગજળમાં લોભાયો શાને, છીપે તૃષા ન લગાર. જીવડા. ૫
સાક્સુપ પણ લોષ્ટની મૂરતી, તેમાં કર્યો શું પ્યાર? જીવડા. ૬
આજ જણાય ને કાલ જવાનું, તેનો પડે કયમ ભાર? જીવડા. ૭
"મ્હારૂં ત્હારૂં" મુક ને પ્રાણી, જ્યાં છે સર્વે અસાર. જીવડા. ૮

### ૨

કર રૂડો સંગાથ, મનડા, કર રૂડો સંગાથ,
ભજી લે જગનો નાથ. મનડા.ટેક.
કાળતણા અગ્નિરથ મધ્યે, બેઠાં જન બહુ ભાત. મનડા. ૧

નિર્મિત સ્થલમાં સર્વે ઉતરશે, લેઇ મરણુની ધાત. મનડા. ૨
ધર્મિષ્ઠ ધન મનન કરતો, રાખ ન આવી સાથ. મનડા. ૩
ત્હારૂં ત્હારૂં પણ મુકી જાશે જાશો ઉઘાડે હાથ. મનડા. ૪
એક દિવસ જાવાનુ જાણી, મ્હોટી ભીડે શું બાથ ! મનડા. ૫
બધું જશે ને કેવલ રૂહેશે, સારી નરસી ગાથ. મનડા. ૬

---

## અસારતા.

(મને અંગો અંગ લાગી છે લ્હાય, કાળજ કોઇ કાપેરે. એ રાગ.)

મને સ્વપને ન ગમે રે સંસાર, મરણુ શિર ગાજેરે.
મને સર્વ લાગેછે અસાર, મરણુ શિર ગાજેરે. ટેક.
દિવસ ઉગ્યો અને રાત પડી એમ, ચ્હડિયો છે ચક્રનો ફેર,
પાપકરમની માલિકા કેરો, આવ્યો નહિ કદી મેર. મરણ. ૧
લઘુજનને ઠગવા ભભકાથી, જૂઠથી ઠગવા સમાન,
મિષ્ટવચનથી વ્હાલાંને ઠગવાં, "હાજી હા" એ મહાન. મરણ. ૨
પાપી પેટને કારણે રે, જાચવા કૃપણુ ને નીચ,
નિર્મલ જળ હરિસ્મરણુ તજીને, સેવવો જગતનો કીચ. મરણ. ૩
હરખ શોકની પાંખોની ઉપર, ચ્હડીને જોવાનુ વેરાન,
ક્ષુદ્ર ક્ષણિક ચલ લક્ષ્મી ત્રિયાનું, ધરવું અનાહૂત ધ્યાન. મરણ. ૪
પુત્ર પ્રિયાની પ્રીતિની જાલમાં, લપટાવાનુ દિનરાત.
મૃગજળમાં બહુ મોહિત થઇને, ભૂલી પ્રભુની વાત મરણ. ૫
અંતઃકરણુરૂપી યમ જ્યારે, દેછે કુકર્મનો દંડ,
હાથ ન આડો કોઇએ ધરશે, માર પડે જ્યાં પ્રચંડ. મરણ. ૬
આ જગનાં સહુ સુખ નથી પણુ, સુખના કલ્પિત ભાસ,
મુકી જવાનુ છે મંદીર ને વપુ, નૌતમ નાર વિલાસ. મરણ. ૭
તત્ત્વનુ તત્ત્વ ને સારનો સાર તે, પૂરણુ સચ્ચિદાનંદ,
ચિત્ત નિરંતર તેમાં ઠરાવો ને, છોડીને ભવના ફંદ. મરણ. ૮

---

## સ્વાર્થી જગત્

(શરણુ પડયો છું રે શ્રીહરી. એ રાગ.)

જગત્ જણાએ રે ભૂખડી, સહુને સ્વરથનો છે નેહ,
કૂહેવા માત્ર બધાં વ્હાલાં સગાં, સરવે દેવાનાં છે છેહ. જગત્. ટેક.

કોઇ "બાપા" ને "બેટા" થાય છે, કોઇ તો "કાકા" "મામા" થાય,
"ભ્રાતા" "ભગિની" "નારી" બને, સહુને પૈસાની છે વ્હાલ. જગત્. ૧
કોઈ કોઈ મિત્ર બની સાથે ફરે, કોઈ આશ્રિતનો રાખે ડોળ,
વળી કોઇ ભારે હિતકારી બને, સમયે કોઇ ન ધોળે ઘોળ. જગત્. ૨
જગમાં સાચો સાથી ના મળે, જ્યારે આવે આપતકાળ,
ચિંતા દેખાડેછે બહુ, કોને પેટ વિશે નહિ ફાળ. જગત્. ૩
એક દિન મરવા ટાણું આવશે, સહુ તવ કહે સંભારો "રામ"
જમસમ ઘરમાં સરવે મ્હાલશે, જ્યાં ત્યાં ખેંચી લેવા દામ. જગત્. ૪
તગ તગ આંખતણા ડોળા થશે. જ્યારે શ્વાસોચ્છ્વાસ રૂંધાય,
દુષ્કૃતિ સામી આવા પીડશે, તેમાં બીજાનું શું જાય! જગત્. ૫
ટીપે ટીપે પાણી ટેવશે, કંઠે પડશે તોપણ સોસ,
ત્યારે મુંકશે આશા સર્વકો. દેશે રોગ વિધિને દોષ. જગત્. ૬
મરતા વિણુ ચલાવા કારણે, કરશે છાતી ઉપર વાત,
વીંટી વાલતણી કહાડી લઇ, કરશે ખોડી રોડી જાત. જગત્. ૭
દશ દિન રડવાના વિવેકથી પરવારીને ભૂલે લોક,
મૃતની વાર્તા હસતાં કહાડશે, પડશે વિસ્મૃતિમાં સહુ શોક. જગત્. ૮

## ૨

સાચા સ્નેહી રે સંત છે, જેને ઓધનનો નહિ સ્વાર્થ,
ધરતી કીર્તિને ત્યાગતાં. જેણે સિદ્ધ કર્યો પરમાર્થ. સાચા. ટેક.
જેને જ્ઞાનતણો શૃંગાર છે, લેછે દેછે બ્રહ્માનંદ,
જેને રાગ દ્વેષ લેશે નહિ, છોડાવે જે ભવના ફંદ. સાચા. ૧
સદ્ગુણુ શિખવે ને સુખ દે, વળી તે પાપતણા છે કાળ,
ક્ષણના જીવિતને સાર્થક કરે, આવે સાચવવા અંતકાળ. સાચા. ૨
એવા સ્નેહીને ના ગણી, રાખે ક્ષણિક ઉપર શી પ્રીત!
નિજવેરીને વ્હાલા શું ગણે! દર્શન થાય ખરે વિપરીત. સાચા. ૩
ત્હારા ધનમાં સહુનો ભાગ છે, નહિ લે પાપતણો કો ભાગ,
કપટ દગાથી પૈસો મેળવે, તેથી સગાં ધરે છે રાગ. સાચા. ૪
ઘેલો ભક્ત દરિદ્રી જો થયો, કરશે પ્યારી તે પણ વેર,
માતા પિતાને ભ્રાતા તજે, જનને શ્મશાનના ઘાટ પેર. સાચા. ૫
બોલાવે "બાપા" "ભાઇ" કહી, જોઇ કાયા માયાના વેશ,
પણ રોગે જો તેમાં ઘર કર્યું, પાસ ન આવે કોઇ લેશ. સાચા. ૬

માટે મનનો વેગ દબાવીને, ઉરમાં ક્ષણભર કર વિચાર,
લખચોરાશીમાં કોઈ નથી, જેનો તુજપર સાચો પ્યાર. સાચા. ૭
દુર્લભ આવ્યો છે આ સમો તેમાં સફળ કરી જીવિત,
હરિને હરિજનમાં કર પ્રીતડી, એછે સાચુ ભવિષ્યનુ વિત્ત. સાચા. ૮

---

# મોહિની મુમુક્ષુસંવાદ.

## ૧

( ઉદ્ધવજી સંદેશો કહેજો શ્યામને. )

વ્હાલાજી આમ નમેરા શું થયા,
વ્હાલીનાં ગણકારો શેં નહિ વેણ જો,
રાતદિવસ કહો કામ કામ ને કામ શું !
પ્યારીસામે ફરકારો નહિ નેણ જો. વ્હાલાજી. ટેક.
ખાવા કે પીવાનુ પ્રભુ ભૂલી ગયા,
કરતા સુંદર દેહતણુ ન જતન જો,
છેક મનસ્વી થઇને શું સુખિયા થયા,
ઘર આંગણુમાં સેવો શાને વન જો ! વ્હાલાજી. ૧
ગુંચાયા ચિંતાસાપણની ચૂડમાં,
આવી પડી છે એવી શી શિર નાથ જો !
મુજસરખી જોબનવંતી મદમાં ઝૂલે,
તોએ ખોળો અન્યપુરૂષના સાથ જો. વ્હાલાજી. ૨
પરઉપકૃતિનુ પુણ્ય ગણ્યું મ્હોટું ખરૂં,
તો પણ એ સહુ જાત પછીની વાત જો,
વિદ્યામાં પૂર્ણાનંદ કહ્યો છે ભલે,
રાખે એને પ્રેમાનંદ પછાત જો. વ્હાલાજી. ૩
પરકન્યાને પરણી લાવ્યા હાંસથી,
અબળાને ઝૂરવતાં બેસે પાપ જો,
આશ્રિતનુ પાલન એ મ્હોટો ધર્મ છે,
ડાહ્યા થઇને ભૂલો છો ક્યમ આપ જો ! વ્હાલાજી. ૪
ત્રિજે ક્યમ પુરૂષારથ ક્ષણ સાધો નહિ,
જોઇએ તેવું મળિયું તોએ કંત જો !

વણુ પાયાનુ ચણુતર સરવે જાણુજો,
રાગવિના વૈરાગ્ય થવાની ખંત જો. વ્હાલાજી. ૫

કૂહો પતિ એવું ભારે શું વહી જાય છે,
બે ઘડી ઘરમાં હસીને કરતાં વાત જો !
સુસ્થ રહેશે એથી પ્રકૃતિ આપની,
કરતો અટકે કામ ઘણુા ઉતપાત જો. વ્હાલાજી. ૬

ઉગ્ર મટીને સૌમ્ય થશો મુજ સંગથી,
વધતો જાશે જનમંડળમાં પ્રેમ જો,
બમણું થાશે ધૈર્ય દયા ને દક્ષતા,
ઉકેલાશે ગુંચવાણીના વ્હેમ જો. વ્હાલાજી. ૭

કર્ત્તાએ નારીને અમથી ના રચી,
લેવાના છે તેમાંથી બહુ સાર જો,
વિરતિ વનિતા કરીને જોગી છો રહે,
પણ નારીવિણુ છે સંસાર અસાર જો. વ્હાલાજી. ૮

તે માટે રસિક બનો માલી તમે,
ખીલ્યો છે આ જોબનિયાનો બાગ જો,
વિદ્યા ને રતિની પ્રીતિ કરાવીદો,
ઘડીઘડી આવો ક્યાંથી આવે લાગ જો ! વ્હાલાજી. ૯

૨

વિચારી કામ કરૂં હું માનિની,
ત્હારૂ માન્યે મ્હારૂ હિત શું થાય જો !
ત્હારે ને મ્હારે કહે શો સંબંધ છે ?
માની લીધું એ નહિ સત્ય મનાય જો. વિચારી. ટેક.

કાળતણી આ નૌતમ નાટકશાળમાં,
સૂત્રધાર નચવે છે માનવપાત્ર જો,
તેમાં કહે સ્નેહ સગાઈ ક્યાં રહી !
જોડાયાં જ્યાં જળબુદ્બુદશાં ગાત્ર જો. વિચારી. ૧

ત્હારા જેવી લાખ પ્રિયા મ્હારે થઈ,
મ્હારા જેવા લાખ કર્યા તેં નાથ જો,
વિષયાનંદે પણુ સંતોષ ધર્યો નથી,
પીવા પડશે મૃત્યુકેરા ક્વાથ જો. વિચારી. ૨

ખાધાં પીધાં દેહ ઘણો મેં સાચવ્યો,
અંતે છાતી ઉપર રહી પણ આગ જો,
તુજસરખી પણ કામ જરા આવી નહિ,
કામ ન આવ્યો ત્હારો જોબન બાગ જો. વિચારી. ૩

જાત મહા કારાગૃહ લાગે છે મને,
ભ્રષ્ટ કરે એ કેવળ કષ્ટનુ સ્થાન જો,
તેને ત્રણ પુરૂષારથ લેશ ઘટે નહિ,
મુજને કેવળ મોક્ષતણુ છે તાન જો. વિચારી. ૪

નારીને વિચારી શ્રીપ્રભુએ રચી,'
થાવા પતિને મોક્ષ-સાધને સ્હાય જો,
તેણે તો કામ ભજી માયા સજી,
સાધ્યા પતિપત્નીના પતન ઉપાય જો. વિચારી. ૫

વિદ્યામાં પૂર્ણાનંદ ખીલી રહ્યો,
જ્ઞાનપ્રદીપે દગ્ધ થાય સહુ પાપ જો,
સ્નેહ કર્યો જન્મોજન્મતણા સાથીનો,
અસર કરે શી ત્હારા સ્નિગ્ધ પ્રલાપ જો. વિચારી. ૬

સદ્‌ગુરૂથી સાધનસંપત્તિ મેળવી,
ત્હારા સંગે વધતુ ત્યાં શું થાય જો ?
તું ત્હારૂ સાચવશે તો તે છે બહુ,
સ્વારથમાટે સમજીને શું વ્હાય જો ? વિચારી. ૭

પ્હેલેથી રસિક બન્યો પરબ્રહ્મમાં,
પરપોતાનુ માન્યે હાવે કલેશ જો,
નિત્ય રમુ સૃષ્ટિલીલાના બાગમાં,
નહિ લાગે તે માટે તુજ ઉપદેશ જો. વિચારી. ૮

સમજીને પ્રીતિ કરો પરમેશની,
દુઃખ ભરેલો આ સંસાર અસાર જો,
હરખ શોકનો ત્યાગ કરીને સુંદરી,
સફલ કરીને જીવિત ઉતરો પાર જો. વિચારી. ૯

# માયાયુદ્ધ.

## રોળાવૃત્ત.

મનુષ્યનો અવતાર વારવારે નહિ આવે,
વૃથા કરો જન જન્મ દુઃખ વેઠોછો ભાવે,
કરવાનુ જે કામ થઈ કાયર ચૂકોછો,
અફલ થતાં જીવિત દોષ બીજાને ઘો છો. ૧

અંતર સેનાનાથ, બનો જન યોદ્ધા શૂરા,
માયા સબળા સાથ યુદ્ધ ગમ્મતમાં પૂરા,
સેનાપતિ છે કામ લોભ કોષાધિપ એને,
ક્રોધ મંત્રી છે દુષ્ટ દયાતો લેશ ન જેને. ૨

રણસ્થાનક છે મોહ તમસ મસ વ્યાપી રૂહે છે,
વાત્યાનો ધરી વેગ મનોરથ ત્યાં દોડે છે,
મદમત્સર અભિમાન સુભટ રણજંગ મચાવે,
અસત્ વસ્તુનુ સૈન્ય યુક્તિથી બહુ બીરદાવે. ૩

દશ ઈંદ્રિયના દેવ કરી લીધા પોતાના,
ઇચ્છિત મળતાં થાય નીચ કુત્સિત બીજાના,
લલચાવેછે તને મૂઢ, ફળ મીષ્ટ બતાવી,
વાનરથી, નર, નીચ થતો ના ધી પલટાવી. ૪

વાર કામ ધરી હામ દશે ઈંદ્રિયને પ્રેરે,
મારી છાની છાપ તને તે પળમાં ઘેરે,
મૂષિકનુ લઇ રૂપ તને ડંખે ને ફુંકે,
ડંખે ત્હારૂ સત્ત્વ રખે એભાને ચૂકે. ૫

રસના ચક્ષુ કર્ણ મર્ણ તુજ પ્હેલુ સાધે,
હેડંબાસુત જેમ કૃષ્ણનુ મૃત્યુ સોધે,
સ્પર્શ ભરીને ભાર ઉંડે ખાડે ઉતારે,
અવર ઈંદ્રિયો લાગ જોઇને તુજને શારે. ૬

હરવે, બાંધે, તને, શસ્ત્ર ત્હારાં મુકાવે,
શકિતહીન જવ થાય દયા ત્યારે બતલાવે,
કોપ દયા શસ્ત્રથી વિજય ઔદાર્ય જણાવે,
કાપી લે છે નાક પછી મુકુટ પ્હેરાવે.

જીવ્યું થાશે વ્યર્થ રાંડને હાથે હાર્યો,
ખોઇશ સર્વે ગર્થ ગયો જો પાપે માર્યો,
ચેત ચેત થા ચતુર સજ્જ ને સ્વસ્થ રહેજે,
આજ્ઞા સેનાનાથ તણી અંતરમાં ધરજે. ૮
લઇ ધૈર્યની ઢાલ શસ્ત્ર વિદ્યાનુ ધારી,
સદ્‌ગુણ બકતર સજી શાન્તિની શુદ્ધ કટારી,
સંયમનો કરી દુર્ગ શત્રુને રોકી દેજે,
લઈ બુદ્ધિ દુરબીન અરિબલ માપી લેજે. ૯
જ્ઞાન અને વિજ્ઞાન બનાવી ગોલંદાજી,
ચલવ ત્યાગની તોપ રહે દુષ્મનપર ગાજી,
પાડીને ભંગાણ ધાણ પાપીનો ફ્હાડી,
કરવું એવું યુદ્ધ એક જીવે ન અનાડી. ૧૦
ધરી ટેક થઈ એક નેક પણ પૂરો રાખી,
નિર્મલતાને ગ્રહી મોક્ષનુ ફલ રહે ચાખી,
મુક્તિ વિજયધ્વજ ધરી તજી રણ જંગ નઠારો,
અંતરપુરમાં જજે થજે પરમેશ્વરપ્યારો. ૧૧
તેજતણા અંબાર છુટે આનંદ ઉવારા,
શિષ્ટ મીષ્ટને ઇષ્ટ મળે મેવા જ્યાં સારા,
સતત એકરસ રહે વહે નહિ જ્યાં ઉપાધિ,
એવું ધામ નિજ કરી રહે જગનાયક રાધી. ૧૨
નિર્વિકલ્પ જ્યાં થાય સતત સુખકાર સમાધિ,
ચિન્મય મૂરતિ સાથ રહે આત્માને સાંધી,
જ્ઞાતૃ જ્ઞેય ને જ્ઞાન અભેદે સર્વે રહેશે.
મિથ્યા માયાતણુ નામ કે ઠામ ન રહેશે. ૧૩
કહેવાનુ છે રહેલ કરવુ મુષ્કેલ પ્રમાણો,
વાત ક્યાંથી નહિ સ્વાદ વસ્તુનો જાણો,
પકવાનોની કથા કરો કદિ વારે વારે,
પેટપૂર્તિ નહિ થાય વિના ભોજન પળવારે. ૧૪
દૃઢનિશ્ચય વિશ્વાસ ધરી મનમાં તે માટે,
આલસ છાંડી કરો યુદ્ધ ઉત્કટ શિરસાટે,
અધવચ્ચ પાછા હઠયે અધોગતિ કર્મે ચાંટી,
કાયર થાશો પંઢ નહિ મ્હેંરી કે માંટી. ૧૫

---

### સ્રગ્ધરા.

માયા છાયા તથાપિ અઘટિત ઘટના ભ્રૂવિલાસે રચે છે,
ખેંચી કલ્યાણ લેવા કળ છળ બળથી નિત્ય યુદ્ધે મચે છે,
ડાહ્યા શૂરા સુધીરા મુનિ ગુણિજનને ચોટ મારી ચળાવે,
માટે ચેતી સદાએ સુમતિ દૃઢ કરી સેવજે ઇષ્ટ ભાવે. ૧
કૈવલ્યામુક્તિ ઉચ્ચી સુલભ ફલ નથી અલ્પકાલીય આયુ,
નિદ્રા આલસ્ય શસ્ત્રે ત્રિગુણરહિત ધી વર્ત અર્ધું કપાયું,
આકર્ષી અષ્ટસિદ્ધિ નવનિધિ મનવાને અધઃસ્થાન તાણે
માટે અભ્યાસ રાખી સુપથ અનુસરી મોક્ષ સા'જે પરાણે. ૨

---

## સત્સંગ.

### હોરી

આજ ખેલો સુસંગની હોરી. ટેક
જ્ઞાનની ગાગર પૂર્ણ ભરીને, ભેખ વિરાગની ઝોરી,
જગતપ્રીતિનુ અબીર સુગંધિત માયા હહાવો નજોરી,
છોડો હવે ચિત્તચકોરી. આજ ખેલો. ૧
યારી નઠારી કુનારીની તોડી, પ્રીતિ પ્રભુપર જોડી,
જગત છે મિથ્યા એમ સમજતાં, ઘો જગ આસન છોડી,
ચિત્ત રહો ધર્મમાં જોડી. આજ ખેલો. ૨
જન્મમરણની માલિકા મોટી, લાંબી જણાય છે દોરી,
પાર ન આવે એ ઘટનાનો, તોડો કરી શિરજોરી,
વાસનાને ઘો સહુ બોળી. આજ ખેલો. ૩
આ જગમાં સહુ સ્વારથ સાથી, પુત્ર પ્રિયા ને કિશોરી,
નિર્મલ થઇ હરિસ્મરણ કરો તમે, જીવન–દોરી છે થોડી,
મુકો સહુ માનની તોરી. આજ ખેલો. ૪

---

## પ્રાચી સૂર્ય.

(દ્રુતવિલંબિત)

શરીર કોમળ સુંદર સુંદરી, મદન જ્વાલજ ધૂમથકી ભરી,
પતિગતિ પ્રતિ દૃષ્ટિ રવિ–પ્રિયા, કરી રહે વિરહે વિનતા ત્રિયા. ૧

વદન દર્શનયોગ જણાય છે, શિરસ ઉપર અંબર છાય છે,
વિપુલ વક્ષસ ચિત્ત-રસે ભીનું, જઘન છે ઘન છેલછબીલીનું. ૨
રસિક વલ્લભને સ્મૃતિ આપવા, નિજ સમીપ ત્વરા કરી આવવા,
રસિકડી ભણતી વિનયાન્વિત, મધુર નૂપુરનુ પૂરવી ગીત. ૩
મધુર કોકિલ સ્વાગત આપતી, વનલતા શ્રમ સઘ શમાવતી,
જળસ્થલી ધરતી જળના ક'રા, સુનયના નયના ઝરતી ઝરા. ૪
સ્તવન વાચક શૂક રવ્યા ભણી, તદપિ દૃષ્ટિ ધરે રમણી ભણી,
મરમમાં ભણતી સ્મરકારિકા, સુહૃદ હારદ હારિણી સારિકા. ૫
રસિક ષંઢ મયૂર કલા કરે, ભ્રમર ચામર ચાહ ધરી કરે,
નૃપસુતાસમ મત્ત બની ઠરે, વપુ વસંત સુપુષ્પ થકી ભરે. ૬
સ્તુતિ થકી ઉદયાચળ આવશે, મિહિર એમ ગણી કરૂણારસે,
સકલ જામિની મંથર ગામિની, કરગરે મગરે મનમાનિની. ૭
કર સહસ્ર પ્રચંડ પ્રસારતો, વદન દીપ્તિ થકી ભભકાવતો,
મિહિર જો તિમિરેભ શમાવતો, અપટ એ પટ એકજ પ્હેરતો. ૮
ચમન માન ધરે હિતને સદા, અહિતને પણ દે નહિ આપદા,
સફલ ચક્ષુ હિતાહિતનાં કરે, સુકુલ-દૂકુલ દૂષિત ના કરે. ૯
નવિન રંગ રહે તનમાં ખીલી, વદન આગળ શ્યામળ વાદળી,
નવવધૂ સહ પિષ્ટક ચોળતો, ઉપરણી પરણી વર ઓઢતો. ૧૦
કરી નિશાબદલે રતિની નિશા, ભુજ ભરી મળતાં પૂરવી દિશા,
પ્રણયપાઠ ભણે નભ કેસરી, ગમનમાં મન માંજ ગણે નહિ. ૧૧
યુવતિ યૌવનના મદમાં ભરી, હરવવા પતિને પણ આદરી,
અતુલ ચાટુ જળે નથી ભીંજતી, વર વરી નવરી નવ રીઝતી. ૧૨
તવ હઝાર કરે વહુ આંતરી, સુદૃઢ સ્પર્ષથી રાગ રગે ભરી,
હૃદય ઉપર તાંડવ જો કરે, રમણ કામણ કારમુ આદરે. ૧૩
ધુતિમતી પરિરંભણથી દમે, ધમણ અંતરમાં સ્મરની ધમે,
સુરત કાળ પ્રભાત ગણે રવિ, રજની જ્યાં રજ નીતરતી હવી. ૧૪
ગૃહ મનોહર પૂર્વ ગણાય છે, અવર સર્વ અપૂર્વ જણાયછે,
નરમ, ભીષ્મ તથાપિ તને મને, વિરલ વીર-લલામ વધૂ કને. ૧૫

---

## ઉષા સૂર્ય.

(દ્રુતવિલંબિત.)

શયન આલસને ઝટ છોડતી, નવ અલંકૃતિથી બહુ શોભતી,
મૃદુ કરે જનમાત્ર જગાડતી, પ્રવિણ બીન નવીન વગાડતી, ૧

વિતનુ—સર્પનુ ઝેર ઉતારતી, સુતનુ સર્પ—સુકેશ વળાવતી,
વદનથી હસતી બહુ ગર્વમાં, લટકતી ટકતી પણ પૂર્વમાં, ૨

વિજયશ્રી થઇને રવિ રાયની, ન દરકાર કરે પર રહાયની,
રમણુ રક્ત ઉષા નભમાં ભમે, ચમકતી છકતી છબિલી રમે. ૩

પ્રથમ સ્વચ્છ નિલાંબરને કરે, પછી વિદર્ભસુતા સમ આચરે,
સજતી એક ઘડી પતિના વિના, વસન એક ન એ કમલાનના. ૪

વદન રક્ત કરી પતિ આવતો, નયન અંબુજને પણ ખોલતો,
નિરખતાં હસતી ધપતી કને, ઘુતિમતી નમતી નભનાથને. ૫

રમણુને નિજ અંગ બતાવતી, મદનતાપ અમાપ જમાવતી,
કર ગ્રહી નખરાં નવલાં કરી, શપથથી પથ થીર રહે કરી. ૬

જુઈ સમાન કરે તવ સ્પર્શથી, શીતલ મંદ સુગંધિત વાતથી,
હૃદય રાગ થકી તરૂણી ભરે, સુરમણી રમણી-રસમાં તરે. ૭

સુરસમીપ રમે જ્યમ ઉર્વશી, મલપતી લપતી હૃદયે ધસી,
સુરજઅંક વિશે મદને મદે, ત્યમ રમા મરમાળુ રમે વદે. ૮

"તિમિરની બહુ ભીતિ ધરે પ્રિયા, સુખદ પદ્મિણીને બલિની ક્રિયા,"
સમજતાં, મસ વેગ ધરાવતા, ગગનનાયક સાયક સારતા. ૯

પ્રણુય રક્ત પડે વહુને ગળે, ક્રુધિત રક્ત ક્ષણ અરિને મળે,
પ્રણુય વિગ્રહમાં રવિ શો ખલે !, સુભટના કર ના કરતાલ લે. ૧૦

વિકસતી લસતી હસતી અતિ, રવિતણા તનમાં લય પામતી,
અપર એક સ્વરૂપ બને સતી, લજવતા જવ તારકને પતિ. ૧૧

વિરહ નાથતણો ક્ષણુ ના ગમે, પતિસમીપ મદો-મત થૈ રમે,
સતત તેજ મનોરમનુ ચહે, કુલવતિ લવ તિમિર ના સહે. ૧૨

રવિ દિગંત નિરંકુશ થૈ ફરે, યુવતિ ઉત્સિત વીર ન શું કરે !
ન દરકાર કરે અવસાનની, વતન કે તન કે ધન ધામની. ૧૩

પતિતણા સુખમાં સુખ માનતી, ગહન યાન ગૃહાંગણ જાણુતી,
ઉરૂ ઉસિકુ કરી સુખમાં સુવે, અવરના વર નામરદા જુવે. ૧૪

સમયને સમજે પણુ ધીમતી, પજવતી પતિને નથી એ રતિ,
ધરમકાર્ય કરે જવ મ્હારથી, મુદવતી લવતી લગિરે નથી. ૧૫

## ચંદ્ર.

( ગિરધારીરે વાત કહું તે વિચારો. એ રાગ. )

૧

હો ચંદ્રારે મુખમુદ્રા તુજ સારી, મને લાગેછે બહુ પ્યારી.
ત્રિભુવનમાં રે તુજ સમી નહિ નારી, તુલના કરશે કુણ ત્હારી.
અંગે વિરહનો તાપ ન માય રે, પણ શીતળ શાન્ત સદાય રે,
રાખે મનની વ્યથા મનમાંય રે,
ગુણવંતીરે જરકસી અંબર ધારી, મને લાગેછે બહુ પ્યારી. ૧
મમતીલીરે કુમુદ મુકે ન વિસારી, શતધા થઇ ખીલવે પ્યારી,
વરસાવીરે મીષ્ટ સુધારસ ભારી, મદમસ્ત કરે નરનારી,
તું તો રસિલાંની હાંસ પૂરેછે રે, તું તો મુદિત જગતને કરેછે રે,
તું તો કામણમંત્ર કહેછે રે,
મરમાલીરે રતિનો મર્મ વિચારી, મને લાગેછે બહુ પ્યારી. ૨
રસવંતીરે પ્રણયનાં યુદ્ધ પ્રચારી, વણદીપ ઉજેશ પ્રસારી,
નિજ કરથી રે સહિયરને શણગારી, સાસરવાસો કરનારી,
તું તો દૂતીનુ કાર્ય કરેછે રે, તું તો વિશ્વાસપાત્ર રહે છે રે,
તું તો હસિત વદનથી ફરેછે રે,
સખિ શાણીરે શિર ધરે ત્રિપુરારી, મને લાગેછે બહુ પ્યારી. ૩
ગંભીરા રે અંગ કપાતાં ન હારી, તું તો મહોદધિની કુમારી,
હરિણાક્ષારે હરિણ નયન કટિ ઠારી, રતિરસની વેળ પ્રચારી,
સ્વરગુચ્છ સમાન જણાય રે, નિત્ય શિતળ અમૃત પાય રે,
ડાહી આપમાં આપ સમાયરે,
હૃદયેશારે માનિની માન વધારી, મને લાગેછે બહુ પ્યારી.

---

## વિભાસ રાગ એકતાલી.

**किसलय शयनतले कुरु** એ રાગ.

૨

ધવલ ધવ લવ ગણે અવસર નહિ ધૂસર આસ્ય ધરીને,
ખંડિત અંગ કુરંગકટી નટી ભંગ ઉમંગ કરીને,
વિષમય નારી નારિ નર મરમ ન જાણી ગણે. ટેક. ૧

રજનિ–જનિત તિમિરે, રજ નીરજ નિર્મલ તેજ ન ધારે,
ચટપટ પટટપકી પટકી સટકી ફટકી જક્ષ સારે,
વિષમય નારી. ૨
કપટ પટલ પટુ ચાટુ–કટક ચટકે મટકે તવ–ચંદા,
મદવકરી કરિણી કર–નિકર પ્રકર કરતી રતિ–મંદા,
વિષમય નારી. ૩
સુદૂર દુરમના ગમન કરે મન યમન ધરે ન નિશાન્તે,
નિકટ નફ્ટ ફટકાર થતાં પણ પતિ ધપતાં લપી પ્રાન્તે,
વિષમય નારી. ૪
શિવ શિર વર્સી રસ રાશિ શશિ વર શુક્ર અશુક્ર બનાવે,
અસહ વિરહદહને અહને હર–નયન–મિહિર ઉધડાવે,
વિષમય નારી. ૫
મનસિજ નિજવર પર ધરિ વેર ત્રિયા અવતરતિ ત્રિયામા,
ગહન ગગન રગ રગ ઉરગી સમ ગરલ ભરી ગઈ શ્યામા.
વિષમય નારી. ૬

---

## અભ્ર.

( સખિજેને આ બાળક ફ્હોનુ રે. એ રાગ. )

૧

પિયુ ફ્હોને આ છેયાં ફ્હોનાં રે, કોઇ મ્હોટાં અને કોઇ ન્હાનાં.
આ છેયાં ફ્હોનાં રે. ટેક.
રસદાર ને શ્યામ સ્વરૂપ રે, ચંચળતામાં મનનાં ભૂપ. આ છેયાં. ૧
ઘડી સામાસામી અથડાયરે, પડે જૂદાં ને ભેળાં થાય. આ છેયાં. ૨
કરે સાથે મળી કીકીઆરીરે, દોડવામાં બહુ હુશિયારી. આ છેયાં. ૩
શિરે ગાગર જળની ધારીરે, જાણે સિંચે શકુંતલા વારિ. આ છેયાં. ૪
કોઈ તેજોમય થઇ જાયરે, સ્નેહે શોભિત દુષ્યંતરાય. આ છેયાં. ૫
બહુરૂપી ધરે બહુ રંગરે, ક્ષણમાં થઇ જાય અનંગ. આ છેયાં. ૬
સૂર્યરાયથી યુદ્ધ ચલાવેરે, એવાં છેયાં મને મન ભાવે. આ છેયાં. ૭

૨

અલિ જોને આ બાળ રૂપાળાં રે, ત્હારા અંગ સમાં રઢિયાળાં.
આ બાળ રૂપાળાં રે. ટેક.
અલિ અંબુધિનાં એ છોરાંરે, કોઇ શ્યામલડાં કોઇ ગોરાં. આ બાળ. ૧

કરે તાતથી એ તો સવાઈરે, પ્હોચે સ્વર્ગ વિશે ધાઇ ધાઇ. આ બાળ. ૨
તાત ખારો ને મીઠાં સુજાતરે, કરે સ્વાતિમાં મોતીના પાત. આ બાળ. ૩
કરે ગર્જના તાતથી ભારેરે, અભ્ર સપ્ત ભુવન સંભારે. આ બાળ. ૪
લેશ આળસનુ નહિ નામરે, અષ્ટ જામ કરે શુભ કામ. આ બાળ. ૫
શૂર શાણાં અને સંપીલાંરે, પરમારથમાં મમતીલાં. આ બાળ. ૬
ભલાં "આભલાં" નામ ધરાવેરે, જાણે કૃષ્ણ અનેક સુહાવે. આ બાળ. ૭

૩

કહે અભ્ર અમે સુખકારીરે, પરકાજ રહ્યાં વપુ ધારી. અમે સુખકારી રે. ટેક.
બહુ છિદ્ર શરીરે શારીરે, બ્હેન ધરતીને દઈએ વારિ. અમે. ૧
પ્રેમ વૃષ્ટિની રીત બતાવીરે, રહ્યાં દંપતિને મન ભાવી. અમે. ૨
અમે દૂતનુ કરીએ કામરે, મેળવીએ શ્યામા ને શ્યામ. અમે. ૩
વન-કેસરી ઝટ્ટ હરાવીરે, કામ-કેસરી દેયે જગાવી. અમે. ૪
અમે ચપલાનાં ચાપ ચલવીએરે, તેથી પ્રેમ કટાક્ષ શીખવીએ. અમે. ૫
દેખાડીએ મોહા-ધકારરે, વળી પ્રેમતણા ઝાતકાર. અમે. ૬
અમે ધૂળમાં નાવ ચલવીએરે, અમે પવન-તુરગ પર ચ'ડીએ. અમે. ૭

૪

સુણો રસિક અમે બહુ ડાહ્યાંરે, અમે ક્રોથી ન જઈએ વાહ્યાં.
અમે બહુ ડાહ્યાંરે. ટેક.
અમે શૂરને શૌર્ય શીખવીએરે, ધીરામાં ધૈર્યને ભરીએ. અમે. ૧
રહિયે નૃપતિને નીતિ બતાવીરે, દાન માનનુ ભાન કરાવી. અમે. ૨
ધરતી ભગિની પર રીસરે, કરી ચંડ થયો રવિ ઈશ, અમે. ૩
તેને વારીએ વચ્ચે આવીરે, રહ્યાં સંપ ને જંપ જમાવી. અમે. ૪
સચરાચર પૂરીએ રંગરે, તોએ રહીએ નિત્ય અસંગ. અમે. ૫
સ્વર ભૂમિની વચ્ચે લટકીએરે, અમે એક સ્થળે નહિ ટકીએ. અમે. ૬
અમે ધૂમ્રનુ કરીએ પાનરે, નીલ કરીએ સુકુ વેરાન. અમે. ૭

---

## વિદ્યુત્.

માલવ રાગ એક તાલી.

**निभृतनिकुंजगृहं गतयानिशि रहसिनिलीय वसंतम्** એ રાગ.

૧

પીન પયોધરશ્રી હરનેત્ર સમી વસમી રમણીયા,

વરરવ વરતનુ તરવરતી રતિસર સરતી કમનીયા,
પ્રિય જો લેશ શરમ ન ધારે;
સ્તનન કરે સ્તન કર્દમ મર્દિત કર્દિત વદન વિકાસે. (ટેક) ૧
મર્પતિ અંગ વિકર્ષતિ રંગ અનંગ અભંગ નિનાદે,
વામ કરે મકરેષ સખા કટિ સ્પર્શ કરે તવ લાડે,
પ્રિય જો લેશ શરમ ન ધારે. ૨
રજ નહિ રંજ મળી મનરંજક કંજકળી કળી કંત,
ચપલ વિપલ મલપે ન લપે તલપે તલવાર દિગંત,
પ્રિય જો લેશ શરમ ન ધારે. ૩
અંગ દિગંબર અંબર શૂન્ય કુરંગદશી હસી નાચે,
ગાઢ પરિ કપરી પરીરંભ કરી કરિણી સમ રાચે,
પ્રિય જો લેશ શરમ ન ધારે. ૪
સ્વેદનથી નથી ખેદ પથિકવધૂ વ્યાકુલ વ્યાલ ડસાવે,
ચમકતી દમકતી દામિની જામિની ભામિની તમસ શમાવે;
પ્રિય જો લેશ શરમ ન ધારે. ૫
યૌવનવન નવનીતસમા વનિતાનુ કૃષાનુ પ્રજાલે,
જવ ભરતી નવ વન ઝરતી ધરતી રતિ સતિ જવ ન્યાળે,
પ્રિય જો લેશ શરમ ન ધારે. ૬

---

## ૨

(સમી સંધ્યાએ હમે સંચર્યા જમનાં જલ ભરવા. હાંહાંરે જમનાં
જલ ભરવા—એ રાગ.)

ઝરમર ઝરમર શું ઝરે નભથી ઘન પાણી, હાંહાંરે નભથી ઘન પાણી,
સુવાસ હરિયાળી ધરે ધરતી મા શાણી, હાંહાંરે ધરતી મા શાણી. ૧
મેઘ કડાકા થાય છે વઢતા જ્યમ ભાથી, હાંહાંરે.
દોડધામ બહુ થાય છે છુટ્યા સ્વર હાથી, હાંહાંરે. ૨
રજની રવ માંડે ઘણા તરૂ કંપ ભજે છે, હાંહાંરે.
શ્યામ સલૂણી અંબરા પટ કૃષ્ણ સજે છે. હાંહાંરે. ૩
તેજસ્વી વીર તારલા પણ ઘરમાં પેઠા, હાંહાંરે.
ચંદરાયના તે સમે કર હેઠા બેઠા. હાંહાંરે. ૪
"તુહિ તુહિ" ટૌકા કરે શા મોર રસીલા, હાંહાંરે.
સ્તબ્ધ બની જોઇ રહે બહુ ચાતક લીલા. હાંહાંરે. ૫

દાદુર પણુ "ડર ડર" કહે "સરસર" કહે વાયુ, હાંહાંરે.
નયન યુગલ સરસી તણુ, ભયથીજ મિચાયું. હાંહાંરે. ૬
સબળા ચપળા શ્રીફળા અંબરને છાંડી, હાંહાંરે.
આળી ભદ્રારૂપ લે રહી લાસ્ય ઉપાડી. હાંહાંરે. ૭
રસ કસ મસ રેલાવતી ફળ આપે ભારી, હાંહાંરે.
રહી સન્મોડે નીર્ખતાં મને લાગે પ્યારી. હાંહાંરે. ૮

---

## સંધ્યા.

(ગિરધારીરે—એ રાગ.)

એ સંધ્યારે નાનકડી તું બાળા, કરે જોબન પૂર્ણ ઉછાળા,
તુજ બોલોરે અસ્ફુટ ને વળી કાલા, પણ વિરહીતણા છે ભાલા,
ત્હારાં કોમળ સુંદર અંગરે, ત્હારે લલાટે પૂર્ણ મયંકરે,
ગાલે ક્ષણુ ક્ષણુ બદલે રંગરે,
લટકાળીરે પીધા પ્રીતના પ્યાલા, કરે જોબન પૂર્ણ ઉછાળા. ૧
મન હરવારે કૈં કૈં કરતી ચાળા, વળી મેળવતી કંઇ ટાળા,
રસભીનીરે હૃદય દહી સ્મરજ્વાળા, રાખે પરજન સર્વ નિરાળા,
કાળી ફુંદડી ફુલ રૂપેરીરે, બહુ ઘેરથી દિવ્ય અનેરીરે,
એવી ચુંદડી અંગે તેં પ્હેરીરે,
મદમાતીરે વર મળવાને રૂપાળા, કરે જોબન પૂર્ણ ઉછાળા. ૨
રવિરાજારે ધસમસ આવે વ્હાલા, પથમાં ન કરે ક્ષણુ ઢાળા,
તુજ જપતારે પ્રયાણુમાં પણ માળા, પ્રેમે રક્ત થયા છોગાળા,
પણ ધીરજ મનમાં ધારીરે, ઉભા રાખીને નાથ અટારીરે,
એનો રાગ વધારેછે ભારીરે,
મન માનિનીરે ઉભા રહ્યા પદ પાળા, કરે જોબન પૂર્ણ ઉછાળા. ૩
કર ભીંડીરે વાટ જુવે રઢિયાળા, દીન બન્યા છ દીનદયાળા,
જન શૂરારે પદ્મિણી પાસ સુંવાળા, કેવી ગતિ માયાની વિશાળા!
જ્યારે તરલ જણાયો નાથરે, ત્યારે નાથની ભીંડીને બાથરે,
પડી સ્નેહાર્ણવમાં સાથરે,
બલિહારીરે ગુણ અપૂર્વ રસાળા, કરે જોબન પૂર્ણ ઉછાળા. ૪

---

## પવન.

### ગઝલ.

નહિ મુજ માત કે તાત, નથી મુજ બ્હેન કે ભ્રાત,
નથી કર પાંખ કે પાય, નથી કો'ની મને સ્હાય.
નહિ કો'ને હું ગણુકારૂ, કરૂં હું રોજ મન ધાર્યું,
રમુ હું રોજ સ્વચ્છંદે, ફસાઉં ન કોઈને ફંદે. ૧
ક્ષણે નાચુ ક્ષણે દોડુ, ક્ષણે જોડુ ક્ષણે તોડુ,
ક્ષણે ઉડુ ક્ષણે ચાલુ, ક્ષણે લાડુ ક્ષણે મ્હાલુ,
રહસ સ્થાનો વિશે માણુ, સરવની વાત હું જાણુ,
જગતની પ્રીત છે મ્હારે, મળુ છું સર્વને પ્યારે. ૨
સ્રીઓ માને મને સારો, પતિથી વ્હે મને પ્યારો,
પુરૂષ પણ છાનુ ના રાખે, કરે છે પ્રેમ મુજ સાખે.
મને નહિ રાગ કે રોષ, ધરૂ છું સર્વમાં તોષ,
વહનનુ કર્મ છે મ્હારૂ, પ્રમાદ ન તે વિશે ધારૂ. ૩
સરવના લેઈ પરમાણુ, ઝપાટામાં સ્થલે આણુ,
ઉતારૂ સર્વના થાક, સકળ મુજ ચિત્તમાં પાક.
સગુણતા છે નહિ મ્હારે, ધરૂ નહિ સ્વાર્થ તલભારે,
મળે જેવો મને સંગ, બને તેવા બધા ઢંગ. ૪

---

## ગિરિ.

### પદ.

જોઈ થયો બહુ દંગ, ગિરિવર, જોઈ થયો બહુ દંગ.
વાધે બહુ ઉછરંગ. ગિરિવર. ટેક.
ગિરિ ગિરિજાપતિ શ્વશુર જમાઈ, એનો એક જ રંગ. ગિરિવર. ૧
ધવલ જટાથી ધવલ હાસ્ય કરી, ઉતરે ધડધડ ગંગ. ગિરિવર. ૨
અંગ વિભૂતિને જોઈ ગયો બની, ત્રિભુવન કામ અનંગ. ગિરિવર. ૩
આસન દૃઢ ને અચલ વપુ ધરી, ધરે તામસી ઢંગ. ગિરિવર. ૪
વૃષભ વ્યાઘ્ર મયૂર મુષિકને, ધારે ભૂત ભુજંગ. ગિરિવર. ૫
પાર્વતી સમૃદ્ધિ મન માનિતી, બેસાડે ઉચ્છંગ. ગિરિવર. ૬
ઉગ્ર તપનો કરી શકે નહિ, ઈંદ્ર સૂર્ય શશિ ભંગ. ગિરિવર. ૭
મૃત સજીવન થાય સેવતાં, નીલકંઠ તુજ સંગ. ગિરિવર. ૮

## પદ ૨ જું.

શોભા અપરમ્પાર, ગિરિવર, શોભા અપરમ્ પાર.
વારૂવાર હઝાર. ગિરિવર. ટેક.
કાલ શીષપર ધરા વિરાજે, તેપર રૂહે સ્થિર યાર. ગિરિવર. ૧
મગન થઇને ગગન ગોખથી, જોતી ચંદ્રા નાર. ગિરિવર. ૨
તુહિન વપુપર ધરે શમાવા, ત્રિવિધિ તાપ અપાર. ગિરિવર. ૩
વાંસ ફૂંકી મૃદુ ગાન કરે જ્યમ, દૃઢવ્રત કૃષ્ણમોરાર. ગિરિવર. ૪
નીરોગી ને ઔષધ ધારક, ધન્વંતરી અવતાર. ગિરિવર. ૫
શીત તાપ વરષા દવ જ્વાલા, ગણે નહિ પલવાર. ગિરિવર. ૬
પવન તરંગ ઉછાળા મારે, તેની નથી દરકાર. ગિરિવર. ૭
ધન્ય ધન્ય તુજ જનન ને સ્થિતિ, સદા બને સુખકાર. ગિરિવર. ૮

---

## નદી.

(શિખ સાસુજી દે છે રે. એ રાગ.)

મન ધરજો મ્હારી રે, શિખામણ છે સારી,
ધરી સમજણ ભારી રે, ગણો તે હિતકારી. ૧
નિર્મલ ને હસતી રે, નદી છે મનગમતી,
બહુ ચાળા કરતી રે, નિરંતર રૂહે રમતી. ૨
ભર જોબનવાળી રે, કે લટકા બહુ કરતી,
વાંકી ને ચુંકી રે, ચપળ ચતુરા ફરતી. ૩
પાણીમાં પૂરી રે, પલાળે તન મનને,
મનવેગે શૂરી રે, મુકાવે છે પણને. ૪
દેખાડી છાતી રે, હૃદય આકરષે છે,
વશ કરવા તમને રે, શિતળ કણ વરસે છે. ૫
કુબજાની રીતિ રે, શીખી અપગા નારી,
નિજ સ્થાન ચુકાવી રે, કરે વશ નરનારી. ૬
બહુ પ્રીત કરાવી રે, પ્રીતિ રતિ નવ ધારે,
ક્ષણવાર તરાવે રે, ડુબાવે ક્ષણ વારે. ૭
નહિ સ્પર્ષ તમારો રે, લગિર દેતી થાવા,
પળમાં ખસી જાયે રે, જાઓ કદિ જો ન્હાવા. ૮
નહિ માતપિતાની રે, તમારી ક્યમ રૂહેશે,
નિરલજ્જ નમેરી રે, ફરે દેશ વિદેશે. ૯

બહુ નમ્ર જણાય રે, આર્દ્રતા બહુ ધારે,
તેથી ન ઠગાશો રે, ફંદ એના ભારે. ૧૦
મદમાતી જોઈ રે, શાને તરૂ નાચોછો,
એની પાસે રહીને રે, મૂઢ, ક્યમ રાચોછો ! ૧૧
એના સ્વર સાંભળતાં રે, ધૂણાવો શિર શાને,
શાને મૂઢ બનોછો રે, એના જળના પાને. ૧૨
એના જળથી કોઈ દિન રે, સમૂળાં ઉખડવું,
એના વેગે તમારે રે, તણાઇને મરવું. ૧૩
છટકેલી સ્ત્રીનો રે, ભરોંસો નવ કરવો,
ધન-નિધિની નારી રે, પ્રેમ ત્યાં શું ધરવો ! ૧૪
સામીપ્યે વિરહી રે, તેથી કૃશ રહી કાયા,
એના તટપર બેશી રે, વિસારો જગમાયા. ૧૫
પણ ભાન ભૂલીને રે, દેતાં ન શીતળ છાયા,
ખુબ મનમાં ધરજો રે, જવાના છો વાલ્યા. ૧૬

દુહા.

નદી અને વ્યભિચારિણી, નાગિણી વારૂણી નામ,
પાત્ર નથી વિશ્વાસને, નિધનતણાં છે ધામ. ૧
યૌવન વન સૂકાય છે, રૂપ યૂપ અનુરૂપ,
લટકા કટકા થાયછે, મોહ મરણનો કૂપ. ૨
ચલમાં ખલતા જાણીને, તજો પાપનો ગંધ,
ધુવડ કાક સમ ના બનો, આંખ છતાં પણ અંધ. ૩

---

## નદીસંગમ.

### પુષ્પિતાગ્રા.

વિરહ સહન કીધ આઠ માસ, વપુ કૃશ ધૂસર ચિત્તમાં નિરાશ,
સતત હૃદયમાં વળે કુંડાળાં, પુલિન મલીન વિશે ઉગેલ જાળાં. ૧
વરવિણુ વરવી જણાય નારી, પ્રતિદિન જાય સુકાઇ તેજ વારિ,
તૃણ પણ અપગા શકે ન ધારી, બની ગઈ છેક અશક્ત દીન હારી. ૨
ગતિ મતિ અતિ મંદતા ધરે છે, શરમ ભયે જ્યમ વ્હાવરી હીંડેછે,
પથ પણ જડ સ્ત્રત્વ આંતરેછે, તદપિ ગમે ત્યમ રાંકડી સરેછે. ૩
દશશત કરથી દહેછ ભાનુ, જ્વલિત અનંગતણો દહે કૃશાનુ,
વિરહઅનળની પ્રદિપ્ત ઝાળ, રગરગથી ઉભરાયછે વરાળ. ૪

અહિં તહિં ફરતી પડેલ ભૂઠી, સકલ સહાયથકી મૃગી વિખૂટી,
અવયવ કદિ જાયછે વછૂટી, દૃઢ કટિબંધ ગયા જણાય છૂટી, ૫
નિજસમ વ્યથ પારકી ગણીને, ઉપકૃતિ રીત અનુભવે ભણીને,
પથિક શ્રમ તૃષા નદી મટાડે, પ્રિય મળવા નહિ અંતરાય પાડે. ૬
જળ પણ કૃષિકારને ધરેછે, સખી વરષાતણું કામ જો કરેછે,
સમ જીંસુકૃતિ-પુણ્યને પ્રભાવે, વર પ્રતિ લેઈ જશે ગુણજ્ઞ ભાવે. ૭
પરઉપકૃતિ-મગ્ન ચિત્રલેખા, સમ વરષા વિરહીની આશરેખા,
ગગન સદનથી જવે સરીને, સુખદ સહોદરને રહે બનીને. ૮
તવ મદ મુદને ધરી અધીરી, ચપલ બની ગઈ હાંસભેર વીરી,
બહુ બહુ લટકા કરે ફરેલી, નયન સલીલ સલીલ અંગ રેલી. ૯
પતિ પ્રતિ રતિ શી અહો નદીની ! ગતિ અતિ વેગવતી બની સતીની,
ધરમ શરમ તાતની તજીને, ગમન કરે વહુ સાસરે સજીને. ૧૦
અનવરત રમે અપૂર્વ કેલિ, જ્યમ ગજ સાથ ગજી રમે છકેલી,
વરવહુ જવ ઐક્યભાવ પામે, સુરજનથી પણ ધન્યવાદ પામે. ૧૧
હસિત વદન શોર શો કરેછે ! કુચ કચ અંબર-હીણ શાં ધરેછે !
ક્ષણક્ષણ ઉછળે વિશાળ છાતી, પતિ મળતાં અબળા નથી લજાતી. ૧૨
અસરલ તરલા તરંગધારી, ગિરિ, અપગા, દુહિતા કરે વિચારી,
પણ જકજકથી તટસ્થ તાણે, પતિ-પ્રણયે પ્રમદા મદાન્ધ માણે. ૧૩
હરિ ઉર કમળા મળે સનાથ, અગર તરંગવતી તરંગનાથ,
સકલ ગુણ સ્વરૂપ નામ રંગ, લય પતિમાં કરતી રહે અનંગ. ૧૪
મૃદુ મૃદુ રતિની કથા કહેછે, સ્મિત અતિ ઉજ્જવળ વલ્લભા કરેછે,
રતિ રતિ રતિ-રીત રંગ જાણી, ક્ષણ ક્ષણ નાથ તને લપાય શાણી. ૧૫

---

## ઉદ્યાન.

### દ્રુતવિલંબિત.

ભ્રમર સામનુ ગાન કરી રહે, ચતુર કોકિલ કાળ ગતિ કહે,
બહુ મયૂર કળા કરતા હવા, મદનથી જનથી જય પામવા. ૧
પ્રચુર ભૂષણ ભૂષિત વાટિકા, જનતણાં હરી લોચન નાસિકા,
યશ સુગંધ દિગંતર વિસ્તરી, અમિત માલ તમાલ તણી ધરી. ૨
કુસુમ સ્નિગ્ધ સુકેશ વિશે ભરી, કુસુમયુક્ત સજી નવ છીંદરી,
કુસુમહાસ્ય કરી ન ધરે તમા, વરસતી રસ તિમિરમાં રમા. ૩

ગુણુ સમાગમને બહુ ઇચ્છતી, સતત નૂતન ભાવ બતાવતી,
મધુર સ્વાગતના સ્વરને વદે, અવનવા વનવાસ વધાઈ દે. ૪
તૃષિત તૃપ્ત થતું મન ના જરી, નિરખતાં પરિને નયણાં ભરી,
જન પરાધીન બુદ્ધિ કરી પ'રી, ફૂલ જમેલ જમે લટકા કરી. ૫
તરૂ સહોદર તાલ લઇ રમે, પથિકના શ્રમને વિનયે નમે,
સુજનનુ પરિરંભણુ માંડતો, પવન શો વન શોર વધારતો, ૬
ભ્રમર કામુક મોહિત રૂહે ઠરી, વિસરતાં ભય, લાજ કરી પ'રી,
વદન નમ્ર કરી પડતા ગળે, કુસુમનો સુમનોહર વાસ લે. ૭
સુદૃઢ ગાઢ કરે પરિરંભણુ, નખક્ષતે પણુ મર્દન ચુંબન,
તદપિ યૌવનના સરતા ઝરા, રૂસિકના રસના રસતા પ'રા. ૮
અસુરને સુરનેક બતાવતી, જગતને સુખ વૈભવ આપતી,
સુરજનો પર હાથ ધરે છતા, અમર પામર પાવન ત્યાં થતા. ૯
સુમતિ શ્રીપતિ રંક દરિદ્રને, વિરતિ સેવક કે શઠ ઈંદ્રને,
વશ કરી વશ થાય સુહાગિની, સુતરૂ રાજિ વિરાજિ વિલાસિની. ૧૦
ગુણુ ક્રિયા કમલા સમ આદરી, હૃદયને હરતી સુર સુંદરી,
કળી શકાય અનુભવના વના, મરમ ના રમનાર રમા તણા. ૧૧
બદલતી નવરંગ ક્ષણે ક્ષણે, વિકસતી રસતી ધરતી ખણે,
વશ કરે ત્રણ ભુવન પાધરી, સુધટના ઘટ નાભિવિશે કરી. ૧૨
ખરવતી નિજ અંગ સુખે સતી, ધન સુગંધ ચતુર્દિશ વ્હેંચતી,
સમજ દે સમજુ જનને મને, "કલહ રોજ હરો જરકારણે." ૧૩
પ્રતિદિને રસતા ધરતી હતી, સતત ઉદ્યમમાં વસતી સતી,
નિજ પ્રકર્ષ સહર્ષ બતાવતી, તપન તાપ નતાક્ષી શમાવતી. ૧૪
વરત કૂપ થકી ઝટ ખેંચતો, સહુ સ્થળે જળ પુષ્કળ વ્હેંચતો,
પ્રતિદિને ચરકો ફરતો હતો, નિરવધી રવ ધી ધન ધારતો. ૧૫

---

## નવમલ્લિકા.

(આસો માસો શરદ પુનમની રાત જો. એ–રાગ.)

આજે આવ્યો મધુર મધુતણો કાળ જો,
યૌવન મદ ભાર્યો છે, સખિ મ્હારા અંગમાં,
કાલે કળિ તે કળિ જાણુ નહિ લેશ જો,
આજે તો નાચુ છું, સખિ, પતિસંગમાં. ૧

સુવાસના દૂતી છે મ્હારી એક જો,
પવન-અશ્વપર દોડે તે જ્યમ વીજળી,
ખોળી લાવે ગુણગ્રાહક મુજ કંત જો,
પાતળિયા હૈયા સરસા, સખિ, રહે મળી. ૨

છાની છાની વાત કરી દે હર્ષ જો,
રસ લૂટે ને ચૂંટે, સખિ, મ્હારી છાતડી,
જાતાં જાતાં ફરી ફરી આવે નાથ જો,
અંગોઅંગ દબાવે, સખિ, મ્હારી જાતડી. ૩

વશ્ન થાએ છે નાથ નિરખતાં હાસ્ય જો,
લટકા ને ચટકાથી વર, સખિ, આંતરૂ,
વેગ ઘટાડુ કરવા દૂર પ્રયાણુ જો,
મુજ પાછળ ફેરવતી સ્થાનકમાં ઠરૂ. ૪

હું ગોરી ને શ્યામ સલૂણા કંથ જો,
હીરામાં પન્નો ત્યમ શોભે સ્હોડમાં,
રસવંતીને મળિયો રસિક રસજ્ઞ જો,
રાધાનો રસ કૃષ્ણ પીએ જ્યમ કોડમાં. ૫

નાસાપર મુજ જોર વધારે બ્હેન જો,
કાન કાનપર રાજ્ય કરે અભિમાનમાં,
છણકા પ્રણિપત હાવભાવના ખેલ જો,
કરતાં રહીએ આમણસામણ વ્હાલમાં. ૬

મોહનને મળતાં વિસરૂ સહુ લાજ જો,
અંધારૂ દેખાએ, સખિ, દશ દિશમાં,
રગરગ ચ્હડી છે મિષ્ટ અનેરી લ્હેર જો,
રોળાઉ સખિ મદન-અહિતણા વિષમાં. ૭

કોણ ગણે છે ઘર બાહરના લોક જો,
સ્વાદ ન જાણે અમથા, સખિ, બકવા કરે,
હું તો મ્હારા રંગ વિશે ગુલતાન જો,
મૂરખનાં મ્હેણાં, સખિ, કુણ કાને ધરે. ૮

બારે માસે રૂહેવાનો ન વસંત જો,
જોબનિયુ, સખિ, પળપળમાં જાએ વહી,
ત્યારે અવર વિવેક ગણી લે ફોક જો,
નાથ સમીપે સમય ગયો તે છે સહી. ૯

રોગ સમાન જગતના સર્વે લોક જો,
ચૂંટી લે છે ઉગતામાં ફૂટડી કળી,
પરપતિ થઇને લૂંટે નિર્લજ લાજ જો,
રાત દિવસ માટે ર્હેતું વરને મળી. ૧૦
શ્રીપતિ તેઓ શિરપર ધારે રોજ જો,
લક્ષ્મીને શીખવવા પતિવ્રત રીતડી,
પ્રમદાઓના હૈયાની હું હાર જો,
દેખાદેખી વિસ્તારે પતિ પ્રીતડી. ૧૧
માટે, બ્હેનો, પતિવ્રત કેરો ધર્મ જો,
પતિ–માનિતી સપ્તભુવન શિરોમણી,
પતિવ્રતાના પગ સર્વે પૂજાય જો,
પરમેશ્વર પણ દાસ, સખિ, ર્હેછે બણી. ૧૨
પતિ મળતાં લાજેછે ભૂંડી નાર જો,
કુલટા કાયર થાશે, સખિ, પતિ સેવતાં,
પતિ-વિણુ અવર પુરૂષ દેખેછે પુંશ્ચલી,
પુષ્ટ બને દુષ્ટા, સખિ, વર આધો છતાં. ૧૩
મ્હારે તો છે રમણ બહિશ્વર પ્રાણ જો,
જીવિત ધારણ ધારૂ એને કારણે,
તાજા ઉત્તમ રસ પાઉંછું રોજ જો,
ઝૂલાવુંછું હરદમ તનને પારણે. ૧૪
નારીને છે કંથ ખરો પરમેશ જો,
જીવિત સાર્થક પતિને ભજવાથી થશે,
તુચ્છ ગણી તે માટે સહુ જંજાળ જો,
પતિપરાયણ થાશે જે નારી હશે. ૧૫

---

## તારાપતિ ઉક્તિ.

### વસંતતિલકા.

સદ્‌ભાગ્યના ઉદય ચિન્હ સમાન પ્યારા,
આકાશને પણ તમે શણગારનારા,
જાતાં જરૂર મુજને નહિ ઝાલનારા,
વિશ્વાસ પ્રેમ તવ શો તમ સાથ, તારા ! ૧

## દીપપ્રતિ ઉક્તિ.

રે દીપ ! વાત ચહુ પાસ મહાન વાય,
આયુષ્ય તેજ વપુ કાતરથી કપાય,
તું તોય કેમ નિજ મિત્ર ગળે પતંગ,
શીખો પરાર્થ કરી તૈલતણો પ્રસંગ. ૧

## વલ્લીપ્રતિ ઉક્ત.

### ગઝલ.

કીધો ન વિચાર વલ્લી મસ્ત યૌવન મદે ભારી,
ધારી વિપરીત બુદ્ધિ કીધી કંદર્પથી ખુવારી. ૧
ના શુભાશુભ ધાર્યું એળે આયું ગમાવ્યું,
કહે શુષ્ક ક્યાં સરેરો ક્યાં રસદાર ખુબી ત્હારી. ૨
હેમરસે રસેલી રંગથી ભરેલી રસિલી,
કોમલાઙ્ગિ નતાઙ્ગિ ચંચળા ઠમકતી સુનારી. ૩
તપીને જપીને સદા કષ્ટથી શ્રમ આદરે યમી,
હે કામની જ્વાલ ઠંડી ! જાંખવા સ્પર્શવા મોહ ધારી, ૪
દેવ દાનવ દૈત્યો વિદ્યાધરો ગંધર્વ માયાવિ,
ના યોગ્યતા ધરાવે પાણી ગ્રહી કરવા તને પ્યારી. ૫
એવા ગુણ ભરેલા છતાં કેમ શઠને વળગી રહી !
શોશે શોશાય નિત્યે પ્રમદાની મતિ પાનીમાં ધારી. ૬

## સ્મર.

### રોળા વૃત્ત.

અદષ્ટ વાયુ વાય સુગંધિત શીતળ મંદો,
નભ રાજાનુ તિલક ચિત્ત આકર્ષક ચંદો,
નિદ્રાદેવી ગાઢ પાથરી નિશમાં ફંદો,
ચોર તુલ્ય સંચરે હૃદયમાં મનસિજ ખંદો. ૧

## શઠ હૃદય.

### દ્રુતવિલંબિત.

હૃદય પંકજની ઉપમા ધરે, કઠિણતા પણ પુષ્કળ વિસ્તરે,
ભ્રમર કેદ કરે મધુ ના ધરે, ધબકતું બકતુલ્ય ક્રિયા કરે. ૧

## પુત્રી.

### શિખરિણી વૃત્ત.

૧

શરીરે રાજે છે મયૂર પિક કંઠસ્થલ વસે,
વિરાજે નેત્રોમાં કમલ, બકુલે દંત વિલસે,
અશોકે ઘેરી છે કનક–રસિતા દેહ લતિકા,
હિસે છે હાસ્યોમાં રમણિક નવી લોલ કલિકા. ૧

### દ્રુતવિલંબિત.

૨

સદન ક્ષેત્રતણી નવમલ્લિકા,
હર શિરોમણિ શીતળ ચંદ્રિકા,
જનક ને જનની પ્રિય દીર્ધિકા,
સતત રો' સુખકારક સારિકા. ૧

---

## ભ્રાતૃ યુગલ.

### વસંતતિલકા.

વિસ્તાર પારવિણ આ નભનો ગણાય,
ત્યાં ચંદ્ર વૃદ્ધિ ક્ષયથી અધુરો જણાય,
આશ્ચર્ય ! આ પુનિત ધામ વિશે સ્વચ્છંદ,
ખેલે સહોદર રવિ સહ પૂર્ણ ચંદ્ર.

---

## કંથ.

### કવિત.

કર્ણ ભીષ્મ રામ જેવો દાન શૌર્ય ધૈર્ય ધારે,
નિતિમાં સુયોધન શો સૂર્ય શો પ્રભાવ છે,
ધર્મથી અધિક ધર્મ જ્ઞાનમાં વસિષ્ઠ જેવો,
ભક્તિમાં ઉદ્ધવ ગોપી નારદની બાંહ્ય છે,
રાગ કે વિરાગમાં વિદેહરાજ તાજ બની,
એક એવ સર્વલોક ચિત્ત મધ્ય પેઠો છે,
કામ રૂપ નામ ભૂપ ઈંદ્ર શો અતીંદ્ર કેંદ્ર
કૃષ્ણ તુલ્ય કંથ સતી-નાર-ચિત્ત બેઠો છે.

---

# રાજા.

## સવૈયા એકત્રીશા.

૧

રાગદ્વેષથી પર રણુજિત ત્રિભુવનજિત શા જનને સુખધામ,
સ્નેહ ગેહ શુભ દેહ મનોહર બદ્ધવિર્ય ક્ષત્રિય ગુણગ્રામ,
નયનબાણથી હરે નિરંતર ચિત્ત પ્રજાનાં આઠે જામ,
કષ્ટ નષ્ટ, ભય ખષ્ટ, કરે નૃપ, ભ્રષ્ટ કરે જન ક્રૂર હરામ; ૧
નિજ કુળ ભૂષણ દૂષણ વિણ હત-ક્રોધ ઉગ્યો જગ મધ્ય મયંક,
સ્મરશાસન સમ આસન વાળી મહી માતને બેસે અંક,
માલિક ને પાલક દુઃખ ટાલક ધીર ધુરંધર વીર અટંક,
સદા ઉચ્ચ પદવીએ રાજી રાજિવનેણુ ધરે જહિં રંક. ૨

૨

## વસંતતિલકા.

નાઽવિષ્ણુ ભૂમિપતિ એમ વદે મહાન,
કો "બાપજી" "નૃપતિ" "રાય" કહે સુજાણ,
ધર્માવતાર પણ હું સમજું નૃપાળ,
લક્ષ્મી સરસ્વતી ધરે વર કંઠ માળ.

---

# વ્યાજ નિંદા.

૧

## વસંતતિલકા.

પાળો પ્રજાસમ પ્રજા થઇ સત્યવૃત્ત,
આનંદકંદ સુખચંદ નહિ પ્રમત્ત,
સેવો સ્વધર્મ પણ કીર્તિ પ્રિયા ધરો છો
શત્રુતણી, સતત શું ઠિક એ કરો છો ! ૧

૨

વેશ્યા મનોહરી વિલાસવતી સુનીતિ,
શત્રુની કીર્તિ-વનિતા પર જાર-પ્રીતિ,
ચોરી સદા હૃદયની, ધરમે ન લાજ,
રે'જો, પરોપકૃતિની પણ કેફ રાજ. ૨

## શીક્ષણ.

### ૧

### રોળા વૃત્ત.

કૃષ્ણુ કઠણુ ચીકણી અને કાદવથી પૂરી,
ક્યારી મળ જળ ધરે ફસાવામાં ન અધુરી,
ત્યાંથી ઉપને ત્હોય છોડનુ ઢાંકણુ ધારી,
ચોખા ચોખા રહે, તેમ શીખો તનુધારી. ૧

### ૨

### ગીતિ.

શૂલ શૂલથી નિકળે તૂલ તૂલથી જરૂર સંધાય,
વજ્ર વજ્રને ભેદે દોર દોરથી અવશ્ય બંધાય. ૧
કાર્યસિદ્ધિ નિજ થાતાં ચતુર ઉભયનો કરે ત્યાગ ભારે,
વિજયકાજ વાવરતાં શૂરો અંગે કટાર નહિ મારે. ૨
મિથ્યા કાયા તોએ મિથ્યા માયા-નિવારણે શસ્ત્ર,
તેનુ કૃંતન થાતાં સુજ્ઞ તજે છે સુજીર્ણુ જ્યમ વસ્ત્ર. ૩
જડ તન ચેતન તું છે નૂતન જાણી ધર્યો અભિનિવેશ,
પતન થશે તો ત્હારૂં પ્રાક્તન ર્‌હેશે ધરી તન અશેપ. ૪

---

## સમશ્યાપૂર્ત્તિ.

### ૧

### ઈંદ્રવિજય છંદ.

ચંદ્ર ઉગ્યો તવ ચંદ્રમુખી સહ રાસ રમી રતિનાથ હરાવ્યો,
વલ્લવ-વલ્લભ વલ્લુરમાં અપરા દૃય વલ્ગુ સ્તને વિંટળાયો,
મોહ નિશીથ કરી મનમોહન મત્સર માનિનીમાં ઉપજાવ્યો,
ચંપકવલ્લિ–વિરાજિત–ચંદ તણી "શફરી હદ કાગ ભરાયો." ૧

### ૨

વીતી ગઈ અરધી રજની સજની સજ નીવિ કરી વિજને,
સ્તબ્ધ ઠરી, વિરહાનલમાં બળતું નીલ અંબર જોઇ સ્તને,
કંપ તને, અફસોસ મને, બહુ સોસ ગળે, દૃગ ક્રોધ, ભરાયો,
ખંડિત માનવતી વદને "અધરાત ગઇ તવ સૂર્ય જણાયો." ૨

---

## ભાષાન્તર.

### દ્રુતવિલંબિત.

બહુ કર્યો ઉપકાર કશું કહું, સુજનતા પણ પાથરી છે બહુ,
સતત એમ સખા કરતા રહો, શરદ સો સુખ ભોગવતા રહો. ૧

### વસંતતિલકા.

ખીલ્યો વસંત મકરધ્વજમાં ખુમારી,
ધીરો વહે પવન શો રતિ-ખેદ-હારી,
શી કુંજ નેતરતણી બગીચા વિશે છે,
છે દૂર નાથ, સખિ! શું કરવું હવે કહે. ૧

૧

### ગીતિ.

નિશ્ચલ નિષ્પંદપણે, કમળપત્રપર કશો હંસ રાજે,
મરકત મણિની થાળી, ઉપર શંખ જ્યમ શ્વેત અતિ વિરાજે. ૧

૨

ગુરૂ આજ્ઞાને લીધે, દૂર જવા નીકળ્યો રમણ મ્હારો,
પણ કોકિલને અલિથી, લલિત વસંતે વળે નહિ પાછો. ૧

### દુહો.

સંકેત સમય જાણવા આતુર જાણી યાર,
ચતુરાએ હસી નેત્રમાં કમળ બીડ્યુ તે વાર. ૧

### ઇંદ્રવિજય.

કામ ત્રિલોચનના ભયથી મૃગનેણીનુ વક્ષસ નિર્ભય ધારી,
પીન પયોધરના તટમધ્ય થયો ઝટ લીન છકેલ વિહારી,
ત્યાં પણ નિર્દય માર પડે નરના કરથી શરૂઆતથી તેને,
ક્યાંહિ નથી સુખ તે જનને અપરાધ કર્યો પ્રભુનો બહુ જેણે. ૧

### ઉપજાતિ.

ન રાજ લૂટે નહિ ચોર ચોરે, વ્યયે વધે વ્હેવું પડે ન જોરે,
ન ભાઇથી વ્હેંચણ થાય નામ, विद्याधनं सर्व धनप्रधानम्.

### દ્રુતવિલંબિત.

કુસુમથી બહુ કોમળ હોયછે, કઠણ વજ્ર થકી પણ થાયછે,
હૃદય સુજ્ઞ વિલક્ષણનાં અહીં, સમજવા જનં શક્તિ ધરે નહિ. ૧

### વસંતતિલકા.

રૂહેછે વને તદપિ જે મૃગમાંસ ખાય,
તે કેસરી ભુખ છતાં નહિ ઘાસ ખાય,
તેવી રીતે કુલીન દુઃખ પડે વિશેષ,
તોએ ક્ષણે અધમ કૃત્ય કરે ન લેશ. ૧

### શિખરિણી વૃત્ત.

હરી લેવી લંકા ચરણદ્વયથી અબ્ધિ તરવો,
કપિ સેનાનીમાં દશમુખ પરાજિત કરવો,
છતાં રામે પ્રેર્યા નિશિચર બધા રામ શરણે,
क्रिया सिद्धिः सत्त्वे भवति महतान्नोपकरणे. ૧

અહિથી જોડેલા તુરગ, રથને ચક્ર દ્વય ના,
પગે પંગુ સાર્થી ગહન પથ આલંબન વિના,
છતાં અંતે પ્હોંચે સતત રવિ વિસ્તાર નભને,
क्रिया सिद्धिः सत्त्वे भवति महतान्नोपकरणे. ૨

મહાશત્રુ શંભુ જડતનુ શશિ મંત્રી પદમાં,
સુપુષ્પોનાં બાણો, મધુ સુભટ નારી સુબળમાં,
છતાં જીતી લીધાં ત્રિભુવન વપુ-હીન મદને,
क्रिया सिद्धिः सत्त्वे भवति महतान्नोपकरणे. ૩

### વસંતતિલકા.

છે રત્નરાશિ પીતુ ને પતિ વિશ્રુદેવ,
ભ્રાતા સુધાકર વસે કમળે સદૈવ,
સારંગ-શ્રૃંગ સમ વક્ર ચરિત્ર તા'રાં,
ક્યાંથી શીખી ગઈ કહે કમલા નઠારાં. ૧

રે ! લક્ષ્મિ, સત્ય કહું તે મનમાં ન લાવ,
તા'રૂ ઉપાસન કર્યે જન અંધ થાય,
કાકે વિશાળ ધરી નેત્ર સરોજ તુલ્ય,
નારાયણે અહિ-પલંગ કર્યો અમૂલ્ય ! ૨

### શાર્દૂલવિક્રીડિત.

રે ! પદ્મા દઈ દ્રવ્ય મૂઢજનને વિદ્વાન્ કરે મત્સરી,
જાતે મત્સરિણી ચલા પ્રકૃતિથી મૂર્ખે રતિ શેં કરી !
નિર્દોષા કમળા ખરી તદપિ હું દ્રવ્યે ભરૂં મૂર્ખને,
કાકે સુજ્ઞ પૂજાય છે સહુ સ્થળે, આધાર શો મૂર્ખને ! ૩

### વસંતતિલકા.

વિદ્યા અને સુકુલ ગૌરવ ના વધારે,
સર્વે જનો ધનિપ્રતી અનુરાગ ધારે,
શંભુ કપાલિ નિજમૌલિ વિશે ધરે છે,
ગંગા તથાપિ રતનાકરને મળેછે. ૧
શંભુ ધરે શિર સદા પણ તે કપાલિ,
તેનું ન ચુંબન કરે ક્ષણ ગંગ બાળી,
ચુંબે સહસ્ત્ર મુખથી પણ રત્નધારી,
ગંગાસમાન ધનથી લલચાય નારી. ૨

### શાર્દૂલવિક્રીડિત.

છોડીને નવમલ્લિકા અલિ ગયો જૂઈ વિશે મોહમાં,
તે જોઈ ઝટ ગાઢ ચંદનવને ત્યાંથી ઉડ્યો પદ્મમાં,
બંધાયો શશિના કરે ઝપટમાં ત્યાં મંદધી તે રડે !
જો સંતોષ ગયો પરાભવ થયો આપત્તિ આવી પડે. ૧

### વસંતતિલકા.

આનંદ હોય સદને સુત બુદ્ધિશાળી,
કાન્તા વદે વદનથી સુગિરા રસાળી,
લક્ષ્મી ગૃહે રતિ વધૂજનની જ ધારે,
આજ્ઞાનુયાયિ સહુ ભૃત્ય સુમિત્ર ભારે. ૧
આતિથ્ય ને સતત પૂજન ઇષ્ટ કેરૂં,
મિષ્ટાન્નપાન ઘરમાં મળતું અનેરૂં,
નિત્યે રહે સુદૃઢ સજ્જનનો પ્રસંગ,
તેવા ગૃહસ્થ જનને શત વાર રંગ. ૨

### સવૈયા એકત્રીસા.

ઘર આંગણુમાં પંક અને ઘરમાં જળથી બહુ હોએ ભેજ,
રડારોળ છૈયાંની થાએ માંકડ મત્સરવાળી સે'જ,
ટા'ડુ જળ ન્હાવા લૂખુ ખાવાને ઘરમાં ધૂમ અપાર,
ભૂંડા બોલી ભામિની પતિ ક્રોધી એ ગૃહસ્થને ધિક્કાર. ૧

### ગીતિ.

અશ્વ શસ્ત્રને શાસ્ત્રો, વીણા વાણી પુમાન ને નાર,
યોગ્યાયોગ્ય બને છે, જે જન હાથે ગ્રહે તદનુસાર. ૧

### દુહા.

રત્નાકર જેવો પિતા લક્ષ્મી જેવી બ્હેન,
ભીક્ષાટન પણ શંખને જુવો ભાગ્યની રહેંણુ ! ૧
જે થાવાનું હોય છે તેવી બુદ્ધિ થાય,
સહાય પણ તેવી મળે તેવો પણ વ્યવસાય. ૨

---

## મહારાણીજી શ્રી વિકટોરીયા કયેસરેહિંદ.

### સવૈયા એકત્રીસા.

જય જય શ્રી જગદીશ્વર, હે પરમેશ્વર ! પ્રેમે કરૂં પ્રણામ,
આ વાસરનો અવસર લોકપુરઃસર સ્મૃતિમાં ધરે તમામ;
હર્ષ હર્ષ વર્ષે આશામાં સર્વ જણાએ પૂરણકામ,
પચાસ વર્ષલગી ઝલકે જ્યાં નૃપમંડળનું રત્ન-લલામ. ૧
દ્વિતિય પ્રહરને જૂન વીસમી અરા'ડસેંને સાડત્રીશ,
તે દિન દિનમણિ પશ્ચિમ ઉગ્યો દીનદયાળ નૃપાળ અધીશ;
ધર્મ અર્થને કામ મોક્ષ સેવામાં તત્પર રે' દિનનિશ,
ધરણીધર સમ ધારણ ધરતા ધર્મ-ધરાની જ્યાં વાગીશ. ૨
નિજસુખ પરસમ પ'રૂં કરીને પરસુખમાં લે પરમાનંદ,
પ્રેમ રે'મથી ક્ષેમ પ્રજાનું ઇચ્છે વે'મ તજી સુખકંદ;
ગ્રીષ્મ ઋતુનો સૂર્ય શત્રુને સેવકને શારદનો ચંદ્ર,
રાતદિશે પણ નામસ્મરણ ધરતી તલમાં પડતું નહિ મંદ. ૩
ઉપરાઉપરી વિવિધ રીતિના કરવા બેઠી છે ઉપકાર,
સત્ય લાજ પત્નીવ્રતમાં રાણી સાવિત્રીનો અવતાર;
સ્વતંત્રતાની અધિદેવી ને સરસ્વતીની મો'ટી બેંન,
સંપ શાન્તિ ને અભય આપનારી છે કામદુધા સમ ધેંન. ૪
એક હવાડે વાઘ અને બકરી જળ પીતાં ન કરે રા'ડ,
હુન્નરને વ્યાપાર કૃષીમાં ચાખ્યા સહુએ અમૃત વા'ડઃ
ન્યાય, નીતિ ને ચિત્ત-વિમળતા શિખવ્યાં નિજ દેઈ દૃષ્ટાન્ત,
ધન્ય ધન્ય શાણી રાણીને આવરદા દ્યો કમલા-કાન્ત. ૫
અનુભવીને દીર્ઘદૃષ્ટ શાણા અહિં મોકલિયા સરદાર,
દેશ-ઉન્નતિ કરવા હરવા સંકટ રૈ'યત તણાં અપાર;
સંકલના એવી કીધી કે કોઈ કરી ન શકે તોફાન,
રાજ્યનીતિ પગલે પગલે ચઢતી જોઇલ્યો સ્વર-સોપાન. ૬

ધારાસર ધારા બાંધ્યા સાંધ્યા કંઈ રીતિતણા સંબંધ,
આર્યવર્ત્તમાં સૃષ્ટિલીલા સમ ચાલે છે રાજ્ય–પ્રબંધ;
સત્યતણું બળ પૂર્ણ વધાર્યું પરવશ સત્તા કીધી સઘ,
સ્વેચ્છાને અંકુશ દઈ જનહિતમાં રમવા દીધી સઘ. ૭
નામ–સ્મરણ પ્રભુનું કરતાં નાસે અઘઓઘતણા ભંડાર,
તેમ સ્મરણ થાતાં રાણીનું કલહ નામ ન રહે ક્ષણવાર;
ચંદ્રચંદ્રિકામાં ફરતાં વાધે છે જ્યમ શીતલતા અંગ,
સચરાચર ત્યમ વ્યાપ્ત પ્રભા–મંડલમાં રે'તાં વધે ઉમંગ. ૮
કામ ક્રોધ આદિ રાક્ષસની દુષ્કૃતિનો આવે છે અંત,
દેવ દૂત સમ સદ્ગુણ ઉભા રક્ષા કરવા યત્ર અનંત;
વિજય કરી વિજયા વિજયાદશમી સહુને દેખાડે રોજ,
સાર્થક કીધું નામ યદા સૂબા જાણે વિક્રમ કે ભોજ. ૯
મિષ્ટ સરોવરમાં સૂર્યોદય કાળે ખીલે જ્યમ અરવિંદ,
જંબુદ્વીપે ત્યમ આ સમયે કીર્ત્તિ ખીલી કેસર હિંદ;
અબળા થઇને સબળાને ધ્રૂજાવીને રક્ષણ કરનાર,
દુર્જનકૃત પીડાની ચિંતાને રાણી માતા હરનાર. ૧૦
રીત પ્રથમથી એવી રાખી વિદ્વાનો કરવા સત્કાર,
જ્ઞાનદીપથી તિમિર-અવિદ્યા હક છોડી નાસે આવાર;
સુલેહના દૂધે ઉછેરી દીધું અભ્યુદયનુ ભાન,
આર્યવર્ત્તનાં જગતચક્રમાં વધરાવ્યાં રાણીએ માન. ૧૧
ઉત્તર ને દક્ષિણ ધ્રુવની સરખા સરખી શી રીતે હોય,
એક યદા અંધારૂ સેવે અન્ય પ્રભામાં રમતો હોય;
ભયમાં લય થાતાં વય જાતાં પણ વ્યય જે સમયે નવ થાય,
તેની સાથે સ્વચ્છંદે ફરવાનો કાલ ન સરખાવાય. ૧૨
વેચાતાં રૈયતનાં અંતર લીધાં આપીને સંતોષ,
ઐક્ય પ્રજાનું જોઈ ઉડ્યાં લોભી કુમતિ દુશ્મનના હોશ;
રાજ્ય કરે તન ઉપર બીજા બળ છળ કે કળથી બહુવાર,
રાજે વિજયા કેવળ પ્રીતે જન–તનમનધનપર આ વાર. ૧૩
કોમળતાની ખાણ રૂપાળી લલના સ્રીના સર્વ સ્વભાવ,
નરપતિ ગુણથી વિપરીત તોપણ ભજવે એનો એકજ ભાવ;
સાર્થક જીવિત તેનું જેણે લીધો આ દસકાનો, લ્હાવ,
સંસારાર્ણવ તરવા અથવા બેઠો જે રાણીને નાવ. ૧૪

જંગલમાં મંગલ કીધાં જ્યાં રાન હતાં ત્યાં વાસ્યાં શે'ર,
ઘર ઘર ઉત્સવ સ્નેહ ધર્યાં કંકાસ અને જ્યાં વધતાં વેર;
સંચિત સ્વેચ્છાથી ભોગવવા સમય દઈ પલટાવ્યો ફેર,
જંપ સંપથી પુત્રપિતા ને દંપતિને દઈ લીલાલ્હેર. ૧૫

---

## દોહોરા.

સ્વાર્થ-સિદ્ધિને કારણે રાજ્યધરા ધરનાર,
પદે પદે અથડાય છે બળથી નૃપ બનનાર;
પરાર્થ માટે અહરનિશ દુઃખે શ્રમ કરનાર,
લંડનમાં વિકટોરિયા રાજ્ય કરે આ વાર. ૧
સંવત્સરમાં હોય છે વિરલાં રત્ન વિશુદ્ધ,
રામ કૃષ્ણ ને ક્રાઇસ્ટ કે મ'મદ મોઝિસ બુદ્ધ;
આ સદીમાં એ રીતે વિજયા એકજ એક.
મળી ગઈ છે આર્યને પુણ્ય-પ્રભાવે છેક. ૨
છતી વસ્તુનો ભોગ નહિ સમજે લોક અજાણ,
મહારાણી પણ સર્વના બની બહિશ્વર પ્રાણ;
યથાતથ્ય જાણી લઈ દેશીનું વૃત્તાન્ત, ૩
દુઃખ દુર રાણી કરે સૂરજ જાણે ધ્વાન્ત.
અમ કાજે એ મોકલે સૂબા બુદ્ધિમાન,
પોતાનો લીધો કરી જાણે હિંદુસ્થાન;
તેથી પણ સંતોષ નહિ થાતાં પુત્ર સમાજ,
પ્રેરે કેસર હિંદ અહીં જોવાને, યુવરાજ. ૪
સિંધીને દુષ્મન ગણે કલકત્તાના લોક,
લે પંઝાબી દક્ષણી એક બિજાના ડોક;
મુસલમાનને પારસી ગુર્જર જનનાં વૃંદ,
સ્નેહ પરસ્પર ના ધરે રાખી વૃત્તિ મંદ. ૫
સ્વાર્થ પેટનો રાખતાં ભૂલે જન નિજ ભાઈ,
દેશ તણી ત્યાં કયાં થકી રહે લગાર સગાઈ;
સંપ જ્ઞાન વિશ્વાસ ને હિમ્મત ને ઉત્સાહ,
અંતર કલહે તેમનો પૂરી દીધો વાહ. ૬
નીતિ બળથી કાપિયા એ સર્વેય અનર્થ,
રવિવત્ એણે આપિયો લીધેલો જે ગર્થ;

વધ્યાં દેશમાં ઐક્યને નર્યાંચાંચલ્ય અપાર,
ઉદય દેશનો થાય તે રાણીના ઉપકાર. ૭
મહિનાના દ્હા'ડા કર્યાં દેવા મૃતને પિંડ,
યાત્રાઓ સ્હેલી કરી ધન્ય કેસરે હિંદ;
પિંડારાની લૂટ ને ઠગથી થાતા ત્રાસ,
ચપ્પ લઈ બેસી ગયાં થાતાં રાણી–ભાસ. ૮
ઉત્તમ સૂરજ વંશના નૃપ–મંડળની લાજ,
ડોળા સાથે ભૂપ લે એવું ક્યાં છે આજ!
ધર્મ પાળવા જીજિયો લેવાનો રીવાજ,
"ત્રાહિ ત્રાહિ" બોલાવતો એવું ક્યાં છે આજ! ૯
રૈ'યતનો રાજા નહિં રાખે ક્ષણ વિશ્વાસ,
રાજાને દુષ્મન ગણે રૈ'યત બારે માસ;
ઠરવું જેના રક્ષણે તેની લાગે બ્હીક,
વાડ થઈ દાણા ગળે રહે તત્ર શું ઠીક? ૧૦
એમ પરસ્પર વ્હેમમાં વધતો મસ વિરોધ,
દેશ–ખરાબી થાય જ્યાં મળે ન નીતિ બોધ;
એ સરવે ચાલ્યું ગયું શાણાની જયમ વાત,
સંપ સ્નેહ વિશ્વાસથી રાજ્ય ચલાવે માત. ૧૧
બ્રિટિશ રાજ્યના નાવમાં કૂપદંડ નયમંત્ર,
વિરલ પ્રતિનિધિ ખારવા પ્રધાન હોકાયંત્ર;
પવન પ્રજામત આકળા બહુવિધિ ઝડપે વાય,
નૌપતિ રાણી પાંશરૂં પણ તેને લઈ જાય. ૧૨
જંપી ખાવો રોટલો એમાં પણ બહુ ભાગ્ય,
ધર્મરાજ્યના સમયથી આજ મળ્યું તે ભાગ્ય;
વય સાથે વધતાં ગયાં વસ્તી ને વ્યાપાર,
ભય જૂલમ ભુંડાઈને કાઢયાં દરિયા પાર. ૧૩
રામ-રાજ્યને વર્ણવ્યું વાલ્મિકે બહુ પેર,
પણ મિથ્યા અપવાદથી તેમાં વરત્યો કેર;
માટે જગને શિખવવા ઉત્તમ નીતિ-પ્રતાપ,
પશ્ચિમ દેશે અવતરી સીતાજી શું આપ! ૧૪
મહારાણીના મુકુટનાં તેજતણાં કર સર્વે,
અલ્પ તેજ ગણતાં દિસે એક વર્ષનું પર્વ;

कर्तुमकर्तुम् अन्यथा कर्तुं शक्त महेश,
ધો શાણીના રાજ્યને અપૂર્વ પૂર્ણ ઉજેશ. ૧૫

---

## ઇંદ્રવિજય છંદ.

હિંદ પ્રજા પર હે પ્રભુ ! તેં ઉપકાર અપાર કર્યો ગત કાળે,
આર્ય-ધરા સુપ્રસિદ્ધ કરી રઘુ, રામ મનુ પ્રિયવર્ત્ત નૃપાલે;
ધર્મ નહુશ, સુયોધન ને નળ વિક્રમ ભોજ ત્રિશંકુ વિગેરે,
સૂર્ય અને શશિ અગ્નિ પ્રસૂતિ અનેક દઈ જન્મ ભારત વેરે. ૧
તોપણ દોષ પ્રમાદ અને બહુ વ્હેમ તણા જનમાં વધવાથી,
કે પછી ભક્તિ ભુલ્યા તુજ ભારત અપ્રતિબદ્ધ પ્રહર્ષ થવાથી;
અંતર ક્લેશ વધ્યે અકૃપા વધતાં તુજ, ભારત-સૂર્ય ગ્રહાયો,
ઝંઘીસ નાદિર મમ્મદના બળવત્તર લોભ તળે ચગદાયો. ૨
ભ્રષ્ટ થયો સચરાચર ધર્મ ચતર્વરણે પણ સંકર પેઠો,
બ્રાહ્મણ જ્ઞાન તજે શર ક્ષત્રિય વૈશ્ય કૃષી શિર શૂદ્રક બેઠો;
નાગરમાં ગરનો ગરકાવ જ કાયચ કાચ સમાન ફુટેલા,
બુદ્ધિ થઇ વીપરીત અરે પ્રભુ ! ભારત ઉપર આપ રુઠેલા. ૩
મંદિર અંદર શત્રુ પ્રવેશ કરી ગ્રહતા ઝટ પૂજ્ય પ્રતિમા,
પાર વિના લુટતા ધન ધાન્ય ત્રિયા પર જૂલમની નહિ સીમા;
અગ્નિ મુકે પુર સુંદરમાં વણુ વાંક કરે ક્ષણમાં ધૂળ ધાણી,
કાફર જીવ લઈ મકલાય શિશુ જનની-સ્તનથી લઇ તાણી. ૪
એમ અનંત નિરંતર દુઃખ-પયોનિધિ ભારત ઉપર રેલ્યો,
અંત સમે પણ તેં પ્રભુ ! રક્ષણમાં લઈ ભારત-ટેક ન મેલ્યો;
કેસરહિંદ તણા મનમાં પ્રભુ વાસ કરી દુઃખ દૂર કરાવ્યાં,
આર્ય અનાર્ય થયો પણ આર્ય થઈ અનિવાર્ય સુકાર્ય કરાવ્યાં. ૫
વર્ષની પાછળ વર્ષ ગયાં પણ ભારત-વર્ષ પ્રહર્ષ ગ્રહે છે,
પૂર્ણ પ્રયાસ વિષે નહિ માસ જણાય યદા મન મોદ ધરે છે;
યુદ્ધ પ્રપંચ દગા ફટકા ઝટકા ઝટકી પટકી પટ ભાગે,
તૂરક આરબ કે અફધાન અને રૂશનો ભય લેશ ન લાગે. ૬
ઘોર વિરાન વિશે વણુ સાંઝ્ય ભયાનક જ્યાં ધુમતિ નિશ કાળી,
વીતક બીતિ વિના વિચરે કરના તલ મધ્ય સુવર્ણ ઉછાળી;
નામ લગાર દઈ ન શકે અબળાતણુ તોપણ ચોર અનાડી,
ઈશ્વર પ્રેરિત શ્રી વિજયા રહિ ધર્મની છાપ પ્રજાપર પાડી. ૭

---

# રાજ્યગીત લૂણાવાડા.

## ગુર્જરી રાગ.

૧

જય લવણેશ હરે,
લક્ષ્મી સરસ્વતી શ્રીમતી સતી ફૂલવતી ભોમ, સતી ફૂલવતી ભોમ,
સોમશુ કીર્ત્તિનુ જોમ, જય લવણેશ હરે. ૧
વિપુલ સુકુલ અનુકૂલ ને, અણમૂલ સમાન, અણમૂલ સમાન,
અરિકુળ તૂલસમાન. જય લવણેશ હરે. ૨
ન્યાય સદાય વદાય ને, થાય દુરિત વદાય, થાય દુરિત વદાય,
પ્રભુ ઘો અનુત્તમ દાય. જય લવણેશ હરે. ૩
ચિત્ત પુનિત પ્રીતિ વાધજો, રહેજો યૌવનવેશ, રહેજો યૌવનવેશ,
હમપર રાજો હમેશ. જય લવણેશ હરે. ૪

---

# મહારાણા શ્રી સર વખતસિંહજી.

## શિખરિણી.

જુઓ કંકાસારિ રણજિત ન કંસારિ કદિ એ,
અહીં શોભે આજે રઘુપતિ, હલાયુધ નહિ એ,
સુભદ્રા આ ન્હોયે લવણ નૃપની કૃષ્ણ કુંવરી,
સદા જૂદી જાણો, લવણપુરને દ્વારનગરી. ૧
નથી આ અંભોધિ લવણપતિની સ્નેહસરિતા,
રવિશા સોલંકી કુલદીપ ન એ યાદવપિતા,
અટંકા સામંતો બલનયવતા, ચક્ર નથીં આ,
લજાવેછે દ્વારામતિ સુખદ વકતેશ પણ આ. ૨

---

# આશિર્વાદાષ્ટક.

૧

## હરિગીત.

નિજ પુત્રને ઘર પુત્ર થાજો પણ કુંવરપદવી હજો,
ક્ષણ દુઃખ દર્શન ના હજો પણ દુઃખ દીનનાં કાપજો,
શુભ વૃદ્ધનુ ડા’પણ હજો પણ વૃદ્ધપણ નવ આવશો,
સુખ શાન્તિમાં દિવસ જજો રતિ સર્વપર વરસાવશો. ૧

૨

## ઉપજાતિ.

સરસ્વતી જીભ વિશે વિરાજો, વૈકુંઠનો રો’ ઘરમાં મલાજો.
બ્રહ્માંડમાં એકજ નામ થાજો, સતી સુતા સુત સમેત રાજો.

૩

### દોહરો.

ક્લેશ રહિત ત્રણુ લોકનાં સાથે લાગાં સુખ,
કાલગતિપર્યંત રો' સેવક થઇ સન્મુખ. ૧

૪

### ઇંદ્રવિજય છંદ.

તાપ ત્રિમૂર્ત્તિ હરો ત્રિવિધિ ત્રિવિધિ અનિલો સુખના ત્રણુ કાલો,
પૂર્ણુ ત્રિઅક્ષ કરો ઇષિણા ત્રણ, હાક ત્રિલોક ચરાચર હાલો,
ઓર ત્રિશૂળનુ બાહુ વિશે ત્રણ અર્થ ત્રિવિષ્ટપમાં ત્યમ ગાજો,
સદ્ય ત્રિગુંણુ ત્રિવિક્રમ તુલ્ય તજી સતી પુત્ર સમેત વિરાજો. ૧

૫

### ઉપજાતિ.

સદા નીરોગી સુકુમાર ર્‌હેજો, સંસારના લ્હાવ અખંડ લેજો,
અનુક્રમે સૌ પુરૂષાર્થ પામો, દિગંતમાં કીર્ત્તિ પ્રતાપ જામો. ૧

૬

### ઈંદ્રવિજય છંદ.

વિગ્રહમાં ગ્રહના ગ્રહ દ્વાદશ સુગ્રહ નિગ્રહમાં નિત રાખો,
અંબુધિનાં શિશુ ચૌદ સ્વતંતર સેવકભાવ નિરંતર દાખો,
કંઠ સરસ્વતી વાસ વસો સુમતિ સુકૃતિ સુધૃતિ અતિ ધારો,
ચક્રીનુ નક્રીનું શક્રનુ શુક્રનુ સર્વે અવક્ર સુમંગળ ભારો.

૭

### સ્વાગતા.

શ્રીપતિ વરસજો સહુ મ્હેરો, યુગ્મ ઉપર વહો સુખ લ્હેરો,
તલ્પને નવ ગ્રહો વિટળાજો, દીર્ઘકાળ સુખમાં જગ રાજો. ૧
અષ્ટસિદ્ધિ દ્વય પાદપ સેવો, ઋદ્ધિનાથ અરપો સુખ-મેવો,
વિસ્તરો જ્યમ ધરો ધર સૂત્ર વ્યાપજો સુયશ ઇહ અમૂત્ર. ૨

૮

### શાર્દૂલવિક્રીડિત.

સંસારે દૃઢ જંપ સંપ વધજો સદ્ધર્મ સેવા કરો,
સંતોષે મનને પરાજિત કરી આનંદ ચિત્તે ધરો,
આરાધો પુરૂષાર્થ યોગ્યક્રમથી ર્‌હેજો સદા સન્મતિ,
નિત્યે દ્યો કુસુમાંજલિ પ્રણયથી વિદ્યા નવોઢા સતી. ૧

# પરિશિષ્ટ.

## ઈશ્વર સ્તવન.

### મનહર વૃત્ત.

અદ્વૈતનુ દ્વૈત થાય તેમાંથી વિશિષ્ટાદ્વૈત
ત્યાંથી કેવલ અદ્વૈત દ્વૈત થવા જાય છે;
એકથી બને છે પંચ પંચથી અનેક થાય
પંચમાં સમાય સહુ પંચ એક થાય છે.
અક્ષરનુ ક્ષર થાય ક્ષરનુ અક્ષર થાય
ક્ષરાક્ષર ક્ષરાક્ષરાતીતમાં સમાય છે;
છે તે છે નથી તે નથી છે તે નથી નથી તે છે
ભિન્ન ચિત્ર ભવ્ય રમણીયતા જણાય છે. ૧
કાળે ન કળાય પણ કાળક્રમ નિયમિત
સ્થળ છે અનેક પણ નેકમાં રખાય છે;
જીવન ને પ્રીતિ તણુ જોડલુ અખમ રહે
વ્યકિતનો અલય લય ભલે બહુ થાય છે.
વ્યષ્ટિની સમષ્ટિ થાય સમષ્ટિની વ્યષ્ટિ થાય
વૃક્ષ બીજ રૂપ બીજ વૃક્ષ રૂપ થાય છે;
એવી ઘટમાળ તણા અકર્ત્તા છતાંએ કર્તા
તેને દીન ભાવ ધારી મસ્તક નમાય છે. ૨
ગંગા યમુના સમાન જન્મ મૃત્યુ તણી નદી
ભિન્ન વહે તેમાં પણ સત્પ્રવાહ ચાલે છે;
રજસને તમસના વિષમ કોલાહલમાં
સોહમ્ સોહમ્ જ્ઞાનનો મધુર શબ્દ મ્હાલે છે.
કામાદિ ત્રિપુટિ થકી પડે છે ત્રિવિધિ દુઃખ
નિત્ય તેમાં આનન્દની મીષ્ટ વૃષ્ટિ થાય છે;
લઘુ લઘુ ગુરૂ ગુરૂ દેખે અંધ લેશ નહિ
એવા સચ્ચિદાનન્દ સ્વરૂપને નમાય છે. ૩
અનાદિ અનંતકાળ ચક્રની ઉપર ચ્હડી
નિત્ય નિરવધિ જીવ ઉંચે નીચે જાય છે,
જેનાથી વિસ્મૃતિ થાય તેમાંથી વિવેક જાય
ટેક પણ છેક જતાં સ્વરૂપ ભૂલાય છે.
ભ્રમણથી ભ્રમ થતાં સ્થિર ને અસ્થિર દેખે

અસ્થિરને સ્થિર માની અસ્થિર ' રહાય છે,
છતાં દેખે તેનો જ્ઞાન કળાથી ઉધ્ધાર કરે
એવા ચક્ર ધારકને સ્નેહથી નમાય છે. ૪

સાગર અપાર સ્થિર ધીરને ગંભીર તેમાં
પારવનાં વીચિ થાય સુહાય સમાય છે,
સાગરનું સત્વ પણ સાગર ગણાય તે ન
જડધરા સંગ થતાં જડતાને રહાય છે;
અજડના જડયોગે ઓંકારનો અહંકાર
થતાં એકના અનેક તરંગ જણાય છે
એવા મહાસાગરના અગોચર અધિષ્ઠાતા
સાષ્ટાંગ પ્રણામ તેમે વારંવાર થાય છે. ૫

કાળથી કળાય નહિ, દિશાથી મપાય નહિ
વાચાથી વચાય નહિ તર્ક ગોથાં ખાય છે,
ધ્યાનથી ધરાય નહિ ભકિતથી મળાય નહિ
જ્ઞાનથી જણાય નહિ વિરાગ વિહલાય છે;
મોક્ષના ઉપાય કહ્યા મીલનનો એક નહિ
હૃદયમાં સ્થિત પણ અગમ્ય ગણાય છે
એવા અવર્ણનીય ને અનિર્વચનીય વિભુ
તેને સાનન્દાશ્ચર્યથી હમેશ નમાય છે. ૬

કોઇ કે'છે જ્ઞાનરૂપ કોઇ કે'છે આત્મરૂપ
કોઈ કે'છે દિવ્ય રૂપ કોઈ "નેતિ" ગાય છે,
પુરૂષ પ્રકૃતિ રૂપે દેવકાળ શકિત રૂપે
અણુ દ્રવ્ય કે ચૈતન્ય રૂપ તે ગવાય છે;
કોઈ કે'છે કોઇ નથી કોઇ કે'છે સર્વ આતે
બુદ્ધિ અનુસાર માત્ર અકળ કળાય છે,
નિકટ છતાં ન લાધે લીલાથી અનુભવાય
શ્રદ્ધાથી મનાય તેને નમસ્કાર થાય છે. ૭

આ સંસાર અસાર સાર યુગના સંભારથી છે ભર્યો
ભોકતાને હિત ને મનોહર બને જો જ્ઞાન ધૈર્યે ધર્યો
સીમાતિક્રમણ ત્યજાય સમતા માધુર્ય તો સંચરે
અંતે છે વિષવૃષ્ટિ જો વિષમતા ધી સૂર્યને આંતરે. ૧

રૂડી જીવદયા તણુ અંતિ થતાં ઉત્પાત વાધે અતિ
ક્રૂવે ધૂર્ત સ્વતંત્રતા પગ કરે રાષ્ટ્રે વધે દુઃસ્થિતિ
ભુંડો ક્રોધ છતાં રહી નિયમમાં સ્થાને કરે ઉન્નતિ
દાબે દુષ્ટ પરાક્રમે જય કરે દે ત્યાગને સદ્દ્ગતિ. ૨

સર્વે વસ્તુ કહી ભયાન્વિત ગણ્યો વૈરાગ્ય શ્રેયસ્કર,
વૈરાગ્યે પણ ઇશ્વરાર્પિત સુખો છોડી થવું કિન્નર,
મુંકી આશ્રિત આપ્તને રઝળતાં સ્વાર્થી ધરે દૂષણ
માટે સંસૃતિમાં ગભીર સમતા સદ્દ્વ્યક્તિને ભૂષણ. ૩

જ્ઞાની જ્ઞાનનુ પાન નિત્ય કરતાં સૂક્ષ્માત્મહત્યા કરે
ધ્યાતાધ્યેયનુ ઐક્ય થાય મુનિ ત્યાં આનન્દ ક્યાંથી ચરે,
કો આનન્દ સ્વરૂપ થાય પણ શો આનન્દ તેને મળે
સર્વાંગે મધુમિષ્ટ સ્વાદ પણ લે તેનો વિવેકી કળે. ૪

શ્રદ્ધાથી નવધા અદષ્ટ પ્રભુની દે ભક્તિ નિશ્ચિતતા
સેવ્યા જો વિભુવ્યક્ત પ્રેમયુત ના તોશી કમાયા મતા,
ઝાલીને કરતાલ માળ ભજવે આવેશમાં વેશને
પામે જીવન, વ્યર્થ જીવિત કરી તે આત્મઘાતી બને. ૫

નક્ષત્રો રવિચન્દ્ર ભૂગતિ મનીષા શક્તિ પ્રૌઢા ધરે
મર્યાદા ત્યજતાં પરસ્પર લડી સંસારને સંહરે,
લોકાર્થે રહીને સદા નિયમમાં સર્વત્ર વંદાય છે
માટે સારનુ સત્વ એજ સમતા તે હીણ છંડાય છે. ૬

સત્કૃત્યો સુવિચાર સદ્દ્ગુણ સદભ્યાસે થશે જો અતિ
તો થાતાં ગતિ છિન્નભિન્ન મતિની અસ્વસ્થ રે'છે યતિ,
રાગદ્વેષ હિતાહિતાદિ યુગલે ના પક્ષ શોભે રતિ
સંસારે કરતાં પ્રયાણ, સમતા દેશેજ ઉર્ધ્વા ગતિ.

---

## અંતકાળ સ્તુતિ.

### શિખરિણી.

કર્યો જેવો તેવો જગત અટવીમાં રખડતો,
પડ્યો ભૂલો તોયે અબુધ લઘુ મુંછો મરડતો,
ન જોયું કે જાણ્યું સુખદ વિભુનુ રૂપ નવલુ,
હવે આવ્યો તારે શરણ કરીને કૃત્ય નબળું. ૧

દયા તો દેખાડો ક્ષણિક મુજ શા લોક ઠગવા;
વૃથા કીર્તિ માટે કપટમય આડંબર નવા.
મહત્તાના મોહે છળ નિરપરાધી જન પ્રતિ
કરીને છેવાયો, હરિ હરિ હવે તું જ સુગતિ. ૨

મયા કાયા જાયા પર પ્રણય નિઃસ્વાર્થ ન મળે;
મુખે મૈત્રી કીધી પણ હૃદયમાં વેર પ્રજળે;
અહંતાથી હંતા સ્થિર મતિ તણો નિષ્ઠુર બની
વ્હવાયો છું વ્હાતાં, અશરણ તણો તું પ્રભુ ધણી. ૩

ક્રિયા કીધી છાની પ્રકટ કરતાં લાજ અડકે,
વિચારો ઉચ્ચારો કુટિલ સ્મરતાં જીવ ફડકે;
રડાવ્યા રંકોને જકડ છક કરી ભીતિ ન રજે
છકેલો છંડાયો, હરિ હરિ હવે બાંહ્ય ગ્રહજે. ૪

ગણ્યું શાંણુ સાચુ, ચલ સકલને નિશ્ચલ ગણ્યું
જતાં દીઠા લાખો પણ અમર આ જીવિત ગણ્યું;
તજી સેવા તારી વિકૃતિ નવરૂપા બહુ ભજી
ચઢયો માયાચક્રે પરમ પદ આશા તુજ હજી. ૫

સ્વધર્મે સન્નિષ્ઠા વિબુધ રતિ ઇષ્ટા નવ કરી
તજી વિદ્યા શિષ્ટા ધન તમસ વીષ્ટા કર ધરી,
ઘણા આંન્યા ધારી ભભક, પણ આંજ્યો નવ જતો
હવે તે અંજાયો સદય હરિ દેખાડ રસતો. ૬

મળ્યાં નેત્રો તોયે અમલ પ્રભુ જોયા નહિ ક્ષણ
ન લીધો જિહ્વાથી તુજ રટણ આસ્વાદ શમણ
છતાં કર્ણો ચોખ્ખા ક્ષણભર શ્રુણીના હરિકથા
હવે અંતે આવ્યો તુજ શરણ તે જાય ન વૃથા. ૭

પ્રભાતે ને સાંજે મધુર રવથી પક્ષિ સ્તવતાં
નિશીથે મધ્યાન્હે પશુ તરૂતલે ધ્યાન ધરતાં
રમે છે રાચે છે અભય ધરતાં આશ્રય કરી
ન શીખ્યો હું તોયે કર પકડ હાવે હરિ હરિ. ૮

ધરી શ્રદ્ધા તારી હરિણ શિશુ પારાવત ફરે
ડરે ના કે ડારે સુખમય બની શાંતિ પ્રસરે
ચિતા ચિંતા ધીકે ચતુર હૃદયે અષ્ટ પ્રહરે
ખરો હાર્યો ડાહ્યો કર કર કૃપા વર્ષણ હરે ! ૯

ઘણી કીધી યુક્તિ વિષમય છતાં સૂક્તિ ઉચ્ચરી
ભજી કેવી ભૂક્તિ રજત ગયુને શૂક્તિ ન વર્યો
અસારે સ્વાતંત્ર્યે પરવશ ખરી મુક્તિ વિસર્યો
ન શક્તિ, આસક્તિ, હરિ, પણ વધે આશ્રય ધરો. ૧૦

મળ્યાં સારાં બુદ્ધિ વપુ વતન લક્ષ્મી સુત સતી
થવા ઇચ્છા પુરી અનુકુલ સઉ વૈભવ અતિ
છતાં લૂંટી લેવા અવર સુખ ઉન્મત્ત બનતો
હવે આવો વ્હારે મૂંષિત ગભરાયો રવડતો. ૧૧

રડાવી રંડાવી ગૃહ ગરીબનાં ખંડિત કરી
ફુલ્યો ફાલ્યો માની પર વિપદ આનન્દ–લહરી
વિના વાંકે દૂભ્યા અરિસમ સદાન્સુજ્ઞ જનને
દહે તે દુષ્કર્મો પરમ પ્રભુ! દે શાંતિ મનને. ૧૨

પરેચ્છા હંફાવી, ઉદય પરનો ના સહી શક્યો
કરી જૂઠી નિંદા સુજન–પતનપ્રાય, ચમક્યો;
કરાવ્યા કંકાસો ખટપટ કરી લાભ ન છતાં
પડ્યો જૂઠો ભૂઠો હરિ, અધમ કૃત્યો કર જતાં. ૧૩

રહે મારા જેવુ સકલ જનમાં તેજ પ્રભુનુ
અદેખે ના દીઠુ, મુજ રહિત દીઠુ જગ સુનું
ગણી મારે માટે ચર અચર સ્વચ્છંદ ફરતો
સર્યુ ચાલી સર્વે કર ગ્રહ, રહ્યો છું રખડતો. ૧૪

વિકલ્પો સંકલ્પો અબલ પણ કીધા અતિ ઘણા
બની મિથ્યા કર્તા પવન પર પાયા બહુ ચણ્યા
ગળ્યા જોતાં જોતાં વિકલ કરી છિન્નાભ્ર સમતે
અરણ્યે ઘોરે છુ વિફલ તરૂ શો રક્ષ શ્રીહરે. ૧૫

ભલે ભૂંડી તોયે અહિત કૃતિ ધારેલ કરવા
ન લજ્જા કે ભીતિ અધમ ગણુતો લોક-પરવા,
કર્યાં મેં કુંડાળાં જન ફસવવા જાળ પ્રસરી
પેઠ્યો છુ કુંડાળે તરફડુ હવે સાચવ હરિ. ૧૬

ચતાં ઉંધાં કીધાં પતિત થઈ ક્રોધાનળ વિષે
બળ્યો તોયે બાળ્યાં સ્વજન ઉર મિથ્યા ક્રૂર મિષે
ડર્યો જેણુ પાયાં પય અહિ અને વૃશ્ચિક બની
ડસે પશ્ચાત્તાપો ક્ષણુ ક્ષણુ, હવે તુ હરિ! ધણી. ૧૭

અસત્યે અન્યાયે અભિહત કુલાંગાર થઇને
વ્યથા મેં વિસ્તારી સુશિલ જનને છેહ દઇને
વિનાશે શ્રદ્ધાનુ મનસર વિકાસે, નવ ઘટે;
વિના તારા બીજો અવકૃતિ મહા ઘોર ન સહે. ૧૮

હિતા સૌમ્યા સૃષ્ટિ સુખમય સુધા-વૃષ્ટિ કરતી
છતાં દુષ્ટે જોઈ વિકૃતિ ખટ મિથ્યા ભ્રમથતી
હસ્યો રાચ્યો નાચ્યો નિજ રચિત જાળે ગરવથી
હવે હૈયે વાગે સ્વકૃતિ, હરિ, મુંકાવ ભવથી. ૧૯

અધઃપાતિ કર્મો તદપિ સુખનાં સાધન લહ્યાં
સુખાભાસે દીઠો નહિ, ત્રિવિધિ તાપે ઉર દહ્યાં
છતાં થાવા શાંતિ વિષય–વિષ પીધુ ક્ળ–બળે
ઉગારો વિશ્વેશા ચતુર દિશ દાવાનળ બળે. ૨૦

તજી શિક્ષા સાચી યમ નિયમ દીક્ષા પરહરી
તિતિક્ષાને છાંડી શમદમ સમીક્ષા નવકરી
ઉપેક્ષ્યા સંતોને શિર પ્રકૃતિ લીક્ષા તરવરી
હવે ભીક્ષા માગુ અધમ દીન રક્ષા કર હરિ ! ૨૧

પ્રમાદી ઉન્માદી ક્ષણિક વપુમાં મોહ ધરતો
અધર્મી કૃત્યોમાં અનવરત ઉધુકત બનતો
ધમાગો હું ધિંગો શુભ ગુણુ કમાગો લવ નહી
વૃથા કીધુ જીવ્યું મૂષિત પણ આશા તુજ રહી. ૨૨

ગયુ એળે આયુઃ મરણ તટ સાન્નિધ્ય વિચરે
હતા વ્હાલા તોયે રસ અહિ બની રોગ પ્રસરે
જવાની મસ્તાની મનહર છતાં જર્જર જરા
બની સંતાપે છે સતત હરિ! દૃષ્ટિ કર જરા. ૨૩

કરી પાળી પોષી મસૃણુ ફુટડી માંસલ અતિ
બની છાયા કાયા વલિપલિ ભરી શ્લેષ્મ ગળેતી
હવે વર્જે સર્વે જન નયનનું કેન્દ્ર બનતી
બળી થાશે વાની તદપિ કરશે ના સહ ગતિ. ૨૪

તજી પ્રજ્ઞા નાચ્યો ચપલ મન આજ્ઞા ઉર ધરી
પ્રતિજ્ઞા ના પાળી મદભર અવજ્ઞા તુજ કરી
બનીને અજ્ઞાની શુભ સુમતિ રાજ્ઞી પરહરી
થશે જ્યાં ત્યાં હાનિ સદય બન મા   પર હરિ. ૨૫

ભરી ભારે ફાળો મરણ અહિ કાળો નવ ગણી
રચી લાંબી જાળો પરિપતન ઝાળો ઝટ બની
ઉચાળો લેઇને ગમન યમધાની પ્રતિ થવે
બચાવો બાજંદો પણ સુમતિ મંદો હરિ! હવે. ૨૬

ખુલાસો શો દેવો અધમ અઘના ઓઘ ભરતાં
કરી પાછી પાની નહિ તમસ અંધે રઝળતાં
ન તેજસ્વી રેખા નજર પડતી પુણ્ય કૃતિની
ક્ષમા ના આપો તો હરિ! અવદશા છે કુમતિની. ૨૭

સ્વિકાર્યું રે'વાનુ રૂધિર ત્વચના પિંજર વિષે
કરી સેવા ભક્તિ તુજ સમીપ રે'વા દિન નિશે
મહા ઘોરે લોકે અવતરણ કીધુ ઉમળકે
કપાવા સત્સંગે દૃઢ હૃદય ગ્રન્થી સુકૃતિએ, ૨૮

થયો બેટો બાપા પતિ પતિતને ક્ષુદ્ર જનનો
સ્વધર્મે વર્તીને ત્રુટિત કરવા દોર મનનો
વશ્યો ગંદા સ્થાને પુનિત શિવ આ જીવ કરવા
ગયો ભૂલી સર્વે, હરિ સમય છે ફેર ગણવા ! ૨૯

જનેતાની કક્ષા થકી પર થતાં મોહ વળગ્યો
અહંતાએ બાંધ્યો પુનિત હૃદયે કામ સળગ્યો
ગયો હું અંજાઇ સકળ સવળુ જોયુ અવળુ
દયા લાવી તારો મલિન ભવપંકે હરિ ! ગળુ. ૩૦

છતાં પાસે દીઠી નહી વિશદ લીલા અવનવી
ન ન્યાળી ના માની સતત રમણીયા તુજ છવી
તિરસ્કારી ત્યાગી નિજ સુખદ ચૈતન્ય પદવી
ન આ જન્મારામાં ક્ષણ ભર કર્યો સ્વાર્પણ હવિ. ૩૧

---

## ભાષાન્તર.

ખોદી ખાંણ વિચારી દ્રવ્ય મળશે ગાળી ગિરિધાતુઓ,
સંતોષ્યા બહુ રાયને જતનથી, ભારે સમુદ્રો તર્યો;
ગાળી રાત સ્મશાનમાં દૃઢ મને મંત્રો જપીને બહુ,
કોડી તોય ફુટી મળી નવ મને; તૃષ્ણા ! હવે છોડ તું !

યાત્રા દેશ વિદેશ વાટ વસમી લેઈ કરી, ના ફળી,
છોડીને અભિમાન જાત કુલનુ સેવા નકામી કરી;
બીજે ઘેર જમ્યોજ કાગ સમ રાખી બ્હીક લાજ્યા વિનાં,
તૃષ્ણા, પાપ કરાવનાર ન હજી સંતોષ પામી જરા.

હઠી છે ભોગેચ્છા, પુરૂષ ઘટતુ માન ન હવે,
ગયા સ્વર્ગે મિત્રો સમ વયના પ્રાણ પ્રિય જે;
લઇ યષ્ટિ ઉઠું પડળ પણ આવ્યાં નયનમાં,
અહો ! ઘેલી કાયા તદપિ ભય રાખે મરણમાં !
અરે, કાંણો પંગુ કૃષ શ્રવણ ને પુચ્છ ન મળે,
ક્ષુધાનો મારેલો, જીરણ, ઘટ–કાંઠો નિજ ગળે,
બહુ છિદ્રો જીવો મલિન તનમાં, શ્વાન પણ તે
શુની ખોળે ! મારે મદન મરતાને પણ ખરે !

માની હું ગુરૂથી મળેલ શુભ જ્ઞાને, તું અને ભૂપતિ,
વિખ્યાતિ તુજ દ્રવ્યથી, યશ કહે મારો દિશામાં કવિ;
ઓ ગવષ્ટિ, ન આમ અંતર રહે જો, આપણામાં અતિ,
તારે જો પરભા ન હોય મુજ તો મારે જરીકે નથી.

પ્રભુ થાજો મારો હર, નદ વળી જાન્હવિ થજો,
દિશા વસ્ત્રો મારાં, ઘર બદલ ગુફા શુભ હજો;
સખા હોજો કાળ, વત મુજ હજો નીચ ન થવા,
બહુ શું છે કે'વું, વડ વિટપ હોજો મુજ પ્રિયા.
કૃતઘ્નિ છે સ્વામિ, મન નૃપતિનાં અશ્વજવ છે,
નથી આશા ન્હાની, સરસ પદવિમાં મન રહે;
હણે વૃદ્ધા અંગો, મરણ પણ આ જીવ પકડે,
સખા કે' ડાહ્યાનુ તપ વિણ ભલું શું ઇહ ખરે !

માતા મેદિની તાત વા જળ કુટુંબી ભાઇ આકાશ ને,
પ્યારા તેજ કરૂ પ્રણામ તમને જોડી હું બે હાથને;
મારો મોહ ગયો સમાગમ તમારાથી સુકૃત્યો થતાં,
તેથી નિર્મળ જ્ઞાનના ઝરણથી જાઉં હવે બ્રહ્મમાં.

તૃષાથી સુકાએ ગળુ તવ પીએ મિષ્ટ જળને,
ક્ષુધા લાગે ત્યારે કુર સરસ શાકો પણ જમે;
બળે કામાગ્નિથી તવ સુવધૂ ભેટે બહુ બળે,
ઉપાયો પીડાનાં "સુખ" અવળુ એ, લોક સમજે.

જેનાં વલ્કલ વસ્ત્ર ગેહ ગિરિની ગુફા શિલા સ્હેજને
જેનાં મિત્ર મૃગો ફળો તરૂ તણાં મીઠાં વળી જે જમે
વિઘા જે જનની પ્રિયા ઝરણનાં પાણી મુખે જે પીયે
સેવા કાજ નમાવતા ન શિર જે, તેને પ્રભુ માનીએ.
જેના બાગ વિષે વિચિત્ર જમવાં તે એક ભારે તપ,
જ્યાં લંગોટ સુવસ્ત્ર ને શુભ ઘરેણું એજ ભિક્ષાટણ;
જેમાં મંગળરૂપ છે મરણ કેરો કાળ, તોયે અરે
ડાહ્યા અન્ય પ્રદેશમાં કયમ રહે કાશી ત્યજી દેઇને !
" અબ્બી શેઠ સુતે; મિલે ન તુમકું, હે ખાંનગી બાતમેં,
" દેખેગા તર હોયગા તપત " આવા બોલ જે છે ગૃહે,
તેને ચિત્ત તજી દઇ જગત પોતાને ઘરે જા તું ઓ
ભારે જ્યાં પ્રતિહાર વેણુ ન વદે અત્યંત છે જ્યાં સુખો.

લંગોટી કકડા થએલ શતને તેવો વળી કામળો,
ભિક્ષા અન્ન જરૂર ને સુલભ સુવાને સ્મશાનોવનો;
શત્રુ મિત્ર વિષે જ ભાવ સમ જેને ધ્યાન એકાન્તમાં
તે યોગી હઠવી પ્રમાદ મદ નીરાંતે રહે હર્ષમાં.

આવર્દા શત વર્ષનો પુરૂષનો અર્ધો ગયો રાતમાં,
બાકીના અરધા તણું અરધતો બાલત્વ વૃદ્ધત્વમાં;
દુઃખો વ્યાધિ વિયોગનાં સહિત બીજામાં કરી ચાકરી,
જીવોને સુખ ક્યાં થકી ! જલતરંગો રૂપ છે જીંદગી !
સંકોચાય જ ગાત્ર સર્વ ગતિ થાએ મંદ દંતો પડ્યા,
મોંએ લાળ ગળે સુઝે નયનથી ના કાન બ્હેરા થયા;
માને કોઈ કહ્યું ન બાંધવ અને ભાર્યા ન સેવા કરે,
વૃદ્ધત્વે જનનો તનુજ પણ તે શત્રુ બને હાય રે !

**સમાપ્ત.**